CMYK CMYK

RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક–૧૧૦, અંકઃ ૧૨૯, વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ (૮), બુધવાર તા.૨૨–૦૧–૨૦૨૫, પાના– ૮, કિંમત રૂા.૧–૫૦ પૈસા

# ગુજરાતઃ સ્થાનિક પાલિકા-પંચાયતની ચૂંટણી જાહેર

## રાજયની જુનાગઢ મહાનગરપાલિકા અને ૬૬ નગરપાલિકાઓમાં ચૂંટણીની જાહેરાત



અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં લોકલ સ્વરાજ્યની ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે, અને ૩ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે. ૪ ફેબ્રુઆરી ૨૦૨૫, ઉમેદવારી પત્રક પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. હવે, ૧૬ ફેબ્રુરીએ મતદાન કરવામાં આવશે, અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫એ મતગણતરી થશે. આ ચુંટણીમાં ૨૭% BC અનામતનો

### ૧૬મી ફેબ્રુ.એ મતદાન, ૧૮મીએ પરિણામ

અમલ કરવામાં આવશે. આ ચૂંટણી ૧ મનપા, ૬૬ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતો માટે યોજાશે, જેમાં કુલ ૨૧૭૮ બેઠકો પર મતદાન થશે.અમદાવાદની બાવળા, સાણંદ,ધંધુકા પાલિકાની ચૂંટણીની તારીખો જાહેર થશે. ઉપરાંત ગાંધીનગરની માણસા, ખેડાની મહેમદાવાદ, ડાકોર, ચકલાસી, મહુધા, આણંદની આંકલાવ, બોરિયાવી, ઓડ,મહિસાગરની લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોર, સાબરકાંઠાની ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ,પાટણની હારીજ, ચાણસ્મા, રાધનપુર,મહેસાણાની ખેરાલુ, વડનગર,બનાસકાંઠાની ધાનેરા, વડોદરાની કરજણ,છોટાઉદેપુર, દાહોદની ઝાલોદ અને દેવગઢ બારિયા,પંચમહાલની કાલોલ, હાલોલ, નવસારીની બિલીમોરા, વલસાડ, પારડી, ધરમપુર, જામનગરની જામજોધપુર, ધ્રોલ, કાલાવડ, દ્વારકાની સલાયા, દ્વારકા, ભાણવડ પાલિકાની યોજાશે.

ઉપરાંત જૂનાગઢની બાંટવા, વિસાવદર, માણાવદર, વંથલી પાલિકાની ચૂંટણીની તારીખો આજે જાહેર કરાશે. જૂનાગઢની માંગરોળ, ચોરવાડ, ગીર સોમનાથના કોડીનાર, કચ્છની રાપર, ભચાઉ પાલિકાની ચૂંટણીની તારીખ આજે જાહેર થશે. અમરેલીની લાઠી, ચલાલા, જાફરાબાદ, રાજુલા પાલિકાની ચૂંટણી જાહેર થશે. ભાવનગરની સિહોર, ગારિયાધાર, તળાજા પાલિકાની ચૂંટણી યોજાશે. તદપરાંત રાજકોટની જસદણ, ભાયાવદર, જેતપુર, ઉપલેટા, ધોરાજી પાલિકાની પણ ચૂંટણી યોજાશે. મોરબીની હળવદ પાલિકાની પણ ચૂંટણી યોજાશે, પોરબંદરની કુતિયાણા, રાણાવાવ પાલિકા ઉપરાંત બોટાદ, મોરબીની વાંકાનેર પાલિકાની પેટાચૂંટણી યોજાશે, કુલ ૬૯ પાલિકા અને ૧ મહાનગર પાલિકની ચૂંટણીની ટાઈમ ટેબલ આજે જાહેર થયું છે.

### સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો કાર્યક્રમ

ગાંધીનગર,તા.૨૧:રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જૂનાગઢ મહાનગર પાલિકા, ત્રણ તાલુકા પંચાયત, ૬૬ નગરપાલિકા આ સિવાય ખેડા જિલ્લા પંચાયતની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચે અન્ય ખાલી પડેલી બેઠકો પર પણ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે.

રાજ્ય ચૂંટણી પંચે આપેલી માહિતી પ્રમાણે ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થશે. જ્યારે ૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે. મતદાનનો સમય સવારે ૭ કલાકથી સાંજે છ કલાક સુધીનો રહેશે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો કાર્યક્રમ
૨૭ જાન્યુઆરીએ જાહેરનામું પ્રસિદ્ધ થશે
૨ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરી શકાશે
૩ ફેબ્રુઆરીએ થશે ફોર્મની ચકાસણી
૪ ફેબ્રુઆરી સુધી ફોર્મ પરત ખેંચી શકાશે
૧૬ ફેબ્રુઆરીએ થશે મતદાન


## છત્તીસગઢમાં કમાન્ડર જયરામ સહિત ૨૦ નક્સલ ઠાર

છત્તીસગઢ,તા.૨૧

છત્તીસગઢના ગારિયાબંદ માં છેલ્લા ૩૬ કલાકથી નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ચાલી રહેલી અથડામણમાં કુલ ૨૦ નક્સલવાદીઓ માર્યા ગયા છે.

સુરક્ષા દળોએ મોટાપ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા છે. કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી છે.

અથડામણ બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં ગઈકાલે બે નક્સલવાદીઓના શબ મળ્યા હતા. જેમાં એક મહિલા સામેલ હતી. આજે સવારે વધુ ૧૨ નક્સલવાદીઓના શબ કબજે કરી લેવાયા છે. તેમની પાસેથી અનેક ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. સૂત્રો અનુસાર, ઓડિશા સ્ટેટના નક્સલવાદી ચીફ કે જેના માથે એક કરોડનું ઈનામ છે તે જયરામ ઉર્ફ ચલપતી પણ ઠાર થયો છે. સીસીએમ મનોજ અને ગુડ્ડુ પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે.આ અથડામણમાં એક સુરક્ષાકર્મી ઘાયલ થયો છે. જેને એરલિફ્ટ કરી રાયપુર લાવવામાં આવ્યો છે. આ જોઈન્ટ ઓપરેશન (ઓડિશા-છત્તીસગઢ સુરક્ષાદળ)માં સામેલ લગભગ ૧ હજાર જવાનો નક્સલવાદીનો ખાતમો બોલાવી રહ્યા છે. ઓડિશા-છત્તીસગઢના સુરક્ષા દળોની કુલ ૧૦ ટીમે નક્સલવાદીઓ વિરૂદ્ધ જોઈન્ટ ઓપરેશન હાથ ધર્યું છે. તપાસમાં વધુ નક્સલવાદીઓના શબ મળવાની સંભાવના છે. હાલ જપ્ત કરવામાં આવેલા મૃતદેહોની ઓળખ થઈ રહી છે. છત્તીસગઢના ડેપ્યુટી સીએમ અરૂણ સાઉએ ગારિયાબંદ એક્રાઉન્ટર વિશે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દેશને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી નક્સલ મુક્ત દેશ બનાવવા માગે છે. જેના ભાગરૂપે સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં ૨૦ નક્સલીઓને ઠાર મારવાની કવાયત પ્રશંસનીય છે.





## ટ્રમ્પે શપથ લેતા જ શેરબજારમાં કડાકો, ૧૨૩૫ અંક ગબડ્યો સેન્સેક્સ

નવી દિલ્હી,તા.૨૧

અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ બાદ મંગળવારે (૨૧ જાન્યુઆરી) ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, જે ૩૦ શેરો પર આધારિત છે, ઘટાડા સાથે ૭૫,૮૩૮.૩૬ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૩૨૦.૧૦ પોઈન્ટ અથવા ૧.૩૭ ટકા ઘટીને ૨૩,૦૨૪.૬૫ના સ્તરે બંધ થયો હતો. એપોલો હોસ્પિટલ્સ, બીપીસીએલ, ટાટા કન્ઝ્યુમર, જેએસડબ્લ્યુ સ્ટીલ અને શ્રીરામ ફાઈનાન્સ મંગળવારના વેપારમાં નિફ્ટીમાં ટોપ ગેઈનર હતા. જ્યારે ટ્રેન્ટ, અદાણી પોર્ટ્સ, એનટીપીસી, આઈસીઆઈસીઆઈ બેંક અને એસબીઆઈ ટોપ લુઝર હતા.





૧. BRICS દેશો પર ટેરિફ લાદવાની ધમકી બ્રિક્સ દેશો અંગે ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનથી બજારમાં ખળભળાટ મચી ગયો છે. બ્રિક્સ દેશોમાં ભારતની સાથે બ્રાઝિલ, ચીન, રશિયા અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ એવા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા માગે છે

જે આંતરરાષ્ટ્રીય વેપારમાં યુએસ ડૉલર પર તેમની નિર્ભરતા ઓછી કરી રહ્યા છે.

૨. નબળા ત્રિમાસિક પરિણામો ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં કંપનીઓના મિશ્ર ત્રિમાસિક પરિણામોએ બજારની ચિંતામાં વધુ વધારો કર્યો છે. ડિક્સન ટેક્નોલોજીસના શેરમાં આજે ૧૪ ટકાથી વધુનો ઘટાડો થયો છે. ઝોમેટોના શેરમાં પણ મોટો ઘટાડો નોંધાયો છે.

૩. જાપાનમાં વ્યાજ દરો વધવાની અપેક્ષા છે બેંક ઓફ જાપાન (BOJ) દ્વારા વ્યાજદરમાં વધારો કરવાની શક્યતાને કારણે મંગળવારે વૈશ્વિક બજારોમાં બેચેની જોવા મળી હતી. જો આ વધારો થશે તો તે ગયા વર્ષના જુલાઈ પછીનો પ્રથમ વધારો હશે.

૪. FII દ્વારા સતત વેચાણ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ ભારતીય બજારમાંથી નાણાં ઉપાડવા જરૂરી બનાવી દીધા છે. ૨૦ જાન્યુઆરીએ, તેણે નેટ પર લગભગ રૂ. ૪,૩૩૬.૫૪ કરોડના શેર વેચ્યા. જાન્યુઆરી મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારોએ લગભગ રૂ. ૫૦,૯૧૨.૬૦ કરોડનું વેચાણ કર્યું છે.

૫. બજેટ અંગે અનિશ્ચિતતા આગામી બજેટ ૨૦૨૫ના કારણે અનિશ્ચિતતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને રોકાણકારો બજેટની ઘોષણાઓ પહેલા 'જોવો અને રાહ જુઓ'ના મૂડમાં જોવા મળી રહ્યા છે.

## છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિધાર્થિઓ પણ જીપીએસસી પરીક્ષા માટે અરજી કરી શકશે

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન હસમુખ પટેલે આજે ઉમેદવારો માટે મહત્વની જાહેરાતો કરી છે. GPSC ની ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. હવે કોલેજ કે સમકક્ષ સંસ્થાના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોને તક મળશે. બોર્ડની મિટિંગમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી) દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારો તેમજ પરીક્ષકોને સરળતા રહે તે માટે મહત્ત્વના ત્રણ નિર્ણય લીધા આ નિર્ણયો વિશે ખુદ આયોગના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરી માહિતી આપી છે. પ્રથમ નિર્ણય એ છે કે અનુભવ જરી ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિધાર્થિનીઓ અરજી કરી શકશે. છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ પણ અરજી કરી શકે તેવી ગઈકાલની રજૂઆતને પગલે અનુભવ સિવાયની તમામ ભરતીમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારો અરજી કરી શકે તથા કેટેગરીનું પ્રમાણપત્ર ન હોય તેવા લોકો પણ કેટેગરી માં અરજી કરી શકે તેવો નિર્ણય આજે આયોગ લીધેલ GPSC ના ચેરમેન હસમુખ પટેલે મીડિયા સંબોધનમાં મહત્વની જાહેરાત કરતા કહ્યું કે, અનુભવની જરૂર ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોને તક મળશે. લેક્ચરર ફિઝીયોથેરાપીની ચાલુ ભરતીમાં રજૂઆત બાદ નિર્ણય લેવાયો છે. છેલ્લા વર્ષની વિદ્યાર્થીનીઓએ રજૂઆત કરી હતી કે તેમને તક આપવામાં આવે. ફિઝીયોથેરાપીની અંતિમ વર્ષની વિદ્યાર્થીનીઓને પણ તક આપવાનો નિર્ણય લેવાયો છે. આયોગની ભરતીમાં અનુભવની જરૂર ન હોય તો કોલેજમાં અંતિમ પરિક્ષામાં અભ્યાસ કરતા ઉમેદવારોને પરીક્ષા આપવાની તક મળશે. આ સાથે જ તજજ્ઞોની ફી બમણી કરવાનો નિર્ણય પણ લેવાયો છે. GPSC માં પેપર સેટ કરતા તજજ્ઞોની ફી બમણી કરવામાં આવશે. પરીક્ષાની દ્રષ્ટીએ ઉમેદવારોના ફાયદાની સાથે પરીક્ષકના મહેનતાણામાં વધારો કરવાની જાહેરાત કરી છે. જેમાં તેમણે આયોગમાં પરીક્ષા આપવા આવનારા ઉમેદવારો ભૂખ્યા ન રહે તે બાબતનું ધ્યાન રાખીને મહત્વની જાહેરાત કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આસિસ્ટન્ટ મેનેજર અનિલ અને નાગરિક પુરવઠાની ભરતી પરીક્ષામાં આન્સર કીમાં ભૂલો જણાઈ છે. આસિસ્ટન્ટ મેનેજરની ભરતી સંદર્ભે ઓબ્જેક્શન સિસ્ટમ હાલ હોલ્ડ પર મૂકાઈ છે. આસિસ્ટન્ટ મેનેજરની ભરતીની પરીક્ષામાં ઓબ્જેક્શન સિસ્ટમ હાલ લાગુ કરવામાં નહીં આવે. તજજ્ઞો પર આધાર રાખવાના કારણે આ ભૂલ થઈ છે. તજજ્ઞનો ઉપયોગ કરવાની નથી તેવો નિર્ણય કર્યો છે. નવી આન્સર કી મુકવાનો નિર્ણય કર્યો છે, અને આ માટે તજજ્ઞને સમય આપ્યો છે. ખરાઈ કરીને ઝડપથી નવી આન્સર કી મુકવામાં આવશે. ઓબ્જેક્શન માટે ફી બાબતે નો નિર્ણય યથાવત રહેશે. ઓબ્જેક્શન માટે ફી લેવામાં આવશે તેના પર અમે નિર્ણય યથાવત રાખ્યો છે. લાયકાતવાળા વિદ્યાર્થીઓને નુકશાન ન જાય તે માટે નિર્ણય કર્યો છે.

## યુપીમાં એક્રાઉન્ટરઃપોલીસે શામલીમાં એક લાખના ઈનામી અરશદ સહિત ૪ બદમાશોને ઠાર કર્યા

લખનૌ,તા.૨૧

ઉત્તર પ્રદેશના શામલી જિલ્લામાં મોડી રાત્રે મોટું એક્રાઉન્ટર થયું હતું. સોમવારે રાત્રે ૨:૩૦ વાગ્યાની આસપાસ યુપી એસટીએફની મેરઠ ટીમે શામલીના ઝીંઝાના વિસ્તારમાં મુસ્તફા કગ્ગા ગેંગના બદમાશોની ઘેરાબંધી કરી લીધી હતી.

આ દરમિયાન સામ-સામે ફાયરિંગમાં એક લાખના ઈનામી અશરદ સહિત ૪ બદમાશોને એક્રાઉન્ટરમાં ઠાર કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ STFના ઈન્સ્પેક્ટર સુનીલ કુમારને ઘણી ગોળીઓ વાગી છે. સુનીલ કુમારને હાલમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બદમાશો પાસેથી મોટી માત્રામાં હથિયારો રિકવર કરવામાં આવ્યા છે.








એસટીએફ મેરઠ ટીમે શામલીના ઝિંઝાના ક્ષેત્રમાં મુસ્તફા કગ્ગા ગેંગના સભ્ય અરશદ અને તેના ત્રણ સાથીઓ, મનજીત, સતીશ અને એક અન્યને શામલીના ઝીંઝાના વિસ્તારમાં ઘેરી લીધા હતા. બધા બદમાશો કારમાં સવાર હતા. આ દરમિયાન અરશદ અને તેના સાથીઓએ ફાયરિંગ શરૂ કરી દીધુ હતું. એસટીએફની ટીમે પણ જવાબી કાર્યવાહી કરતા ફાયરિંગ કર્યું હતું. એએસપી બ્રિજેશ કુમારે જણાવ્યું કે, 'ગોળીબારમાં ચાર બદમાશોને ગોળી વાગી હતી, જ્યારે એસટીએફ ઈન્સ્પેક્ટર સુનીલ કુમાર પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તે બધાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ ચારેય બદમાશોને મૃત જાહેર કર્યા છે.'

મૃતક બદમાશોની ઓળખ એક લાખના ઈનામી અરશદ અને તેના ત્રણ સાથીઓ મનજીત, સતીશ અને એક અજાણ્યો વ્યક્તિ તરીકે થઈ છે. અરશદ વિરુદ્ધ લૂંટ અને હત્યાના એક ડઝન કેસ નોંધાયેલા છે. ઈન્સ્પેક્ટર સુનીલને પહેલા કરનાલની અમૃતધારા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાંથી ડોક્ટરોએ તેમને ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં રીફર કર્યા છે. મોટી એક્રાઉન્ટરની માહિતી મળ્યા બાદ વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બદમાશો પાસેથી દેશી બનાવટની કાર્બાઈન સહિત મોટી માત્રામાં હથિયારો મળી આવ્યા છે. યુપી પોલીસે સાત વર્ષમાં ૨૧૭ બદમાશોને ઠાર માર્યા છે. યુપી પોલીસના વાર્ષિક રિપોર્ટમાં વર્ષ ૨૦૧૭થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીના ઘણા આંકડા રજૂ કરવામાં આવ્યા હતા.

### ભ્રામક જાહેરખબરો કર્યાનો આરોપ

## બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ ધરપકડ વૉરંટ



કેરળ,તા.૨૧

કેરળની એક કોર્ટે ભ્રામક જાહેરાતના કેસમાં યોગ ગુરુ બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. મળતી માહિતી પ્રમાણે ન્યાયિક પ્રથમ વર્ગ મેજિસ્ટ્રેટએ બાબા રામદેવ, બાલકૃષ્ણ અને દિવ્યા ફાર્મસી વિરુદ્ધ વોરંટ જારી કર્યું. પલક્કડના ડ્રગ ઈન્સ્પેક્ટરે આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદના આધારે ડ્રગ્સ અને ચમત્કારિક ઉપચાર એટલે કે વાંધાજનક જાહેરાતો અધિનિયમ, ૧૯૫૪ ની કલમ ૩(D) અને કલમ ૭(A) હેઠળ કેસ દાખલ કર્યો હતો. ૧૬ જાન્યુઆરીના રોજ મેજિસ્ટ્રેટ કોર્ટે આપેલા આદેશમાં કહ્યું હતું કે, 'ફરિયાદી ગેરહાજર છે. અને તમામ આરોપીઓ ગેરહાજર છે.

બધા આરોપીઓ માટે જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા છે.' પલક્કડ જિલ્લા કોર્ટની વેબસાઈટ પરના કેસ સ્ટેટસ પ્રમાણે હવે આગામી તારીખ ૧ ફેબ્રુઆરીના રોજ સુનાવણી કરવામાં આવશે. બાબા રામદેવ સામે તેમના વિવિધ ઉત્પાદનોને લઈને કરાતી જાહેરાતો મુદ્દે પહેલી વાર કાર્યવાહી નથી થઈ. આ પહેલા પણ કોરોના મટાડવાનો દાવો કર્યા પછી ડોક્ટરોના સંગઠને તેમનો વિરોધ કર્યો હતો. આ સિવાય તેઓએ એઈડ્સ અને સમલૈંગિકતા મટાડવાના દાવાના કારણે પણ તેમની સામે કાર્યવાહી થઈ ચૂકી છે. હકીકતમાં IMA એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં કહ્યુંહતુ કે, તેઓ કોવિડ વેક્સિન અને એલોપેથી વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા હતો અને આયુર્વેદિક દવાઓ વિશે ખોટા દાવા કરી રહ્યો હતા. પતંજલિ પર કાયદાનો તોડવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો. પ્રિન્ટ મીડિયામાં પ્રકાશિત પતંજલિની જાહેરાતોનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો.

## દેશમાં આધાર ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેકશન ૧૦૦ કરોડને પાર

નવીદિલ્હી,તા.૨૧

UIDAIના ચેરમેન, નીલકંઠ મિશ્રાએ જણાવ્યું હતું કે, UIDAI-આધાર દ્વારા વિકસાવવામાં આવેલ એઆઈ/એમએલ આધારિત ફેસ ઓથેન્ટિકેશન સોલ્યુશન, જે વર્ષ ૨૦૨૧ના ઓક્ટોબરમાં પ્રથમવાર શરૂ કરવામાં આવ્યું હતું, તે હાલ ૧૦૦ કરોડ ટ્રાન્ઝેક્શનો પાર કરી ચુક્યું છે. ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન અકડા પર નજર કરીએ તો છેલ્લા પાંચ મહિનામાં ૫૦ કરોડથી વધીને ૧૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ સિદ્ધિ આધારની ભૂમિકા અને મહત્વને પુનઃપ્રતિષ્ઠિત કરે છે.

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ.કૃષ્ણ અને UIDAI ના સીઈઓ ભુવનેશ કુમારે તેમના સંબોધનમાં આધારની સ્વીકૃતિ અને ઉપયોગને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, આધાર ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું મહત્વનો સ્તંભ છે. આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ૯૨ એન્ટિટીઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે.

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા-UIDAIના ઉપક્રમે ગુજરાત સહિત તમામ રાજ્યોના BFSI, ફિનટેક અને ટેલિકોમ ક્ષેત્રોના ઉદ્યોગકારો સાથે મુંબઈ ખાતે 'આધાર સંવાદ' યોજાયો હતો. જેમાં આધારનો ઉપયોગ કરીને સેવાનો વધુ સારો અને ઝડપી વિતરણ કેવી રીતે શક્ય બની શકે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને મહારાષ્ટ્ર સરકારના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં બેંકો, વીમા કંપનીઓ, એનપીસીઆઈ, બજાર મધ્યસ્થો, ટેલિકોમ સેવા પ્રદાતાઓ અને ફિનટેક સહિતના ૫૦૦ જેટલા ઉધોગકારો, નિષ્ણાતો અને ટેક્નોક્રેટ્સે ભાગ લીધો હતો. આ પહેલા આધાર સંવાદ નવેમ્બરમાં બેંગ્લોરમાં યોજાયો હતો.

CMYK CMYK

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

# જેલમાંથી ચૂંટણી, તાહિર હુસૈન પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય

દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈનને ચૂંટણી લડવા માટે જામીન આપવાની અરજી પર સુપ્રીમ કોર્ટે યોગ્ય કહ્યું કે આવા લોકોને ચૂંટણી લડવાથી પ્રતિબંધિત કરવા જોઈએ. કમનસીબે, જ્યાં સુધી હાલના કાયદામાં ફેરફાર ન થાય ત્યાં સુધી આ શક્ય નથી. આ પરિવર્તન લાવવા માટે સરકારે પહેલ કરવી પડશે અને તેને રાજકીય પક્ષોનો ટેકો મેળવવો પડશે.

જેલમાં બંધ લોકોને ચૂંટણી લડવાની મંજૂરી આપતા કાયદામાં ફેરફાર કરવા માટે બધા રાજકીય પક્ષો તૈયાર છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. આ પરવાનગી એ માન્યતાના આધારે આપવામાં આવે છે કે દરેક વ્યક્તિ દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. આ કારણે ઘણા લોકો જેલમાં રહ્યા પછી પણ ચૂંટણી લડે છે અને ચૂંટણી પ્રચાર માટે જામીન માંગે છે.

આમાં એવા લોકોનો પણ સમાવેશ થાય છે જેઓ ગંભીર ગુનાઓના આરોપસર જેલમાં બંધ છે. વિડંબના એ છે કે આવા ઘણા લોકો ચૂંટણી પણ જીતે છે કારણ કે તેઓ જાતિ, સંપ્રદાય, પ્રદેશના નામે અથવા પોતાની નિર્દોષતા વિશે રડીને લોકોની લાગણીઓનો લાભ ઉઠાવી શકે છે. શું થવું જોઈએ કે મતદારોએ પરિપક્વતાથી તેમના પ્રતિનિધિઓની પસંદગી કરવી જોઈએ, પરંતુ ઘણી વખત આવું થતું નથી.

આ વાતનો પુરાવો ત્યારે મળ્યો જ્યારે ગત લોકસભા ચૂંટણીમાં, રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ જેલમાં બંધ ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ પંજાબની ખદૂર સાહિબ બેઠક પરથી જીત્યા. તેવી જ રીતે, આતંકવાદી ભંડોળના આરોપમાં તિહાર જેલમાં બંધ એન્જિનિયર રાશિદે જમ્મુ અને કાશ્મીરની બારામુલા બેઠક પરથી ચૂંટણી જીતી હતી. આ પછી, તેમને વિધાનસભા ચૂંટણીમાં ચૂંટણી પ્રચાર માટે જામીન મળ્યા કારણ કે તેઓ તેમના પક્ષના વડા હતા.

જેલમાં બંધ લોકોને મતદાન કરવાની મંજૂરી નથી, પરંતુ તેઓ ચૂંટણી લડવા માટે સ્વતંત્ર છે, તેનાથી મોટી વિડંબના બીજી કોઈ નથી. ચૂંટણી લડવા માટે જામીન માંગી રહેલા તાહિર હુસૈન પર હિંસા ભડકાવવાના ખૂબ જ ગંભીર આરોપો છે, પરંતુ તેનાથી સાંસદ અસદુદ્દીન ઓવૈસીને કોઈ ફરક પડ્યો નહીં.

બધું જાણવા છતાં, તેમણે તેમને પોતાની પાર્ટી તરફથી દિલ્હી વિધાનસભા માટે ઉમેદવાર બનાવ્યા. આતંકવાદ, અલગતાવાદ, રમખાણો અને હત્યા જેવા ગંભીર ગુનાઓના આરોપીઓને જેલમાં ગયા પછી પણ ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવે તો ભારતીય લોકશાહીનું મૂલ્ય વધતું નથી તે સમજવું જોઈએ.

આ ફક્ત રાજકારણના ગુનાહિતકરણને મજબૂત બનાવે છે. ગંભીર આરોપોમાં જેલમાં બંધ લોકોને ચૂંટણી લડતા અટકાવવા યોગ્ય રહેશે. નિઃશંકપણે, કેદીઓને પણ કેટલાક અધિકારો હોય છે, પરંતુ ચૂંટણી લડવાને તેમના માટે મૂળભૂત અધિકાર બનાવવો બિલકુલ યોગ્ય નથી.

# મહીસાગરમાં એક મસ્જિદ પર લગાવેલા બધા લાઉડસ્પીકરો દૂર કરવામાં આવ્યા

મહીસાગર,તા.૨૧

મહીસાગરમાં પોલીસે નિયમોના ઉલ્લંઘન સામે કાર્યવાહી કરી છે. લુણાવાડામાં મસ્જિદમાં લાઉડસ્પીકર વગાડવા સામે પોલીસે આ કાર્યવાહી કરી કારણ કે તે ધ્વનિ પ્રદૂષણ ફેલાવી રહ્યું હતું અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું ઉલ્લંઘન કરી રહ્યું હતું.સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, મહીસાગર પોલીસે જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી કરી છે. ધ્વનિ પ્રદૂષણ કાયદા અનુસાર, સુપ્રીમ કોર્ટની જોગવાઈઓ અનુસાર, ચોક્કસ ડેસિબલથી વધુ અવાજમાં સંગીત વગાડનારાઓ સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવશે.

આવી સ્થિતિમાં, નજીકની હોસ્પિટલો, શાળાઓ અને રહેવાસીઓ તરફથી ફરિયાદો મળ્યા બાદ, લુણાવાડામાં નહેરુ નિશા મસ્જિદ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. લુણાવાડામાં આવેલી નહેરુ નિશા મસ્જિદમાં સાત લાઉડસ્પીકર લગાવનારા અને વધુ લાઉડસ્પીકર વગાડનારાઓ સામે પોલીસે આ કાર્યવાહી કરી છે. મહીસાગર પોલીસે પાંચેય સમયે જોરથી ઘંટ વગાડનારાઓ સામે કાર્યવાહી કર્યા બાદ, આ વિસ્તારમાં ભારે ચર્ચા ચાલી રહી છે.આ પહેલા મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં નિઝામુદ્દીન કોલોનીમાં એક તકિયા મસ્જિદને પણ બુલડોઝર દ્વારા તોડી પાડવામાં આવી હતી. મસ્જિદને જમીનદોસ્ત કરવા માટે ત્રણ બુલડોઝર કામે લગાડવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન ૨૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.

માહિતી અનુસાર, મહાકાલ મંદિરના વિસ્તરણ માટે અઢી હેક્ટર જમીન ખાલી કરવામાં આવી રહી હતી. આ જમીનમાં નિઝામુદ્દીન કોલોની પણ વસાવવામાં આવી હતી. અહીંના બધા ઘરો પણ તોડી પાડવામાં આવી રહ્યા હતા. આ જમીનનો ઉપયોગ મહાકાલ મંદિરમાં આવતા ભક્તોના હિતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. અહીં વાહન પાર્કિંગ બનાવવાનો પણ પ્રસ્તાવ છે. આ જમીનનો ઉપયોગ ૨૦૨૮ માં આવનારા સિંહસ્થને ધ્યાનમાં રાખીને પણ કરી શકાય છે.

# ખોડલધામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના ૮ વર્ષ પૂર્ણ

## મંદિરના કેમ્પસમાં રંગોળી બનસવવામાં આવી વહેલી સવારે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું

કીશનસિંહ મોરબીયા

વીરપુર તા.૨૧:



શ્રી ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાના આજે આઠ વર્ષ પૂર્ણ થતા મંદિરમાં માતાજીને ફૂલનો શણગાર કરવામાં આવ્યો છે વહેલી સવારથીજ ભક્તો દર્શન કરવા ઉમટી પડ્યા હતા મંદિરના કેમ્પસમાં રંગોળી બનવવામાં આવી છે ખોડલધામ મંદિરે આજે વહેલી સવારે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

૨૧ જાન્યુઆરીનો દિવસ સમગ્ર લેઉવા પટેલ સમાજ માટે ગૌરવશાળી અને ઐતિહાસિક દિવસ રહ્યો છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડે તમામ કીર્તિમાન આ દિવસે જ પ્રસ્થાપિત કર્યા છે ૨૧ જાન્યુઆરી ૨૦૧૭ના દિવસે વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરમાં માઁ ખોડલ સાથે ૨૧ દેવી - દેવતાઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી જેમના આજે આઠ વર્ષ પૂર્ણ થયા છે ખોડલધામ મંદિરે આજે વહેલી સવારે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું એક વર્ષમાં ખોડલધામમમાં ૧૧૦૭ ધજા ફરકાવવામાં આવી.મા ખોડલનો જ્યાં સાક્ષાત વાસ છે એવું રાજકોટ જિલ્લાના કાગવડ ગામ પાસે આવેલું ખોડલધામ મંદિર દેશ - વિદેશમાં જાણીતું બની ગયું છે. ટૂંકાગાળામાં જ ખોડલધામની ભક્તિની સુવાસ ચારેકોર ફેલાઈ ચૂકી છે. ધર્મ સ્થાનની સાથે સાથે ખોડલધામ સૌરાષ્ટ્રનું પ્રવાસન ધામ પણ બની ગયું છે પટેલ સમાજના આસ્થાના કેન્દ્ર એવા શ્રી ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાના આજે આઠ વર્ષ પૂર્ણ થતા મંદિરમાં માતાજીને શણગાર કરવામાં આવ્યો હતો ત્યાર બાદ આરતી દર્શન અને વહેલી સવારે ખોડલધામ ટ્રસ્ટની ધ્વજા મંદિરના સ્ટાફગણ દ્વારા ધ્વજારોહણ કર્યું અને મંદિર પરિસરમાં દેવોના દેવ મહાદેવની ભવ્ય રંગોળી કરવામાં આવી છે વહેલી સવારે ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી. ખોડલધામ મંદિરના કેમ્પસમાં સુ-સ્વાગતમનું સ્ટેચ્યુ, મંદિર પાસેના મુખ્ય સર્કમાં શંખ, યજ્ઞ શાળા પાસે ઋષિ મુનિ હવન કરતા હોઈ તેવી મૂર્તિ, મંદિર પાસેના બગીચામાં ભોજલરામ બાપાની મૂર્તિ મુકવામાં આવી છે.

# રાજકોટ દસ્તાવેજ કૌભાંડના વકીલના આગોતરા જામીન રદ

## સબરજીસ્ટ્રાર કચેરીમાં ઝોન-૧માં રેકર્ડને નાશ કરી તેની જગ્યાએ કોમ્પ્યુટરમાં ખોટા બનાવેલાં દસ્તાવેજોની સ્કેનીંગ કોપી કોમ્પ્યુટરમાં ચડાવેલી ૧૭ બનાવટી ખોટા દસ્તાવેજો બનાવ્યા તાં

રાજકોટ તા.૨૧:

તાજેતરમાં ચર્ચાસ્પદ બનેલા સબરજીસ્ટ્રાર કચેરીના બનાવટી દસ્તાવેજ કૌભાંડમાં પોલીસ ધરપકડની દેહશતથી કરેલી પેલેસ રોડ,પ્રહલાદ પ્લોટ, ''ઓમ'',માં રહેતા વકીલ કિશન ચાવડા ની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટએ ફગાવી દીધી છે. જે કામમાં સરકાર તરફે મહેશકુમાર જોષી ઉપસ્થિત રહયા હતા.

બનાવની ટુંક હકીકત એવી છે કે, રાજકોટ શહેરની જુની કલેકટર કચેરીમાં આવેલ સબરજીસ્ટ્રાર કચેરીમાં ઝોન-૧ (શહેર) તાજેતરમાં કુલ-૧૭ બનાવટી ખોટા દસ્તાવેજો બન્યાનો અને તેને કોમ્પ્યુટરમાં ચડાવી દીધાનો ગુનો પ્ર.નગર પો.સ્ટે. ખાતે મામલતદાર દવારા નોંધાવવામાં આવેલો. જે કામમાં આરોપી જયદીપ શાંતિલાલ ઝાલા, મનીષ ઉર્ફે મનુભા હેરમા, હર્ષ ભરતભાઈ સોહેલીયા સામે ગુણી નોંધાવવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીઓએ ભેગા મળી કાવતરુ રચી આર્થિક લાભ લેવા સરકારી કચેરીમાં પ્રવેશ કરી ઓફીસમાં રહેલા દસ્તાવેજમાં રહેલા કાયમી રેકર્ડને નુકશાન પહોંચાડી, નાશ કરી તેની જગ્યાએ કોમ્પ્યુટરમાં કોઈપણ રીતે ખોટા બનાવેલાં દસ્તાવેજોની સ્કેનીંગ કોપી કોમ્પ્યુટરમાં ચડાવેલી અને એ રીતે કુલ-૧૭ દસ્તાવેજો ઉભા કરવામાં આવેલા જે કામમાં કિશન ચાવડાનો પણ રોલ હોવાનું બહાર આવતા પોલીસે તેની સામે ગુનો નોંધ્યો હતો. બાદ પોલીસ ધરપકડની દેહશતથી કિશન ચાવડાની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટમાં કરી હતી.જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષના વકીલો દવારા લંબાણપૂર્વકની રજૂઆત બાદ સરકાર પક્ષે એ.પી.પી. મહેશભાઈ જોશીએ વધુમાં જણાવેલ કે, આરોપી સામે હાલમાં મજબુત પ્રથમ દર્શનીય કેસ છે. ગુનો જે રીતે બનેલો છે તે જોતા ગુનાની ગંભીરતા ઘણી બધી વધી જાય છે. તેમજ હાલમાં ગુનાની તપાસ હજુ ચાલુ છે. કાયદાના જાણકાર ગુનામાં સંડોવાયેલા હોય ત્યારે તેમને છોડવામાં આવશે તો સમાજ ઉપર તેની ગંભીર અસર પડશે અને ગુનાઓનું પ્રમાણ વધશે તેમજ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ટાકેલા ચુકાદાઓને ધ્યાને લઈ એડી. સેશન્સ જજ એમ.એચ.પઠાણએ વકીલ કિશન ચાવડાની જામીન અરજી રદ કરી છે. જે કામમાં એ.પી.પી. તરીકે મહેશકુમાર જોષી રોકાયેલ હતા.

# ફાઈવ સ્ટાર રેન્કિંગ સાથે ગાર્ડી ફાર્મસી કોલેજ રાજ્યમાં નવમાં સ્થાને

રાજકોટ, તા.૨૧

ડો.આર.ડી.ગાર્ડી ફાર્મસી કોલેજ ન્યારા રાજકોટએ જીએસઆઈઆરએફ-૨૦૨૪ ના મૂલ્યાંકનમાં ફાઈવ સ્ટાર રેન્કિંગ અને ૪.૦૨ સીજીપીએ સાથે સમગ્ર ગુજરાતમાં ફાર્મસી કોલેજોમાં નવમું સ્થાન પ્રાપ્ત કરેલ છે. સમગ્ર ગુજરાતમાંથી જ્યારે માત્ર ૧૦ કોલેજો અને સૌરાષ્ટ્ર-કચ્છમાંથી માત્ર બે જ કોલેજ આ માપદંડ પૂરા કરીને સ્થાન મેળવતી હોય ત્યારે રાજકોટની ડો.આર.ડી.ગાર્ડી ફાર્મસી કોલેજએ આ સ્થાન મેળવ્યું હોય ત્યારે આ ગૌરવશાળી ઘટના માટે કોલેજના ટ્રસ્ટી ડો.દિનેશ ચોવટીયાએ પ્રિન્સિપાલ ડો.શીતલ ફળદુ અને તમામ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. તેમ એક યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટ પંજો લડાવવાની રમત મનોરંજનની હોય વ્યવસાયિક ગણી શકાય નહીં

## ફ્રેક્ચરનો સારવાર ખર્ચનો ક્લેઈમ ૯ ટકા વ્યાજ સાથે ચૂકવી દેવા વીમા કંપનીને ગ્રાહક કોર્ટનો હુકમ

રાજકોટ તા.૨૧:

પંજા લડાવવાની રમત દરમિયાન હાથમાં થયેલા ફ્રેક્ચરની સારવાર ખર્ચનો નકારવામાં આવેલો મેડીક્લેમ ૯ ટકા વ્યાજ સહિત ચૂકવી દેવા ગ્રાહક ફોરમે આદિત્ય બિરલા હેલ્થ ઇન્સ્યોરન્સ કંપનીને હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટના ઋષભકુમાર વ્રજલાલ અજુડીયાએ આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ પાસેથી લીધેલી મેડીકલેઈમ પોલિસીના સમયગાળા દરમિયાન તે ફેમિલી સાથે બાલી ફરવા ગયેલ, ત્યાં તેઓ મનોરંજનના આશયથી પંજા લડાવવાની રમત રમતા હતા, ત્યારે તેઓને જમણા હાથના એલ્બોમાં ફ્રેકચર થયેલ, જેથી તેઓએ પ્રથમ બાલી તેમજ ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં સારવાર લીધેલ, તેમાં થયેલ ઓપરેશન ખર્ચ રૂા. ૧,૧૩,૯૨૦નો કલેઈમ વીમા કંપની સમક્ષ રજુ કરેલ. વીમા કંપનીએ પંજા લડાવવાની પ્રવૃતિ જોખમી પ્રવૃતિમાં રોકાયેલ હોય પોલિસીના એકસકલુઝન કલોઝમાં સમાવેશ થતો હોય તે કારણસર ફરિયાદીનો કલેઈમ નામંજુર કર્યો હતો. જેની સામે વીમેદાર ઋષભકુમાર અજુડીયાએ રાજકોટના ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ફરિયાદ કરી હતી, તેમાં દર્શાવેલ કે આ પંજો લડાવવાની રમત કોઈ વ્યવસાયીક રમત ન હતી. ફકત ગ્રુપ સર્કલમાં મનોરંજન મેળવવા માટે કરેલ હતી. આ રમતને વ્યવસાયમાં ગણી શકાય નહીં, તેમજ વીમા કંપની ટર્મ - કંન્ડીશન સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ગ્રાહક તકરાર નિવારણ કમિશને એવું અવલોકન કરેલ કે વીમાકંપનીએ જાણી જોઈને કે હોશીયારીથી પોતાની જવાબદારીમાંથી છટકવા માટે ફરિયાદીને થયેલ નુકશાનને પોલિસીના એકસકલુઝન કલોઝ હેઠળ લાવવા પ્રયત્ન કરેલ હોય તેને સેવા ખામી તરીકે ગણી શકાય, જેથી ફરીયાદીને ઉપરોકત કલેઈમની રકમ ૯%ના વ્યાજ સહિત ચુકવી આપવા વીમા કંપનીને હુકમ કર્યો છે. આ કામમાં ફરીયાદી વતી એડવોકેટ હસમુખ જી. જોષી તથા પરેશ કે. ભટ્ટ રોકાયા હતા.

# લોધીકા વાજડી (વડ) ગામે ગાંજાના છોડ સાથે ઝડપાયેલા ધર્મનાથજી ઉર્ફ જીગ્નેશ ધામેલીયા જામીન મુકત

## એસઓજીએ આશ્રમમાં દરોડો પાડી ૬૪ હજારના કિંમતના ૬ અને ૪૯૦ ગ્રામ લીલો ગાંજો કબજે કર્યો તો

રાજકોટ તા.૨૧:

લોધીકા તાલુકાના વાજડી (વડ) ગામ સીમમાં આવેલા શ્રીનાથજી મઢી આશ્રમમાં રૂપિયા ૬૪ હજાર ના કિંમતના ૬ અને ૪૯૦ ગ્રામ લીલા ગાંજાના છોડ સાથે ઝડપાયેલા મહંત યોગી શ્રી ધર્મનાથજી ઉર્ફ જીગ્નેશ ધામેલીયા ને હાઈકોર્ટ જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કાલાવડ રોડ નજીક આવેલા મેટોડા પાસે વાજડી (વડ) ગામની સીમમાં આવેલા શ્રીનાથજી મઢી આશ્રમ ગાંજાનું વાવેતર હોવાનું એસસોજીને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી આશ્રમમાં રૂપિયા ૬૪૦૦૦ ની કિંમત તેના ૬ અને ૪૯૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે મહંત યોગી શ્રી ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયા ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. હાલ જેલહવાલે રહેલા યોગી શ્રી ધર્મનાથજી ઉર્ફે જીગ્નેશ ધામેલીયા ની સેશન્સ કોર્ટે રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી હતી. જે હુકમથી નારાજ થઇ હાઇકોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી.જે હરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં તપાસ પુર્ણ થતા પહેલા ફરીયાદ મુજબ છોડનુ વાવેતર કરેલ નહી હોવાનુ અને મહંતના કબજામાંથી નાર્કોટીકસ પદાર્થ કબજે લેવાયેલ ન હોય તેવી હકીકત સ્પષ્ટ હોય તેવા સંજોગો મુજબ અને સુપ્રિમ કોર્ટ અને અલગ અલગ હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકી ધારદાર રજુઆતો કરતા ગુજરાત હાઈકોર્ટ ધ્વારા મહંતને જામીન મુક્ત કરવા આદેશ ફરમાવેલો છે. શ્રીનાથજી મઢીના મહંત યોગી ધરમનાથ ગુરૂ દેવીનાથજી વતી મેહુલ પાડલીયા , ગોંડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોડલીયા, હિરેન ડી. લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદિપસિંહ વાઘેલા, કરણ ડી. કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, રોકાયેલ હતા.

# ભાજપે ભારત રત્ન બાબાસાહેબ ડો.ભીમરાવ આંબેડકરની વિરાસતનું કર્યું સન્માન

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરના દરેક વોર્ડમાં બંધારણ ગૌરવ અભિયાન અંતર્ગત કાર્યશાળા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગર સંવિધાન ગૌરવ અભિયાનના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, સહસંયોજક શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચાના પ્રમુખ રતાભાઈ પરમાર અને મહામંત્રી અજય વાઘેલા, સંજય બગડાની આગેવાનીમાં શહેરના દરેક વોર્ડમાં યોજવામાં આવી હતી. આ તકે ડો.ભીમરાવ બાબાસાહેબને કોંગ્રેસ પાર્ટી દ્વારા થયેલ અન્યાય અને ભાજપ પાર્ટી દ્વારા થયેલ સન્માનની ચર્ચા કરવામાં આવી હતી.

આ તકે આવેલ વકતાઓએ જણાવ્યું હતુ કે ડો.ભીમરાવ આંબેડકરજી ભારતના પ્રથમ પીએચડી ધરાવતા અર્થશાસ્ત્રી હોવા છતા પણ કોંગ્રેસે આર્થિક નીતિઓમાં એમના યોગદાનની અવગણના કરેલ હતી. દલિત સમુદાયના મુદ્દાઓને અવગણીને કોંગ્રેસ મુસ્લિમોને ખુશ કરવા પર ધ્યાન કેન્દ્રીત કરેલ, અમણે કાશ્મીર મુદ્દે નેહરૂની નીતિનો સખ્ત વિરોધ કરેલ હતો. ડો.ભીમરાવ આંબેડકરજીએ નેહરૂની વિદેશ નીતિની સખ્ત ટીકા કરતા એવી ચેતવણી આપી હતી કે નહેરૂની આ નીતિ ભારતને અલગ અલગ કરી દેશે. નહેરૂએ હિંદુ કોડ બિલ પસાર કરવા માટે કોઈ પ્રતિબધ્ધતા દર્શાવી ન હતી કે જે ડો.આંબેડકર દ્વારા સમર્થિત એક મહત્વપૂર્ણ સુધારો હતો. જેને કોંગ્રેસની સરકારે તેઓને સતત અવગણ્યાં હતા. જ્યારે ભાજપ સરકારે બાબાસાહેબ આંબેડકરજીના જીવન સાથે સંકળાયેલ મુખ્ય સ્થળોને પંચ તીર્થ તરીકેની ઓળખ આપી અને તેઓને એકવાર ફરી ભારતની પ્રજા સમક્ષ મુકી તેમને સન્માન આપવામાં આવી રહેલ છે. રાજકોટ મહાનગરના દરેક વોર્ડમાં થયેલ કાર્યશાળાને સફળ બનાવવા આ કાર્યક્રમના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ અને કાર્યાલય ખાતેથી શહેર કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા અને સહકાર્યાલયમંત્રી શૈલેષ દવે જહેમત ઉઠાવી હતી.

# આવાસમાં ૯ કવાટર સીલ કરતુ મનપા

રાજકોટ, તા.૨૧

રાજકોટ મનપા દ્વારા વિવિધ યોજના અંતર્ગત અલગ અલગ સ્થળો પર આવાસો બનાવવામાં આવેલ છે. જે પૈકી શ્રીરામ ટાઉનશીપ-સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે અને શ્રી જીજાબાઈ ટાઉનશીપ, પરશુરામ મંદિર પાસે આવેલ આવાસ યોજનામાં અત્રેથી ફિલ્ડ ટીમ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે મૂળ લાભાર્થીઓના સ્થાને ભાડુઆત રહેતા હોવાનુ માલુમ પડેલ હોય તેવા આવાસો રાજકોટ મનપા આવાસ યોજના વિભાગ દ્વારા સીલ કરવામાં આવેલ છે.

# ચૂંટણીનો કાર્યક્રમ...(પહેલા પાનાનું ચાલુ)

(પહેલા પાનાનું ચાલુ)

૧૭ ફેબ્રુઆરીએ જરૂર પડે તો ફેર મતદાન
૧૮ ફેબ્રુઆરીએ મત ગણતરી
૨૧ ફેબ્રુઆરીએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે
૨૧૭૮ કુલ બેઠકો
૪૩૯૦ મતદાન મથકો
૧૦૩૨ સંવેદનશીલ મતદાન મથક
૨૪૪ અતિ સંવેદનશીલ મતદાન મથક
૧૭૯ ચૂંટણી અધિકારી
૮૩૫૧ બેલેટ યુનિટ
૫૬૯૭ કન્ટ્રોલ યુનિટ
૨૫૦૦૦ ચૂંટણી સ્ટાફ
૧૦૦૦૦ પોલીસ સ્ટાફ
૧૯.૪૦ લાખ પુરુષ મતદારો
૧૯.૦૧ લાખ મહિલા મતદારો
૧૪૫ અન્ય મતદારો
૨૭ ટકા ઓબીસી અનામત મુજબ યોજાશે ચૂંટણી

રાજ્ય ચૂંટણી પંચના અધ્યક્ષ ડો. એસ મુરલીક્રિષ્ણને માહિતી આપતા કહ્યું કે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૨૭ ટકા ઓબીસી અનામત સાથે યોજાશે.

# આપની આજ...

મેષઃ આજે તમે તમારી સમજણ દ્વારા કોઈપણ પરિસ્થિતિમાં સુમેળ જાળવી શકશો. બને એટલું જ કામ કરવા તૈયાર રહો. વ્યવહારિક દ્રષ્ટિકોણ રાખો. જે લોકો તમારી વિરુદ્ધ હતા તે તમારી બાજુમાં આવી શકે છે.

વૃષભઃ આજનો દિવસ કૌટુંબિક અને આર્થિક બંને દ્રષ્ટિએ શુભ છે. દિનચર્યાને વ્યવસ્થિત રાખવા માટે ફક્ત તમારી જાતને અવલોકન કરો. ઘરના વડીલ સભ્યો પણ કોઈ ખાસ કામમાં મદદ કરશે.

મિથુનઃ આજનો દિવસ તમારા મનના કાર્યોમાં પસાર થશે. તમારા પરિવાર સાથે વધુ સમય પસાર કરવાનો પ્રયાસ કરો. ઘરમાં કોઈ ધાર્મિક આયોજન પણ શક્ય છે. તમારા નેતૃત્વમાં કોઈ વિશેષ પ્રવૃત્તિ પૂર્ણ થશે.

કર્કઃ નાણાકીય યોજનાઓ પણ સફળ થશે. તમારા મનમાં નવી યોજનાઓ આવી શકે છે. વધારે કામ અને થાકને કારણે ચીડિયાપણું પ્રવર્તી શકે છે. તમારી રુચિની પ્રવૃત્તિઓમાં પણ થોડો સમય ફાળવો.

સિંહઃ આજે તમે શારીરિક અને માનસિક રીતે ઉર્જાવાન અનુભવ કરશો. આ સમયે તમે તમારા લક્ષ્યો અને કાર્યોને પ્રાથમિકતા આપો. જો પ્રોપર્ટી સંબંધિત કોઈ યોજના હોય તો તેને તરત જ પૂર્ણ કરો.

કન્યાઃ આજે ગ્રહોની સ્થિતિ થોડી અનુકૂળ રહેશે. કેટલાક સમયથી ચાલી રહેલા ટેન્શનમાંથી પણ તમને રાહત મળી શકે છે. ઘરની સુખ-સુવિધાઓ સંબંધિત જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તમે વિશેષ પ્રયત્નો કરશો.

તુલાઃ તમે અંગત અને સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહી શકો છો. થોડા લોકો તમારા કામમાં ખલેલ પહોંચાડી શકે છે, પરંતુ કોઈની ચિંતા કર્યા વગર તમે તમારા મન પ્રમાણે કામ પર ધ્યાન આપો.

વૃશ્ચિકઃ સામાજિક પ્રવૃત્તિઓમાં તમારું નિઃસ્વાર્થ યોગદાન તમને આધ્યાત્મિક સુખ આપશે. પ્રતિષ્ઠિત લોકો સાથે પણ લાભદાયક સંપર્ક થશે. આ સમયે રોકાણ સંબંધિત કાર્યો પૂર્ણ કરવા પર ધ્યાન આપો.

ધનુઃ આજે તમે નજીકના લોકો સાથે મુલાકાત અને મનોરંજન સંબંધિત પ્રવૃત્તિઓમાં આનંદપૂર્વક સમય પસાર કરશો. કોઈ ખાસ સમસ્યાનો ઉકેલ પણ મળી શકે છે.

મકરઃ તમે તમારા કાર્યોને નવો આકાર આપવા માટે વધુ સર્જનાત્મક અભિગમ અપનાવશો અને સફળતા પણ પ્રાપ્ત કરશો. નજીકના સંબંધીના ઘરે આવવાથી પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. ખર્ચની સાથે આવકમાં વધારો થવાથી યોગ્ય વ્યવસ્થા થશે. સાસરી પક્ષ સાથે થોડો તણાવ રહે.

કુંભઃદિવસની શરૂઆતમાં કાર્યોનું આયોજન કરવામાં થોડી મુશ્કેલી આવી શકે છે. પરંતુ બપોરે ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહેશે અને કામમાં ઝડપ આવશે. કોઈ નજીકના સંબંધીને પણ ત્યાં જવાનું આમંત્રણ મળી શકે છે.

મીનઃ તમારી જીવનશૈલીને નવો આકાર આપવા માટે કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓમાં સમય પસાર થશે. વિદ્યાર્થીઓને કોઈપણ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળી શકે છે.

# સુડોકુ નં. ૧૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 9 | | | 3 | |
| | | | 1 | | | 7 | 8 | |
| 3 | | | | | | 1 | | 9 |
| | | | 4 | | 3 | | 9 | 7 |
| | | 1 | 7 | | 9 | 8 | | |
| 5 | 9 | | 8 | | 2 | | | |
| 7 | | 3 | 5 | | | | | 1 |
| | 8 | 9 | | | 6 | | | |
| | 2 | | | 4 | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

## સુડોકુ નં.૧૪૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 1 | 8 | 3 | 6 | 7 | 2 | 9 |
| 7 | 6 | 9 | 5 | 4 | 2 | 8 | 1 | 3 |
| 3 | 8 | 2 | 7 | 1 | 9 | 5 | 6 | 4 |
| 8 | 7 | 4 | 9 | 5 | 1 | 6 | 3 | 2 |
| 6 | 9 | 5 | 4 | 2 | 3 | 1 | 8 | 7 |
| 1 | 2 | 3 | 6 | 8 | 7 | 9 | 4 | 5 |
| 9 | 3 | 6 | 2 | 7 | 8 | 4 | 5 | 1 |
| 2 | 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 |
| 5 | 1 | 7 | 3 | 6 | 4 | 2 | 9 | 8 |

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# મહાકુંભમાં સ્નાન કરવા પહોંચ્યા ગૌતમ અદાણી, ISKCON ભંડારામાં સેવા આપી

પ્રયાગરાજ,તા.૨૧



અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી તેમના પત્ની પ્રીતિ અદાણી સાથે મહાકુંભ પહોચ્યાં છે. આ દરમિયાન, તેમણે તેમની પત્ની સાથે મળીને ઈસ્કોન મંદિરના કેમ્પમાં લોકોને ભોજનનું વિતરણ કર્યું. ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપ અને ઈસ્કોને પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં ભક્તોને ભોજન પીરસવા માટે હાથ મિલાવ્યા છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધીના મહાકુંભ મેળાના સમગ્ર સમયગાળા દરમિયાન મહાપ્રસાદ સેવા પૂરી પાડવામાં આવી રહી છે.

ગૌતમ અદાણી પણ સંગમમાં ડૂબકી લગાવવા પહોંચ્યા છે. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે ડૂબકી મારતા જોવા મળી રહ્યા છે

આ અગાઉ ઈન્ફોસિસ ગ્રુપના સ્થાપક નારાયણ મૂર્તિના પત્ની અને રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિ મહાકુંભ મેળામાં પહોંચી ચૂક્યા છે. સુધા મૂર્તિ પરેડ ગ્રાઉન્ડ ખાતે પ્રવાસન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા મહારાજા ટેન્ટમાં રહે છે. અત્યાર સુધીમાં ૮ કરોડ ૩૦ લાખથી વધુ ભક્તો મહાકુંભમાં સ્નાન કરી ચૂક્યા છે.

ગૌતમ અદાણીનો મહાકુંભના ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનો કાર્યક્રમ હતો. આ પછી તેઓ પૂજા કરશે અને પછી મોટા હનુમાન મંદિરની મુલાકાત લેશે. આ ઉપરાંત, તેઓ ૫૦ લાખ લોકોને મહાપ્રસાદ ભોજન પૂરું પાડવામાં પણ સામેલ થશે, જે તેઓ પોતાના હાથે વહેંચશે.

ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપ, ઈસ્કોન અને ગીતા પ્રેસના સહયોગથી, મહાકુંભમાં સતત મફત પ્રસાદ અને ભોજનની વ્યવસ્થા કરી રહ્યું છે, જેનો લાભ લાખો લોકો લઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ગૌતમ અદાણી આજે પ્રયાગરાજ પહોંચ્યા છે.

૨૧ જાન્યુઆરીએ સમાચાર લખાય છે ત્યાં સુધીમાં, ૨૭.૪૧ લાખથી વધુ લોકોએ સંગમમાં ડૂબકી લગાવી છે. ૨૦ જાન્યુઆરી સુધીમાં કુલ ૮.૮૧ કરોડ લોકોએ સંગમમાં ડૂબકી લગાવી છે

# જમ્મુના જ્વેલ ચોક વિસ્તારમાં એક યુવાનની ગોળી મારીને હત્યા

જમ્મુ,તા.૨૧:જમ્મુનો જ્વેલ ચોક વિસ્તાર ગોળીબારના અવાજથી ગુંજી ઉઠ્યો. અજાણ્યા બંદૂકધારીએ થાર વાહન પર લગભગ સાત રાઉન્ડ ગોળીબાર કર્યો. થારમાં સવાર યુવકને ચાર ગોળીઓ વાગી. ગોળી વાગવાથી યુવકનું મોત થયું. ગુનો કર્યા પછી, હુમલાખોર ભાગી ગયો. હાલમાં પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.

મૃતકની ઓળખ સુમિત જંડિયાલ તરીકે થઈ છે, જે ઓમ પ્રકાશનો પુત્ર છે, જેની ઉંમર ૩૭ વર્ષ છે. મૃતક પશ્ચિમ નં. ૯ વિજયપુરનો રહેવાસી હતો. પોલીસે જણાવ્યું કે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોર્ચ્યુરીમાં મોકલી દેવામાં આવ્યો છે. ગોળી વાગવાથી યુવકનું મોત થયું. પોલીસ હુમલાખોરની શોધ કરી રહી છે.

નવાબાદ પોલીસ સ્ટેશનથી ૧૦૦ મીટર દૂર એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે બંદૂકધારીઓ એક કારમાં હતા અને તેમણે થાર વાહન પર ગોળીબાર કર્યો. ગોળી વાગવાથી થાર ડ્રાઈવર ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગોળીબાર પછી તરત જ ઘાયલ વ્યક્તિને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. જ્યાં ડોક્ટરોએ યુવાનને મૃત જાહેર કર્યો.

દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના સોપોર વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી મંગળવારે ત્રીજા દિવસે પણ આતંકવાદીઓ સ્થળ પરથી ભાગી ગયા બાદ સમાપ્ત કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં એક સૈનિકે પોતાનો જીવ ગુમાવ્યો. સોપોર પોલીસ જિલ્લાના જાલુરા ગુર્જરપતિમાં આતંકવાદીઓના ઠેકાણા પર થયેલા એન્કાઉન્ટરમાં સિપાહી પંગલા કાર્તિક ઘાયલ થયા હતા અને સોમવારે ગોળીબારના સ્થળેથી બહાર કાઢવામાં આવતાં તેમનું મોત થયું હતું. ગોળીબાર દરમિયાન, એક સેનાનો જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો અને બાદમાં શહીદ થયો હતો.

# ખેડા : રૂા.૧ કરોડની લૂંટનો ભેદ ઉકેલવા નજીક પોલીસ પહોંચી

રાજકોટ, તા.૨૦

ખેડા અમદાવાદ હાઈવે પર એક રીક્ષામાં રૂા.૧ કરોડ સાથે જઈ રહેલ અમદાવાદના વેપારી મેહુલ બેડાણાની રીક્ષાને અચાનક આવેલ એક ઈકો કારે આંતરી કારમાં રહેલ ૪ શખ્સોએ મેહુલ બોડાણા પાસે રહેલ રૂા.૧ કરોડની લૂંટ ચલાવી નાસી ગયેલ આ ઘટનાની ભોગ બનેલ વેપારીએ પોલીસને જાણ કરતા ખેડા જીલ્લાના ઉચ્ચ પોલીસ અમલદારો ઘટના સ્થળે પહોંચી ગયેલ જેમાં ફરીયાદીની હકિકતના આધારે નાસી છૂટેલા લૂંટારૂઓ તેમજ મોટરને શોધી કાઢવાની કવાયત હાથ ધરેલ.

ખેડા શહેર નજીક ધોરી માર્ગ પર રીક્ષામાં બેસેલા અમદાવાદના વેપારી રૂા.૧ કરોડ લઈને જતા હતા ત્યારે લૂંટારૂઓએ ચલાવેલ લૂંટનો ભેદ ઉકેલવા જીલ્લા પોલીસ વડા, નાયબ પોલીસ વડાની સીધી દેખરેખ હેઠળ ગુન્હા શોધક શાખા, એસ.ઓ.જી. તેમજ ખેડા શહેર પોલીસ સહિતની જુદીજુદી પાંચ ટીમો બનાવી લૂંટારૂઓને ઝડપવાની હાથ ધરવામાં આવેલ ત્વરિત કાર્યવાહીમાં પોલીસને લૂંટારૂઓનુ પગેરૂં દબાવવામાં મહદઅંશે સફળતા મળેલ છે.

લૂંટની ઘટના સર્જાયેલ તે સ્થળની આસપાસમાં આવેલ સી.સી.ટી.વી. ફૂટેજો નિહાળવા ઉપરાંત પોલીસે પોતાના ખાનગી બાતમીદારોને ભેદ ઉકેલવા મદદે દોડાવેલ જેમાં લૂંટના ગુન્હામાં વપરાયેલ મોટર નંબર પરથી પોલીસની ટીમ મોટર માલિક સુધી પહોંચવામાં સફળ બનેલ છે. ખેડા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એચ.વી.સીસારા તથા જુદીજુદી પોલીસ ટીમો દ્વારા લૂંટાનો ભેદ ઝડપથી ઉકેલાય જવાનો આશાવાદ દર્શાવેલ છે.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં જોવા મળશે નાગ અને પ્રલય મિસાઈલ




નવીદિલ્હી,તા.૨૧

પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. દર વર્ષે ૨૬ જાન્યુઆરીએ, પ્રજાસત્તાક દિવસ નિમિત્તે રાજધાની દિલ્હીમાં પરેડનું આયોજન કરવામાં આવે છે. આ વખતે, ૨૬ જાન્યુઆરીની પરેડમાં ટેક્ટિકલ બેલિસ્ટિક મિસાઈલ પ્રલય અને એન્ટિ-ગાઈડેડ મિસાઈલ નાગ બંને જોવા મળશે. બંને સ્વદેશી છે અને ફક્ત ભારતીય સેના માટે બનાવવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ૨૬ જાન્યુઆરીની પરેડમાં પહેલીવાર લોકો ટેક્ટિકલ બેલિસ્ટિક મિસાઈલ પ્રલય જોશે. આ મિસાઈલની ખાસિયત એ છે કે તે પોતાની સાથે પરમાણુ શસ્ત્રો લઈ જવા સક્ષમ છે. આ મિસાઈલની ખરીદીને સંરક્ષણ મંત્રાલય દ્વારા પહેલાથી જ મંજૂરી આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે પ્રલય મિસાઈલ એક ટૂંકી અંતરની બેલેસ્ટિક મિસાઈલ છે.

આ મિસાઈલ ડીઆરડીઓ દ્વારા વિકસાવવામાં આવી છે. આ પહેલા પણ ઘણા સફળ પરીક્ષણો કરવામાં આવ્યા છે. જો આપણે પ્રલય મિસાઈલની પ્રહાર ક્ષમતા વિશે વાત કરીએ, તો તે ૧૫૦ થી ૫૦૦ કિમીના અંતરે પ્રહાર કરવામાં સક્ષમ છે. તેનો ઉપયોગ સપાટીથી સપાટી મિશન માટે થઈ શકે છે, જેની પેલોડ ક્ષમતા ૫૦૦ થી ૧૦૦૦ કિગ્રા સુધીની છે. વાસ્તવમાં, વિસ્ફોટકો પેલોડ ક્ષમતા દ્વારા વહન કરવામાં આવે છે. જો આપણે પ્રલય મિસાઈલની અન્ય વિશેષતાઓ વિશે વાત કરીએ, તો તેની એક ખાસિયત એ છે કે લોન્ચ કર્યા પછી, જો જરૂર પડે તો, આ મિસાઈલની દિશા હવામાં પણ બદલી શકાય છે. આ સાથે, આ મિસાઈલ દુશ્મનની હવાઈ સંરક્ષણ પ્રણાલીને પડકાર આપી શકે છે.

આ મિસાઈલની ગતિ લગભગ ૧ થી ૧.૬ મેક છે. પ્રલયનું વજન લગભગ ૫ ટન છે અને તે પરંપરાગત તેમજ પરમાણુ શસ્ત્રો બંને વહન કરવામાં સક્ષમ છે. તમને જણાવી દઈએ કે પ્રલયનું પહેલું પરીક્ષણ ડિસેમ્બર ૨૦૨૧ માં કરવામાં આવ્યું હતું. તે સમયે પૂર્વી લદાખમાં ભારત અને ચીન વચ્ચે તણાવ ચરમસીમાએ હતો. તમને જણાવી દઈએ કે આ મિસાઈલનું બીજું પરીક્ષણ બીજા જ દિવસે કરવામાં આવ્યું હતું અને તેનું ત્રીજું પરીક્ષણ વર્ષ ૨૦૨૩ માં કરવામાં આવ્યું હતું, જેમાં આ મિસાઈલ દરેક પરીક્ષણમાં સફળ સાબિત થઈ હતી. તમને જણાવી દઈએ કે આ પ્રજાસત્તાક દિવસે, એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ નાગ પણ ફરજના માર્ગ પર જોવા મળશે. ડીઆરડીઓ દ્વારા નાગરનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ મિસાઈલ ભારતીય સેનામાં જોડાય તે પહેલાં લાઈન ઓફ ડ્યુટી પરેડમાં જોવા મળશે.

# કોઈને સપ્તાહમાં ૭૦ કલાક કામ કરવાની ફરજ પાડી ન શકાય, હું મારી વાત કરતો હતોઃ નારાયણમૂર્તિ



મુંબઈ,તા.૨૧

ઈન્ફોસિસના સહ-સ્થાપક દ્રઈદ્ર નારાયણ મૂર્તિએ કહ્યું છે કે કોઈને લાંબા કલાકો સુધી કામ કરવા માટે દબાણ કરી શકાય નહીં. પરંતુ, દરેક વ્યક્તિએ પોતાના માટે આ વિશે વિચારવું જોઈએ અને તેની જરૂરિયાત સમજવી જોઈએ.

તેમણે તાજેતરમાં યુવાનોને અઠવાડિયામાં ૭૦ કલાક કામ કરવાની સલાહ આપી હતી. મૂર્તિએ કહ્યું કે તેણે ૪૦ વર્ષ સુધી ઈન્ફોસિસમાં અઠવાડિયામાં ૭૦ કલાકથી વધુ કામ કર્યું. આ મુદ્દા પર ચર્ચાની નહીં, પણ વિચારવાની જરૂર છે.

નારાયણ મૂર્તિએ કહ્યું કે હું સવારે ૬:૩૦ વાગ્યે ઓફિસ પહોંચતો હતો અને રાત્રે ૮:૩૦ વાગ્યે નીકળી જતો હતો. મેં આ કર્યું છે.આઈએમસી મુંબઈ ખાતે કિલાચંદ મેમોરિયલ લેક્ચર પછી, મૂર્તિને વર્ક-લાઈફ બેલેન્સ પર એક પ્રશ્ન પૂછવામાં આવ્યો.

નારાયણ મૂર્તિએ કહ્યું કે આ તેમના અંગત જીવનની વસ્તુઓ છે. આ અંગે ચર્ચાને બદલે આત્મનિરીક્ષણ જરૂરી છે. એવું કોઈ નથી જે કહી શકે કે તમારે આ કરવું જોઈએ, તમારે આ ન કરવું જોઈએ. ૬૦ ટકા ભારતીયો હજુ પણ દર મહિને મફત અનાજ પર નિર્ભર છે. આટલી ગરીબી કોઈ પણ દેશ માટે સારી નથી. એક સંસ્કારી સમાજ એ છે જ્યાં આવનારી પેઢી માટે જીવન વધુ સારું બનાવવા માટે કામ કરવામાં આવે છે.નારાયણ મૂર્તિ બાદ લાર્સન એન્ડ ટુબ્રોના ચેરમેન એસએન સુબ્રમણ્યમના નિવેદને પણ એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે. તેમણે અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવાની હિમાયત કરી હતી. જોકે, ઘણા લોકોએ એસએન સુબ્રમણ્યમના નિવેદનની ટીકા પણ કરી હતી.

## દિલ્હીમાં ભાજપના ચૂંટણી વચન

# કે.જી.થી પી.જી. સુધી મફત શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને ૧૫ હજાર

નવીદિલ્હી,તા.૨૧

ભાજપે દિલ્હી ચૂંટણી માટે સંકલ્પ પત્ર ૨ જાહેર કર્યો છે. આ ચૂંટણી ઢંઢેરાના ભાજપે વિદ્યાર્થીઓ, યુવાનો, દલિતો અને ઓટો ટેક્સી ડ્રાઈવરો માટે મહત્ત્વની જાહેરાત કરી છે. ભાજપે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં કે.જી.થી પી.જી. સુધીનું શિક્ષણ મફત આપવામાં આવશે. આ ઉપરાંત યુવાનોને ૧૫,૦૦૦ની આર્થિક સહાય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે બે ગણી મુસાફરી અને અરજી ફી આપવામાં આવશે.

સંકલ્પ પત્ર-૨ માં ભાજપના વાયદા

- અમે દિલ્હીના યુવાનોને રાજયની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે રૂ. ૧૫ હજારની આર્થિક સહાય આપીશું જેથી કરીને અમારા યુવાનો ઉત્તમ પરિણામ આપી શકે.

અમે દિલ્હીમાં ટેકનિકલ અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઈપેન્ડ સ્કીમ લાવશું. આ શિષ્યવૃત્તિ યોજના ભીમરાવ આંબેડકરના નામે શરૂ કરાશે. આ અંતર્ગત, અમે ITI અને સ્કિલ સેન્ટર પોલિટેકનિક વગેરેમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માસિક રૂ. ૧,૦૦૦નું સ્ટાઈપેન્ડ આપીશું.

- અમે ઓટો અને ટેક્સી ડ્રાઈવરો માટે ઓટો-ટેક્સી કલ્યાણ બોર્ડની રચના કરીશું. જે અંતર્ગત રૂ. ૧૦ લાખ સુધીનો જીવન આધાર વીમો અને રૂ. ૫ લાખ સુધીનો અકસ્માત વીમો આપશે.

- ઉચ્ચ શિક્ષણ મેળવનારા ટેક્સી ડ્રાઈવરો અને ઓટો ડ્રાઈવરોના બાળકોને પણ સ્કોલરશિપ આપવામાં આવશે.

-દિલ્હીમાં ભાજપની સરકાર આવ્યા બાદ ૪ લાખ સ્ટ્રીટ વેન્ડર્સન PM સ્વાનિધિ યોજનાનો લાભ મળશે

- દિલ્હીમાં પણ રિસ્કિલિંગ અને અપસ્કિલિંગને પ્રોત્સાહન આપવાનું કામ ભાજપ સરકાર કરશે.

સંકલ્પ પત્ર -૧માં કરવામાઆવ્યા હતા આ વાયદા

- ભાજપે દિલ્હીમાં મહિલાઓ માટે 'મહિલા સમૃદ્ધિ યોજના' હેઠળ ૨,૫૦૦ રૂપિયાની માસિક સહાયની જાહેરાત કરી છે.

- ભાજપ દિલ્હીના ગરીબ વર્ગની મહિલાઓને ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર આપશે. તેમજ હોળી અને દિવાળી પર એક-એક સિલિન્ડર મફત આપવામાં આવશે.

# મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પને બીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા બદલ અભિનંદન આપ્યા

નવીદિલ્હી,તા.૨૧

ડોનાલ્ડ ટ્રમ્પે બીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે. તેમણે યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. આ પ્રસંગે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમને અભિનંદન પાઠવ્યા છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર લખ્યું, "મારા પ્રિય મિત્ર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે ઐતિહાસિક શપથ ગ્રહણ કરવા બદલ અભિનંદન! હું ફરી એકવાર આપણા બંને દેશો અને વિશ્વ માટે મૂલ્ય બનાવવા માટે સાથે મળીને કામ કરવા આતુર છું." "દુનિયા." વધુ સારા ભવિષ્યને આકાર આપવા માટે આતુર છું. આગામી સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ!"

જેડી વાન્સે ડોનાલ્ડ ટ્રમ્પની સાથે ઉપરાષ્ટ્રપતિ પદના શપથ લીધા. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જોન રોબર્ટ્સે ટ્રમ્પને શપથ લેવડાવ્યા. શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ટ્રમ્પે તેમની માતા દ્વારા આપવામાં આવેલા બાઈબલનો ઉપયોગ કર્યો.

અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના પ્રચાર દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ પર હુમલો થયો હતો. ભીડમાં ઉભેલા હુમલાખોરે ખૂબ નજીકથી તેમના પર હુમલો કર્યો, પરંતુ ટ્રમ્પ આ હુમલામાં માંડ માંડ બચી ગયા. ગોળી તેમના કાનમાં વાગી ગઈ અને કાનમાંથી લોહી વહેવા લાગ્યું, પરંતુ તેઓ આ હુમલામાં બચી ગયા અને બીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા. રાષ્ટ્રપતિ પદના શપથ લીધા પછી, તેમણે કહ્યું કે ભગવાને તેમને અમેરિકાની સેવા કરવા માટે બચાવ્યા છે. તેમણે કહ્યું, "અમેરિકાને મહાન બનાવવા માટે ભગવાને મને બચાવ્યો."

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી ગયા વર્ષે નવેમ્બર મહિનામાં યોજાઈ હતી. ચૂંટણી જીત્યા બાદ પીએમ મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કર્યો. આ સમય દરમિયાન, બંને વચ્ચે લાંબી વાતચીત થઈ. આ વાતચીત પછી, પીએમ મોદીએ ટ્વિટર પર લખ્યું, "મારા મિત્ર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ખૂબ જ સારી વાતચીત થઈ.

# જમ્મુ -કાશ્મીર સરકારે ઓસ્ટ્રેલિયાથી ૯૦૦ ઘેટાં આયાત કરવા નિર્ણય લીધો

હુઆ,તા.૨૧

જમ્મુ અને કાશ્મીરમાં માંસની વધતી માંગને પહોંચી વળવા માટે હોલિસ્ટિક એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ઓસ્ટ્રેલિયાથી ૯૦૦ ઘેટાંની આયાત કરવામાં આવી રહી છે. આનો ઉપયોગ મુખ્યત્વે બંને વિભાગોમાં માંસની માંગને પહોંચી વળવા માટે કરવામાંઆવશે. આના પર ૨૬ કરોડ રૂપિયા ખર્ચ થશે.

આ ઘેટાં ટેક્સેલ અને ડોર્પર જાતિના છે અને તેમના ઉચ્ચ માંસ ઉત્પાદન માટે વિશ્વમાં જાણીતા છે. આગામી દિવસોમાં, રાજ્યને માંસ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા અને આયાત પરની નિર્ભરતા દૂર કરવા માટે તેમના સંવર્ધનને મોટા પાયે પ્રોત્સાહન આપવાની યોજના છે. ટૂંક સમયમાં જમ્મુ અને કાશ્મીર વિભાગમાંથી ઘેટાં ઉછેર સંબંધિત છ નિષ્ણાતોની ટીમ ઓસ્ટ્રેલિયા જવા રવાના થશે. રવાના થશે.

આયાતી ઘેટાંને ઓસ્ટ્રેલિયામાં એક મહિના માટે ક્વોરેન્ટાઇન કરવામાં આવશે. ભારતમાં પહોંચ્યા પછી, તેમને બે મહિના માટે બંને વિભાગોમાં તૈયાર કરાયેલા ક્વોરેન્ટાઇન સેન્ટરોમાં રાખવામાં આવશે. કઠુઆના રાજબાગમાં એક ક્વોરેન્ટાઈન સેન્ટર બનાવવામાં આવ્યું છે. જમ્મુ વિભાગને ડોર્પર જાતિના ૪૫૦ ઘેટાં ઉપલબ્ધ કરાવવામાં આવશે અને કાશ્મીર વિભાગને ટેક્સેલ જાતિના એટલા જ ઘેટાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જમ્મુ અને કાશ્મીરમાં દર વર્ષે ૧૫ લાખ ઘેટાં ખાવામાં આવે છે. જમ્મુ અને કાશ્મીરમાં માંસની માંગ ખૂબ વધારે છે. ખાસ કરીને કાશ્મીરી ભોજનમાં તેનો ખૂબ ઉપયોગ થાય છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, દર વર્ષે માંસ માટે ૧૫ લાખથી વધુ ઘેટાંની માંગ હોય છે. રાજ્યમાં ૪૧ ટકા માંસ દેશના અન્ય ભાગોમાંથી આયાત કરવામાં આવે છે. આના પર ૧૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. જમ્મુ અને કાશ્મીર સરકારે રાજયમાં ઊન અને મટનની ઉત્પાદકતા વધારવા અને આયાત ઘટાડવા માટે વ્યાપક કૃષિ વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ. ૩૨૯ કરોડના પાંચ વર્ષના પ્રોજેક્ટને મંજૂરી આપી છે.

ડોર્પર ઘેટાં એ ડોર્સેટ શિંગડાવાળા ઘેટાં અને બ્લેકહેડ પર્શિયન ઘેટાંનું સંકર જાતિ છે. ડોર્પર જાતિના ઘેટાંનું વજન માત્ર ચાર મહિનામાં ૩૫ થી ૪૦ કિલોગ્રામ થઈ જાય છે. પુખ્ત ઘેટાંનું વજન ૯૦ કિલો સુધી હોય છે. ડોર્પર ઘેટાંની માંગ તેમની ઉચ્ચ ફળદ્રુપતા અને હવામાન પરિસ્થિતિઓમાં અનુકૂલનશીલતાને કારણે વધી રહી છે. નિષ્ણાતોએ આ પ્રજાતિને જમ્મુ વિભાગ માટે યોગ્ય શોધી કાઢી છે.ટેક્સેલ ઘેટાંની લાક્ષણિકતાઓ ટેક્સેલ એ ઘરેલું ઘેટાંની ડચ જાતિ છે.

# ધાનેરા બંધ વચ્ચે જનઆક્રોશ સભામાં આગેવાનોના રાજનેતા સામે આક્ષેપો

## ધાનેરાને બનાસકાંઠા જીલ્લામાં જ સમાવવા અથવા નવો જીલ્લો બનાવવાની લોકોમાંથી ઉઠી રહેલ માંગ

રાજકોટ, તા.૨૧

બનાસકાંઠા જીલ્લા વિભાજનની જાહેરાત બાદ બનાસકાંઠા તથા નવા રચાયેલ વાવ-થરાદ જીલ્લા મામલે લોકો તેમજ આગેવાનો દ્વારા છેલ્લા ૧૭ દિવસથી વિરોધ પ્રદર્શન તેમજ જાહેરસભા, રેલી, સુત્રોચ્ચાર તથા વિભાજનમાં જુદાજુદા તાલુકામાં સમાવિષ્ટ કરાયેલા તાલુકાઓ-ગ્રામ્ય પંથકના લોકો તેમજ રાજકીય આગેવાનો દ્વારા પોતાની માંગણી સંતોષવા સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરવામાં આવી રહી છે. આજે ધનેરા વાસીઓએ બંધ પાળેલ તેમજ બપોરે યોજાયેલ જનઆક્રોશ સભાને સંબોધન કરતા પૂર્વ ધારાસભ્યો, વર્તમાન ધારાસભ્ય તેમજ આગેવાનોએ સંબોધી જીલ્લા વિભાજનમાં એક રાજકીય આગેવાન નેતા પર આકરા પ્રહારો કરી ષડયંત્રના આક્ષેપો ચલાવ્યા હતા.

ધાનેરા તાલુકાને વાવ-થરાદમાં સમાવિષ્ટ કરવાના નિર્ણયનો વિરોધ દર્શાવતા આંદોલનમાં આગેવાનોએ જીલ્લા વિભાજનમાં એક રાજનેતાએ રાજકીય ષડયંત્ર રચ્યાનો આક્ષેપ કરેલ હતો. આ મામલે વિરોધના શૂર ઉઠતા ભાજપ પ્રમુખ દ્વારા ડેમેજ કંટ્રોલ હાથ ધરી લોકોની યોગ્ય અને સાચી માંગણી મુદે ઉઠતા વિરોધને શાંત પાડવા રાજ્ય સરકાર દ્વારા સુખદ ઉકેલ લાવવાની દિશામાં વિચારણા ચાલતી હોવાનુ જણાવેલ હતુ.

# અમરેલી લેટરકાંડમાં નિર્લિપ્ત રાયના ધામા

રાજકોટ, તા.૨૦

અમરેલી શહેર-તાલુકા ભાજપના બે જૂથો વચ્ચે ચાલી રહેલ વર્ચસ્વના ઠંડા યુધ્ધ વચ્ચે બહાર આવેલ ષડયંત્રના કારણે રાજ્યના પોલીસ વડા દ્વારા સમગ્ર વિવાદીત મામલાની તટસ્થ અને ન્યાયી તપાસનો હવાલો એસ.એમ.સી.ના નિર્લિપ્ત રાયને સોંપવામાં આવતા ડી.આઈ.જી.રાય દ્વારા છેલ્લા ૨ દિવસથી અમરેલીમાં મુકામ કરી પોલીસ કર્મચારી, પાયલ ગોટી તેમજ ફરિયાદી સહિત અનેક વ્યકિતઓના નિવેદનો લેવામાં આવી રહયા છે.

# મુખ્યમંત્રીનો પાટડીનો કાર્યક્રમ રદ જાહેર

રાજકોટ, તા.૨૧:સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી ખાતે આવતીકાલે મુખ્યમંત્રીનો કાર્યક્રમ યોજાનાર હોવાથી જીલ્લા વહીવટ તેમજ પોલીસ તંત્ર દ્વારા મુખ્યમંત્રીના આગમન પૂર્વની તમામ તૈયારીઓ કરી રિહર્સલ પણ યોજવામાં આવેલ હતુ પરંતુ અનિવાર્ય કારણોસર રાત્રીના અચાનક આ કાર્યક્રમ રાજ્યના વહીવટી તંત્ર દ્વારા રદ જાહેર કરવામાં આવેલ છે.

# રાજકોટ તથા કેશોદમાંથી નકલી તબીબ ઝડપાયા

રાજકોટ, તા.૨૦:રાજ્યમાં યોગ્ય પદવી વગર દવાખાના ખોલી લોકોની સારવાર કરતા ઘોડા ડોકટરો ઝડપાવાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહેલ છે. આવા તબીબો લોકો-દર્દીના આરોગ્ય તથા જીવ સાથે ચેડા કરતા હોવાથી તેને ઝડપી પાડવાની કવાયતના ભાગરૂપે રાજકોટ જીલ્લાના મેટોડા ઔદ્યોગિક વસાહતમાંથી સંજય ટીલવા તેમજ જૂનાગઢ જીલ્લાના કેશોદ તાબાના કરેણી ગામેથી રાકેશસીંગ રાજીયાની એસ.ઓ.જી. પોલીસ ટૂકડી દ્વારા દવા-ઈન્જેકશનોના જથ્થા સાથે ઝડપી પાડી વિસ્તૃત તપાસ હાથ ધરેલ છે.

# રાજકોટ આજીડેમ પોલીસે હત્યા પ્રકરણમાં ૩ને ઝડપ્યા

રાજકોટ, તા.૨૦:શહેરના આજીડેમ પોલીસ મથકની હદમાંથી તાજેતરમાં રામોદના યુવાનની હત્યા કરાયેલ મૃતદેહ મળી આવેલ જે પ્રકરણે પોલીસ દ્વારા હત્યારાઓની શોધખોળ હાથ ધરેલ જેમાં પોલીસ દ્વારા ગોંડલના મોવિયા ગામની એક મહિલા સોનલ સાહેલિયા તથા ૨ સગીરની અટકાયત બાદ પુછપરછ હાથ ધરતા મહિલાએ તેમના પુત્રએ કરેલ આત્મહત્યા (આપઘાત) પાછળ મૃતક યુવાન સંકળાયેલ હોવાની શંકાના કારણે હત્યા નિપજાવ્યાનું ખૂલ્યું છે.


## જાહેર નોટીસ

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ગીરગઢડા

અરજી નં.૬૫/૨૦૨૪

મરણ તારીખ : ૧૧-નવેમ્બર.૮૪

શ્રી નાથાભાઈ વશરામભાઈ ડોબરીયા,
રહે.ચીખલ કુબા, ગામ-ચીખલ કુબા
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ)અને રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસરશ્રી,
કોઠારીયા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી નાથાભાઈ વશરામભાઈ ડોબરીયા, રહે.ચીખલ કુબા, ગામ-ચીખલ કુબા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ વાળાએ તેમના દાદા સ્વ.દુદાભાઈ રત્નાભાઈ ડોબરીયાનું મરણ તા.૧૧-નવે.૮૪ ના રોજ ગીરગઢડા તાલુકાના ચીખલ કુબા ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૧/૨૦૨૫ માહે: જાન્યુઆરી સને ૨૦૨૫ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

## જાહેર નોટીસ

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા

અરજી નં.૬૨/૨૦૨૪

મરણ તારીખ : ૯-ફેબ્રુઆરી.૯૪

શ્રી શૈલેશભાઈ મનુભાઈ ડોબરીયા,
રહે. ૨૮, શ્યામ નગર, સોસા. વ્રજ સેકટર-૨ સામે, ગામ-સીમાડા
તાલુકો-સુરત, જિલ્લો-સુરત
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને રાઉન્ડ ફોરેસ્ટ ઓફીસરશ્રી
કોઠારીયા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી શૈલેશભાઈ મનુભાઈ ડોબરીયા, રહે. ૨૮, શ્યામ નગર, સોસા. વ્રજ સેકટર-૨ સામે, ગામ-સીમાડા, તાલુકો-સુરત, જિલ્લો-સુરત વાળાએ તેમના દાદા સ્વ.નાનજીભાઈ રત્નાભાઈ ડોબરીયાનું મરણ તારીખ: ૦૯-ફેબ્રુઆરી-૯૪ ના રોજ ગીરગઢડા તાલુકાના ચીખલ કુબા ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૧/૨૦૨૫ માહે: જાન્યુઆરી સને ૨૦૨૫ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.


હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

# આરોગ્યની અખંડ જયોતિ એલ.એસ. હોસ્પિટલ

(તખુભાઈ સાંડસુર દ્વારા)

હમણાં જ ૧૬મી તારીખે સાવરકુંડલા એટલે તપોબળ, ચરિત્રબળ અને સંતુલન બળની ભૂમિમા એક સુંદર કાર્યક્રમ થયો.સ્વ.લલ્લુભાઈ શેઠ જેવા ગાંધીયન મૂર્તિ કે જે તેના વિકાસદ્રષ્ટા અને કલ્યાણ ભાવનાની પલાંઠી વાળીને બેઠેલાં તપસ્વી હતાં.તો અહીં જોગીદાસ ખુમાણ જેવા ચરિત્ર બળ ધરાવતા વટ વચન અને વેર માટે ખપી જનાર ઈતિહાસનું એ અમરપાત્ર આજે પણ નાવલીના એ પ્રવાહમાં ઘુઘવાટા કરી રહ્યું છે. તો બીજી તરફ કાંટા ઉદ્યોગથી જાણીતું થઈને સંતુલિત તાકાતથી જીવતું આ નગર આજે પણ કંઈક ઈતિહાસ સર્જવા માટે મથતું રહે છે. તેથી જ કદાચ ઘોર કળી કાળમાં કે જ્યાં પૈસા માટે ચારે બાજુ રાડારાડી,હારાકીરી અને લૂંટફાટ ચાલી રહી છે. તેમાં પણ આરોગ્યનો વિષય જે હવે વિશ્વાસનો રહ્યોં નથી.ત્યારે પુ.મોરારિબાપુના સંકલ્પ બળથી અને તેના ઈશ્વર ભરોસે નિર્મિત થયેલ એક એવી હોસ્પિટલ કે જે અનેક લોકો માટે વિસામો, પ્રાણ, પતિત કેન્દ્રબિંદુ બધું જ છે અને તેનું નામ છે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અથવા એલ.એસ.હોસ્પિટલ.

સાવરકુંડલાની નાવલી નદીમાં ઉતરો અને કોઈપણને પૂછો કે ખાદી કાર્યાલયનું દવાખાનુ ક્યાં છે? તો તે કહેશે કે મહુવા રોડે આગળ જઈને માર્કેટિંગ યાર્ડના રસ્તા તરફ ડાબી બાજુ વળશો અને ત્યાં તમને આ આરોગ્યનો અનેકનો આશરો આપનારું વટવૃક્ષ મળી જશે.આજથી દસ વર્ષ પહેલાં ૨૦૧૪માં કદાચ એવી કલ્પના હતી કે એક હોસ્પિટલ એવી નિર્માણ થાય કે જ્યાં દર્દીઓને એકદમ અમૂલ્ય પરંતુ માત્ર ભાવનું જ મૂલ ચુકવીને સારવાર



કરી શકાય! 'દર્દી દેવો ભવ'ના સૂત્રને સાકાર કરી શકાય તો તે કરવું છે.

હાસ્ય લેખક લેખક શ્રી રતિલાલ બોરીસાગર આ નગરના નગરવાસી અને તેના વિદ્યાર્થીઓએ વિદ્યાગુરુ ફાઉન્ડેશન ઊભું કર્યું. આ હોસ્પિટલની વિભાવના વહેતી થઈ,ગ્રામ સેવા મંડળે તેમના મકાનો આપ્યાં.દર્દીઓનો હાશકારો અને આશીર્વાદ પ્રાપ્ત કરવાની વણઝાર વહેતી થઈ.બાળક, આંખ, કાન- ગળુ, સ્ત્રી બધાની સારવાર કોઈ ફી વગર કે અપેક્ષા વગર ચાલુ થઈ,એટલું જ નહીં દર્દી અને તેની સાથે આવનાર લોકોને ભોજન પણ પ્રેમથી કોઈ ચાર્જ લીધા વગર આપવાનો સિલસિલો ચાલુ થયો તે આજે પણ અવિરત ચાલુ છે.અત્યાર સુધીમાં આ હોસ્પિટલમાં ૪૦ લાખ દર્દીઓની સેવા કરવામાં આવી છે.આ આંકડો નાનો નથી, અને એક પણ પ્રકારની કોઈ ફરિયાદ વગર આ સેવા સાધના થતી રહી છે. ૧૭૦ જેટલાં કર્મચારી ગણ તથા ૨૫ જેટલા તબીબોની ટીમ સતત દર્દી નારાયણ માટે દર્દ હરક દવા લઈને ઊભા જ હોય છે.દર મહિને ૭૫ લાખ રૂપિયાનો હોસ્પિટલમાં ખર્ચ થાય છે.તે નાણા મુંબઈ અને દેશાવરોમાંથી દાનથી મેળવાઈ રહ્યા છે.ધર્મના નામે અને અન્ય આચાર કે આડંબરોમાં થતા ખર્ચને બચાવીને માનવને મંદિર માનનારા લોકો પણ જગતમાં જીવે છે તેનો અહેસાસ હોસ્પિટલ કરાવી રહી છે.

આ સંસ્થાના સંચાલક શ્રી હરેશભાઈ મહેતા કહે છે કે અમે ભરોસાના શિખર ઉપર હંમેશા બેસીએ છીએ. ઈશ્વર સદકાર્યો માટે કોઈને કોઈ મદદ કરવા હંમેશા દોડી આવે છે. તેનો અહેસાસ અમે સતત અનુભવ્યો છે. આજે પણ પૂજ્ય મોરારિબાપુ માટે આ હોસ્પિટલ પોતાના રાજીપાનું સ્મિત બિંદુ બની ગઈ છે.તેનો લાભ અહીં આવનાર દરેક દર્દીઓ પ્રાપ્ત કરી રહ્યા છે. પૂજ્ય બાપુએ ૨૦૧૮માં આ હોસ્પિટલના લાભાર્થે સાવરકુંડલામાં એક કથાનું ગાન કરીને રૂપિયા ૬- ૭ કરોડ એકત્રિત કરી આપ્યા હતાં.મુંબઈમાં થનારા કાર્યક્રમમાં બાપુની ઉપસ્થિતિ એ જ પ્રકારની ઊર્જા પુરી પાડે છે. તાજેતરમાં સાવરકુંડલા ખાતે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન બાપુએ કહ્યું કે હું આ સંસ્થા ને શું આપી શકું? આપું તો આપુ મારા કથા ગાનના થોડા શબ્દો! હું આ સંસ્થા માટે આવતા દિવસોમાં અમેરિકાના વોશિંગ્ટન અથવા શિકાગોમાં કથાનું ગાન કરીને તેનું વધુ ભંડોળ એકત્ર કરવાનો પ્રયાસ કરીશું.બાપુએ આ ભંડોળમાંથી કેળવણી સંસ્થા લોકભારતીને પણ સરખો હિસ્સો આપવાનો મનોરથ જાહેર કર્યો.પરંતુ બાપુ હોસ્પિટલને પ્રાણ આપવા માટે જે દાખડો કરી રહ્યા છે,તે કાબિલે દાદ કહેવાય. કારણ કે તેઓને એહસાસ કરાવવો છે કે આજે પણ આ પ્રકારનું કામ થઈ શકે તેનું ઉદાહરણ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર છે!આવો, આપણે આરોગ્ય મંદિરના શ્રેય,ધ્યેય અને પેય માટે સાથે જોડાઈ જઈએ.હું યથાયોગ્ય સહયોગ કરીને આ સંસ્થાનું દિવેલ બનતો રહીશ.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા બે દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન

## અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા તેમજ ભારતભરમાંથી ૨૫૦ જેટલા વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ આર્ટીફીશિયલ ઈન્ટેલિજન્સ અને રીમોટ સેન્સીંગના ઉપયોગથી ટકાઉ ખેતી પદ્ધતિ વિષે પોતાના સંશોધનો રજુ કરશે

જૂનાગઢ, તા. ૨૧: જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની સેન્ટર ઓફ એક્સેલન્સ ઓન સોઇલ એન્ડ વોટર મેનેજમેન્ટ યોજના, રિસર્ચ ટેસ્ટીંગ એન્ડ ટ્રેઈનીંગ સેન્ટર દ્વારા ટ્રેઈલબ્લેઝીંગ ટ્રેન્ડસ ઇન સસ્ટેનેબલ કલાઈમેટ-રેઝીલીયન્ટ પ્રિસિઝન એગ્રીકલ્ચર થ્રૂ આર્ટીફીસીયલ ઇન્ટેલીજન્સ એન્ડ રીમોટ સેન્સીંગ ના વિષય પર બે દિવસીય ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન તા. ૨૩ અને ૨૪, જાન્યુઆરી - ૨૦૨૫ના રોજ કુલપતિશ્રી ડો. વી. પી.ચોવટીયાની પ્રેરણાથી, સંશોધન નિયામક અને ડીન, પી.જી. સ્ટડીઝ ડો. આર. બી. માદરીયાના માર્ગદર્શન હેઠળ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન ડો. એચ.ડી.રાંકના પ્રોત્સાહન તેમજ ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી (ખેતી ઈજનેરી) ડો. જી. વી. પ્રજાપતી તેમજ કો- ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. પી.એ.પંડ્યાના સતત પ્રયાસોથી આયોજન કરવામાં આવનાર છે.

આ કોન્ફરન્સ માં ભાગ લેવા અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા તેમજ ભારતભરમાંથી ૨૫૦ જેટલા વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ અને આમંત્રિતો આવી રહ્યા છે. આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ દરમ્યાન વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ, સંશોધન કર્તાઓ દ્વારા આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ અને રીમોટ સેન્સીંગના ઉપયોગથી જમીન અને જળ સંરક્ષણ તેમજ જળ વ્યવસ્થાપન, કૃષિમાં યાંત્રિકીકરણ, રીન્યુએબલ એનર્જીનો ખેતીમાં ઉપયોગ, ખેતપેદાશો નું મૂલ્યવર્ધન, વાવણીથી માંડી કાપણી સુધી ટકાઉ પાક ઉત્પાદન માટેની ટેકનોલોજીઓ, જમીન સ્વાસ્થ્ય, બાગાયતી પાકોમાં ચોકસાઈ પૂર્વકની ખેતી બાબતે સંશોધન લેખો રજુ થનાર છે. કોન્ફરન્સમાં સિલ્વર પંપ, પીડીલાઇટ ઇન્ડ્રીઝ, જીએચસીએલ, ગુજકોસ્ટ-ગાંધીનગર, અંબુજા ફાઉન્ડેશન, જીજીઆરસી -વડોદરા, પાર્થ પોલીમર પ્રા. લિ., એક્વેઆરએસપી(આઈ), ડેકોર પંપ, બાલ્કન ઈરીગેશન પ્રા.લિ. જેવી, કૃષિ આધારીત ઉદ્યોગ સાહસિકો, સહકારી સંસ્થાઓએ પણ પોતાનો સહયોગ આપ્યો છે અને જોડાઈ રહી છે.

આ બે દિવસીય ઇન્ટરનેશનલ કોન્ફરન્સનો ઉદઘાટન સમારોહ તારીખ ૨૩.૦૧.૨૦૨૫ ના રોજ સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ ઉદઘાટન સમારોહમાં અધ્યક્ષ અને મુખ્ય ઉદઘાટક શ્રી રાઘવજીભાઈ પટેલ, કેબીનેટ મંત્રીશ્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય, મુખ્ય મહેમાન તરીકે ડો. વી. પી. સિંઘ, ડીસ્ટીંગ્યુઈસ એન્ડ રીજન્ટસ પ્રોફેસર, ટેક્ષાસ એ એમ યુનિવર્સીટી, યુ.એસ.એ., અતિથિ વિશેષશ્રીઓ તરીકે ડો. એસ. એન. ઝા, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (કૃષિ ઈજનેરી), ઈન્ડીયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ, ન્યુ દિલ્હી અને ડો. એ. આર. પાઠક, પૂર્વ કુલપતિશ્રી, જુનાગઢ અને નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સીટી, જ્યારે ખાસ આમંત્રિત મહેમાન તરીકે ડો. નિશા રાજેશ, વડાશ્રી, ઇન્ટરનેશનલ સ્ટ્રેટેજી ફોર ફુડ એન્વાયરમેન્ટ, વેસ્ટર્ન સિડની યુનિવર્સીટી, ઓસ્ટ્રેલિયા અને પેટ્રોન તરીકે ડો. વી. પી. ચોવટીયા કુલપતિશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, કન્વીનરશ્રી ડો. આર. બી. માદરીયા, સંશોધન નિયામક અને ડીન, પી.જી. સ્ટડીઝ, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. જી.વી.પ્રજાપતી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી (ખેતી ઈજનેરી) તેમજ જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના અધિકારીશ્રીઓ, પ્રિન્સિપાલ અને ડીનશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, સંશોધન ઇજનેરશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહેનાર છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના ઘરઆંગણે યોજાનાર સૌપ્રથમ ઇન્ટરનેશનલ કોન્ફરન્સની વૈશ્વિક સ્તરે સવિશેષ નોંધ લેવાયેલ છે, જેમાં કુલ ૨૫૦ જેટલા વૈજ્ઞાનિકો, કૃષિ તજજ્ઞો, બાગાયત શાસ્ત્રીઓ, કૃષિ ઈજનેરો, સરકારી અધિકારીશ્રીઓ, કૃષિ ક્ષેત્રે સંકળાયેલા ઉદ્યોગકારો, જાગૃત ખેડૂતો, વિદ્યાર્થીઓ વિગેરે ભાગ લેવા જઈરહ્યા છે. જેમાં ૧૦ વૈજ્ઞાનિકો પણ ભાગ લેનાર છે. આ બે દિવસીય કોન્ફરન્સ દરમ્યાન વિવિધ ટેકનીકલ સેશનોમાં ૨૧૫ જેટલા ઓરલ અને પોસ્ટર પ્રેઝન્ટેશનો કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, સરદાર સ્મૃતિ કેન્દ્ર તેમજ પરીતળાવ બોટનીકલ ગાર્ડન ખાતે યોજવામાં આવશે. ઉત્કૃષ્ટ પ્રેઝન્ટેશન કરનાર વૈજ્ઞાનિક/વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવનાર છે.

# ૭૬મા ગણતંત્ર દિને ગુજરાતની તમામ પોસ્ટ ઓફિસમાં યોજાશે 'ડાક ચોપાલ'

રાજકોટ તા. ૨૧: ભારતીય ડાક વિભાગ દ્વારા ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ગુજરાત પરિમંડલમાં ૭૬મા ગણતંત્ર દિવસ નિમિત્તે દરેક પોસ્ટ ઓફિસમાં 'ડાક ચોપાલ'નું આયોજન કરવામાં આવશે.

રાજકોટના સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, ડાક ચોપાલનો ઉદ્દેશ્ય સમાજના છેવાડાના વર્ગ સુધી આવશ્યક સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓ પહોંચાડવાનો છે, જેનો લાભ ગુજરાતના લોકો અને તમામ



લાભાર્થીઓને મળશે. કેન્દ્રીય સેવાઓની સાથે, રાજ્ય કક્ષાની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ એક છત્ર નીચે મળી શકશે. 'સરકારી સેવાઓ તમારા દ્વારે' હેઠળ, નાણાકીય સેવાઓ, વીમા, પેમેન્ટ બેંક સેવાઓ, ડીબીટી, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિત તમામ નાગરિક-કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃતિ ફેલાવીને લોકોને લાભ આપવામાં આવશે. ડાક વિભાગે તેના કાર્યોનો વિસ્તાર કર્યો છે અને ડિજિટલ માધ્યમો દ્વારા તેની સેવાઓને વધુ સુલભ બનાવી છે. આ સ્થિતિમાં, ગણતંત્ર દિવસના શુભ અવસર પર, સમાજના છેવાડાના વ્યક્તિ સુધી ડિજિટલ ઇન્ડિયા, નાણાકીય સમાવેશ અને અંત્યોદયની સંકલ્પના સાથે જોડવા માટે ગુજરાતના વિવિધ સ્થળોએ ડાક ચોપાલનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ નાગરિકોને સરકારી યોજનાઓ સાથે સીધા જોડવાનો એક અસરકારક માર્ગ સાબિત થશે તેમ શ્રી યાદવે ઉમેર્યું હતું.


# વીરદાદા જશરાજની પુણ્યતિથિ ગૌભકિતની અનુપમ કથા

ભારત દેશમાં ગૌ માતા માટે પ્રાણ ન્યોછાવર કરનારા અનેક વિરલાઓને વંદન. તા. ૨૨મી જાન્યુઆરી દાદા જશરાજનો મહાપ્રયાણ દિન છે. પ્રચંડ પ્રભાવિક વીર યોદ્ધા મહા માનવ દાદા જશરાજે તા. ૨૨-૦૧-૧૦૫૮ રોજ ગૌરક્ષા કાજે શહીદી વહોરી, તે દિવસને લોહાણા (લોહરાણા) સમાજ દ્વારા આર્શીવાદ માટેના ખાસ દિવસ અને સમુહ પ્રસાદ-ભોજન તરીકે ઉજવવામાં આવે છે, જેમાં તમામ જ્ઞાતિ-જાતિના લોકો ભેદભાવ વગર જોડાઈને દાદા જશરાજને શ્રધ્ધાંજલી અપી તેમના બલિદાનને ગૌરવપૂર્વક યાદ કરે છે.

જયારે જયારે વસુંધરા ઉપર અધર્મીઓ કે વિધર્મીઓનો ત્રાસ અબોલ કામધેનું સમાન ગૌમાતાઓ પર થાય છે ત્યારે અધર્મીઓના નાશ માટે દાદા જશરાજ જેવા વીરપુરૂષોનો આ અવની ઉપર જન્મ થાય છે. ગૌહત્યા થતી રોકવા અને સમાજમાં ફેલાતી અરાજક્તાના સમયે વસ્તુપાળ અને માતા રન્નાદે ઠકરારના ખોળે દાદાનો જન્મ થાય છે. ૧૧ મી સદીમાં મધ્યભાગ સુધી લોહરાણા (લોહાણા) ઓએ અણનમ યૌદ્ધાઓની માફક સંગઠીત થઈને વિધર્મી દુશ્મનોના મુળીયા ઉખેડી નાંખેલ. હિંગળાજ માતાજીની ઉપાસના કરતા લોકોની લાજ લોહરાણાઓએ રાખેલ.

દાદાની જન્મભૂમિ લાહોર. અફઘાનીઓ લોહરાણા સામે લડી લડીને થાકી ગયા કેમ કે ૧૧ મી સદીમાં દાદા જશરાજ જેવા લોકનેતાઓએ લોહરાણાઓને ખૂબ જ સંગઠીત કર્યા હતા. તક્ષશિલા, લેહ, લદાખ, સામ્બકોટ, બીજકોટ, ઉન્ડકોટ વિગેરે લાહોર ચોવિસીમાં હિન્દુસ્તાનની સરહદે આવેલા પ્રાંતોનું સરહદનું રક્ષણ લોહરાણાઓ કરતા હતા. પરંતુ પ્રાચિન કાળથી ભારતની આર્થિક સમૃધ્ધિ અને ધાર્મિક જાહોજલાલી જોઈને આરબો, તુર્કીઓ તેમજ ઈરાની શાસકોએ જ્યારે જયારે તક મળી ત્યારે લુંટના ઈરાદે હુમલાઓ કરેલા, જેની સામે પડી, ત્રણ સદી સુધી સરહદી સંત્રીઓ, તેમજ લોહારાણાઓએ આર્યવ્રતનું પાલન કરી, પરાક્રમ, ખુમારી, શોર્ય અને એકતાથી ભારતીય સંસ્કૃતિનું અભૂતપૂર્વ રક્ષણ કર્યુ હતું.

દાદા વસ્તુપાળ અને એમની સેનાએ મહમદ ગઝનીને સરહદેથી ખદેડી મુક્યો હતો. મહમદ ગઝનીના પુત્ર જલાલુદીનને દાદા વસ્તુપાળ અને હરપાળે મારી ભગાવ્યો હતો. જલાલુદીનના નોકર ફિરોજખાને કાબુલ-કંદહારની હદમાં છાવણીઓ નાખી દગો, ફટકો અને કપટ કરી સમાધાન ના નામે દાદાભીસ્મ હરપાળને બોલાવી તેમની પાછળ ઘા કરી હત્યા કરી નાખી. તે વખતે હરપાળની મદદે અપંગ યોદ્ધા વીર વચ્છરાજે સામી છાતીએ લડીને ફિરોજખાનને મારી નાંખી પૃથ્વી ઉપરનો ભાર હળવો કર્યો. પરંતુ વેરની આગમાં જલી રહેલા વિધર્મીઓએ યુધ્ધના નિયમ વિરૂદ્ધ રાતના અંધકારમાં સિંધુ ખેતના કિલ્લા પર છુપો છાપો માર્યો. એટલું જ નહીં પોતાના સૈન્યની સાથે સાથે ગૌમાતાઓને પણ ભેળવી દેવામાં આવી. આથી નાછુટકે અને નાઈલાજે ગૌ માતાઓનું રક્ષણ કરવા માટે હાથોહાથની લડાઈનો જંગ જામ્યો. આ સત્યકથાની સૌથી આશ્ચર્ય બાબત એ છે કે આ જીવ-સટોસટના જંગમાં લોહરાણીઓ પણ ઝંપલાવે છે અને વિશ્વના ઈતિહાસમાં વિરલ વિરાંગનાપણું પણ કહી શકાય તેવું નારી વિસંગતતા પણ પ્રગટ થાય છે. લોહરાણી હરકોર,




બિજલ, બ્રજકોર, લક્ષ્મી અને જયકુંવરની આગેવાની હેઠળ હજારો લોહરાણી મહિલાઓએ યુધ્ધ જીતી દેખાડયું. મહારાણા વસ્તુપાળની શહિદીનો બદલો લીધો. દાદા જશરાજના બે ભાઈઓએ પણ શહિદી વહોરી લીધી. તેમની બે બહેનો હરકુંવર અને કેશળીબાળા પણ નાની વયે સિંહના મુખમાંથી ગૌમાતાને મુક્ત કરતા - કરતા મોતને ભેટયા હતા. આવા બહાદુર કુટુંબ માં દાદા જશરાજનું પાલન પોષણ થયેલું. રાજપાઠની જવાબદારી વીર દાદા જશરાજનાં શીરે આવી. તે વખતે દાદાની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી. એ વખતે કુલગુરૂ સ્વામી રત્નેશ્વરજી દાદા જશરાજને હરએક પ્રકારે તાલીમઆપી કારભારની જવાબદારી સોંપે છે.

કાચી ઉંમરે રાજ્યારોહણ થયેલું છતાં દાદા જશરાજ પોતાનો મહારાણા મુગટ અને રાજ દંડને સિંહાસન ઉપર મૂકી લાહોરને પ્રજાસતાક રાજ્ય જાહેર કરે છે અને પ્રતિજ્ઞા કરે છે કે '' વતન ઉપર છ્વાયેલી વિધર્મીઓની હીનવૃતિઓ અને મલીન શાસકોનો ઝડમૂળથી વિનાશ કરવામાં આવશે''. આ વીર દાદા જશરાજ એટલે રાજયના છેલ્લા શાસક. તેમની યશસ્વી, ભવ્ય અને તેજસ્વી શૌર્ય ગાથા આલેખવાનો અને તેમની વન ઝરમરનો આછેરો અણસાર આપવાનો પ્રયાસ છે.

આ મહાન ગૌપ્રેમી, પરાક્રમી અને વીર પુરૂષનું અપ્રતિમ શોર્ય અને હિંમત જોઈને અફઘાનીઓ તંગ આવી ગયા. તેમને યેનકેન પ્રકારે મારી નાખવા સંસદ બોલાવીને દાદા જશરાજના માથા માટે બે લાખ અશરફીનું ઈનામ જાહેર કર્યુ. આ સમાચાર સાંભળી દાદા પોતાના વિશ્વાસુ સાથીદાર એવા સિંધુ શર્મા સાથે કાબુલ નરેશના ભરદરબારમાં પહોચે છે અને એના જ દરબારમાં એને હણીને લાહોરનો ધ્વજ ફરકાવે છે આ રીતે પોતાના પિતાની ઈચ્છાપૂર્તિ કરી પિતૃઋણ અદા કરે છે. જગતના ઈતિહાસમાં આ એક વિરલ ઘટના છે, કારણ કે વિશાળ સૈન્ય અને યોદ્ધાઓ ધરાવતા શાહી દરબારમાં જઈને તેને પડકારી સામી છાતીએ લડવું તે નાનીસુની વાત ન હતી. આજે પણ દાદા જશરાજની વિરતા ગાતુ અને દાદાએ ફેકેલ ભાલાનું નિશાન બતાવતું વિધાયેલું સિંહાસન કંદહારના મ્યુઝીયમમાં રાખવામાં આવેલું છે. પ્રચંડ વીરતા અને નિડરતાને વરેલા વસ્તુપાળના અને રણચંડીનું રૂપ ધારણ કરીને સેકડો વિધર્મી-અધર્મીઓને એકલે હાથે મોતને ઘાટ ઉતારનાર માતા રન્નાદે ઠકરારના શિલાલેખો તૈમુરના જંગલોમાં આજે પણ મૌજુદ છે. આજ રન્નાદે - રાંદલમા તરીકે સર્વત્ર પૂજાય છે. જે મનની માંગણીઓ અને ઓરતા, લાગણી અને લાડકોડ પ્રેમભાવથી પુર્ણ કરે છે.

ત્યાર બાદ દાદાએ કુટુંબમાં, સમાજમાં અને રાજયોમાં ભાઈ ભાઈ વચ્ચેના નાના-મોટા મનદુખો દૂર કરાવી લોહીના સંબંધની સાચી ઓળખાણ કરાવી જબરૂ સામાજિક સંગઠન ઉભુ કર્યુ અને પરસ્પર પ્રેમ-ભાવ વધારવાનું વિરલ કાર્ય કર્યુ. સંઘ શકિત કલો યુગે... એ કહેવતને યર્થાથ ઠરાવીને દાદાએ દુશ્મનોની મેલી મુરાદોને માટીમાં મેળવી. મંગોલિયાના રાજા પહ્મદેવ સારસ્વતના અનોખા બલિદાન બાદ કિલ્લાનો દરવાજો ખોલતા જ દાદા જશરાજે યુધ્ધમાં તલવારના એક જ ઝાટકે ચંગીઝખાનનું માથું ધડથી નોખું કરી નાખ્યું હતુ, જેનો પણ તૈમુરના જંગલોના શિલાલેખમાં ઉલ્લેખ છે.

૨૪ વર્ષે ઉંડકોટના રાજા રઘુપાલની દિકરી સૂર્યકુમારી સાથે વસંત પંચમીના રોજ દાદા જશરાજના લગ્ન નિર્ધારિલા હતા. આ સમાચારથી અકળાયેલા વિધર્મીઓ, ઈરાનીઓ, આરબો અને ગીઝનીઓએ એકત્રીત થઈને, ના-પાક કાવત્રુ રચી, લગ્નના દિવસે ગૌમાતાઓના સમુહને લૂંટારૂઓના સ્વાંગમાં લૂટયા અને ગૌ હત્યા કરવા લાગ્યા. આથી સમગ્ર પ્રાંત અને પ્રદેશમાં હિંદુઓની લાગણીઓ ખુબ દુભાણી, પરંતુ દાદાના જમણા હાથ સમાન સિંધુ શર્માએ (જે આજે ધરાદેવ તરીકે પુજાય છે) દાદા જશરાજને લગ્નમાં ખલેલ ન પહોચે એટલે ખાનગીમાં થોડા બાહોશ પણ મુઠ્ઠીભર સૈનિકોને લઈને ગૌ લૂટારાઓનો પીછો કર્યો અને ગૌ માતાને છોડાવી. પરંતુ તરંગાઈ નદીની ખીણ પાસેના ડુંગરાળ જંગલમાં સમશુદીને દગા-ફટકાથી સાજીસ રચીને પાછળથી હુમલો કર્યો, જેમાં સિંધુ શર્મા પોતાનો સ્વ-બચાવ ન કરી શકયા અને વિરગતીને પામ્યા. વિધર્મીઓ સિંધુ શર્માની લાશને ઘોડા ઉપર લટકાવીને જયાં દાદાના પરણેતરા ચાલતા હતા ત્યાં ઘાયલ ઘોડા સાથે મોકલે છે. આ દશ્ય જોઈને દાદા વ્યથિત અને ક્રોધિત થાય છે, મંડપ મધ્યે પહેરેલો સાફો ઉતારી, સ્વસુર પક્ષની બે હાથ જોડી વિદાય લઈ, પોતાના પ્રિય અશ્વલાલુ સાથે, તલવાર, ભાલા, ઢાલ, બખ્તર લઈ સવાર થઈને જંગે ચડયા અને મુખ્ય કાવત્રાખોર સમશુદીનનો ખાત્મો બોલાવ્યો. દુશ્મન દળોએ ફરીથી દગો અને કાવત્રુ કર્યુ. એક વિધર્મી ભારતીય સૈનિકોનો બનાવટી વેશ ધારણ કરી ઠાકુરના પહેરવેશમાં આવ્યો અને પ્રપંચથી દાદા ઉપર પીઠ પાછળથી કરેલા ઘા દવારા દાદાના મસ્તકને કાપી ધડથી અલગ કરી નાખ્યું. કપાયેલું ધડ બે દિવસ સુધી લડતું રહયું. આ પરમ શકિતના અવતારને શાંત કરવા માટે, ધડ ઉપર પવિત્ર જળ છાંટી લોહરાણા સરદારોએ પ્રતિજ્ઞા કરી કે ''હવેથી લોહરાણાઓ લગ્ન સમયે સફેદ પાઘડી ધારણ કરશે અને તેના ઉપર કંકુ-ચોખાના છાંટણા કરશે.'' જયારે લોહરાણીઓએ સફેદ પાનેતર પહેરી દાદા-જશરાજની શહિદીનો અંતરથી શોક મનાવ્યો. ત્યારે દાદાનું ધડ શાંત થયું.

આવા કલ્યાણકારી, પરમ પાવક, ગૌભકત અને લોહાણા સમાજના ઈષ્ટદેવ દાદા જશરાજનું તા. ૨૨-૦૧-૧૦૫૮ના રોજ અવસાન થયું. દાદાનો પ્રિય અશ્વ લાલુ, પ્રિય સેનાપતિ સિંધુ શર્મા અને ત્યાર બાદ દાદાનું પૂજન થાય છે. આજના દિવસે ગૌ-માતાની સેવા કરવી, ગાયોના ઉત્કર્ષ માટે કાર્ય કરવું એ આ ત્રણેય વિભુતિઓનું તર્પણ કરવા બરાબર છે. ધન્ય છે ભારતના ગૌ -ભકત શહિદોને. આજે પણ લોહાણા સમાજના અનેક નામી અનામી ગાય માતાની સેવા-પૂજામાં પ્રવૃત છે તેવા ગૌપ્રેમીઓ - ગૌભકતો-ગૌસેવકોને લાખ લાખ વંદન સહ દાદા જશરાજને નમન.

-ડો. વલ્લભભાઈ કથીરિયા
પૂર્વ મંત્રી,ભારત સરકાર,
પૂર્વ ચેરમેન - રાષ્ટ્રીય કામધેનુ આયોગ

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૪૨૬નો ઉછાળોઃ ચાંદીના વાયદામાં રૂ.૧૭૯ની વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં રૂ.૬૫ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૧૪૨.૦૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૫૭૧૧.૯૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૪૮૯.૨૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૧૯૧૫૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૫૮૫૪.૭૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૧૪૨.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૫૭૧૧.૯૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૯૧૫૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૦૨૪.૬૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૪૮૯.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮૯૪૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૯૦૩૭ અને નીચામાં રૂ.૭૮૭૯૭ના મથાળે અથડાઈ, રૂ.૭૮૫૪૪ના આગલા બંધ સામે રૂ.૪૨૬ વધી રૂ.૭૮૯૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૧ વધી રૂ.૬૩૫૬૫ના ભાવ થયા હતા. જ્યારે ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૬ વધી રૂ.૭૮૩૫ના ભાવ થયા હતા. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૦ વધી રૂ.૭૮૯૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૧૭૬૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨૩૬૧ અને નીચામાં રૂ.૯૧૪૩૨ના સ્તરને સ્પર્શી, રૂ.૯૧૪૪૨ના આગલા બંધ સામે રૂ.૧૭૯ વધી રૂ.૯૧૬૨૧ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦૨ વધી રૂ.૯૧૬૫૬ના ભાવે બોલાયો હતો. જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૨૩૭ વધી રૂ.૯૧૬૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૧૩૩.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ જાન્યુઆરી વાયદો ૫૦ પૈસા ઘટી રૂ.૮૩૧.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે જસત જાન્યુઆરી વાયદો રૂ.૨.૨૫ ઘટી રૂ.૨૭૬.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૫૪.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું જાન્યુઆરી વાયદો રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૭૬.૯ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૫૨૬.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૬૬૪૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૬૬૧ અને નીચામાં રૂ.૬૫૩૪ના મથાળે અથડાઈ, રૂ.૬૬૧૩ના આગલા બંધ સામે રૂ.૬૫ ઘટી રૂ.૬૫૪૮ના ભાવ થયા હતા. જ્યારે ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૧ ઘટી રૂ.૬૫૫૪ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૩.૨ વધી રૂ.૩૩૫.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૩.૨ વધી રૂ.૩૩૫.૧ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૨૨.૫ના ભાવે ખૂલી, ૫૦ પૈસા વધી રૂ.૯૨૪.૫ના ભાવે બોલાયો હતો. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો ખાંડીદીઠ રૂ.૭૦ ઘટી રૂ.૫૩૬૦૦ના ભાવ થયા હતા.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૮૦૭.૩૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૬૮૧.૮૭ કરોડના વેપાર થયા હતા. તાંબાના વાયદાઓમાં રૂ. ૪૮૪.૮૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૭.૬૨ કરોડ, સીસુ અને સીસુ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૨.૮૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૮.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૦૭.૭૪ કરોડનાં વેપાર થયા હતા. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૧૯.૧૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ. ૪.૨૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદાઓમાં રૂ. ૭.૯૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૩૮૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૭૮૦૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૫૭૦૭ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૭૦૮૩૧ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૩૮૮૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૬૮૦ લોટ અને ચાંદી-માઈક્રો




વાયદાઓમાં ૧૪૮૯૧૨ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૯૩૦૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૬૧૬૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૯૧૬૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૧૯૧૯૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૧૯૧૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૫ પોઈન્ટ વધી ૧૯૧૫૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૯ ઘટી રૂ.૧૬૦ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા વધી રૂ.૧૦.૧ના ભાવ થયા હતા.

સોનું જાન્યુઆરી રૂ.૭૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧ વધી રૂ.૫૩૩.૫ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૫ વધી રૂ.૨૬૫૦.૫ના ભાવ થયા હતા. તાંબુ જાન્યુઆરી રૂ.૮૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૦૬ ઘટી રૂ.૫.૧૫ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૨ પૈસા ઘટી રૂ.૦.૭ના ભાવ થયા હતા.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૬૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૦.૫૫ ઘટી રૂ.૨૦૩.૧૫ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા વધી રૂ.૧૦.૩ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૭૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦.૫ વધી રૂ.૫૨૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬ વધી રૂ.૨૫૪૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૯ વધી રૂ.૨૫૩.૮ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩ ઘટી રૂ.૯.૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૭૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪ ઘટી રૂ.૨૦૬.૫ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૦.૫ ઘટી રૂ.૧૯૪૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબુ જાન્યુઆરી રૂ.૮૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૪ ઘટી રૂ.૩.૯૪ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૫ પૈસા વધી રૂ.૧.૫૬ના ભાવ થયા હતા.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૪૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૭.૮૫ના ભાવે બોલાયો હતો. આ સામે નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ ઘટી રૂ.૯.૦૫ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૭૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૧.૫ ઘટી રૂ.૬૦૦ના ભાવ થયા હતા. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૫.૫ ઘટી રૂ.૨૩૧૨.૫ના ભાવે બોલાયો હતો.

# રાજકોટ ભગવતીપરામાં હુમલામા ઘવાયેલા યુવકનું મોત, બનાવ હત્યામાં પલટાયો

## દોઢ માસ પૂર્વે ત્રણ શખ્સોએ યુવાનને છરી ઝીંકી આંતરડા કાઢી નાખ્યા'તા સારવાર દરમિયાન દમ તોડ્યો

રાજકોટ તા.૨૧: શહેરના ભગવતીપરામાં દોઢ માસ પૂર્વે ફાકી આપવાનો ઈન્કાર કરનાર યુવક પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જે બનાવમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાર્દિક ચૌહાણે અંતે સારવાર દરમિયાન દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાઈ જવા પામ્યો છે. ભગવતીપરા રેલ્વે ફાટક પાસે શેરી નં. ૧માં રહેતાં હાર્દિક ઉર્ફે હિતેષ નટુભાઇ ચૌહાણ (ઉ.વ.૨૪) નામના યુવાન પાસે તા. ૧-૧૨-૨૪ના રાતે તે ઘર નજીક ફાકી ખાવા ગયો ત્યારે ત્રણ અજાણ્યા શખ્સોએ આવી ફાકી માંગતા તેણે ફાકી નથી તેમ કહેતાં તેના પેટમાં છરી ઝીંકી આંતરડા બહાર કાઢી નાંખી હત્યાનો પ્રયાસનો ગુનો નોંધ્યો હતો. આ યુવાનનું સારવાર દરમિયાન આજે સવારે મોત થતાં બનાવ હત્યામાં પલટાઇ ગયો છે. આ પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આ યુવાનને છરી ઝીંકનાર સગીર સહિત ૪ જણાએ ટોળકી રચી એ રાતે જ ત્રણ સ્થળે લૂંટ કરી છરીથી હુમલા કર્યા હતાં. જે શંકા સાચી ઠરી હતી અને પોલીસે લૂંટ, હત્યાની કોશિષના ગુનાઓ આચરનારા સની ઉર્ફે ચડીયો કલુભાઇ ઉધરેજીયા (ઉ.વ.૧૮-રહે. ભગવતીપરા), સાગર શામજીભાઇ ઉધરેજીયા (ઉ.વ.૧૮), શિવરાજ વિનુભાઇ ઉધરેજીયા (ઉ.વ.૨૧-રહે. લાલપરી તળાવ પાસે) તથા એક સગીરને દબોચી લઇ ચારેય પાસેથી તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બીજી તરફ સારવારમાં રહેલા હાર્દિક ઉર્ફે હિતેષ નટુભાઇ ચૌહાણને અગિયાર દિવસ સારવાર બાદ ૧૧/૧૨ના રોજ રજા અપાઇ હતી. પણ ૩૧મીએ ફરી તબિયત બગડતાં ફરી સિવિલના આઇસીયુમાં દાખલ કરાયો હતો. અહિ આજે સવારે તેણે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પરિણમતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

# જામનગરઃભરવાડ યુવાનનું બેશુદ્ધ અવસ્થામાં મૃત્યુ

(નયના દવે દ્વારા)


જામનગર તા.૨૧: જામનગરમાંથી એક યુવાન બેશુદ્ધ અવસ્થામાં મળી આવ્યો હતો, અને તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક દરેડ ગામમાં રહેતો અને મજૂરી કામ કરતો રાજુભાઈ કરમણભાઈ વકાતર નામનો ૩૨ વર્ષનો ભરવાડ જ્ઞાતિનો યુવાન ગઈકાલે બેશુદ્ધ અવસ્થામાં મળી આવ્યો હતો, તેથી તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતક ના સંબંધી બાબુભાઈ પરબતભાઈ વકાતરે પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝન ના એ.એસ.આઇ. એસ.એસ. જાડેજા એ મૃતદેહનો કબજો સંભાળી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવ્યું છે, અને સમગ્ર બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

# ભાયાવદર પોલીસે દેશી દારૂની ભઠ્ઠી ઉપર રેડ કરી રૂા.૩.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા તા.૨૧: ભાયાવદર પોલીસ સ્ટેશનના પી.આઈ. દર્શક મજીઠીયા તેમજ ભાયાવદર પોલીસ સ્ટાફ દ્વારા ઉપલેટા તાલુકાના ઝાળ ગામ પાસે આવેલ જીંજુડીયા નેસ, ખોડીયાર મંદિર પાસે આવેલા વોકળા કાંઠે ચાલી રહેલી દેશી દારૂની ભઠ્ઠી ઉપર રેડ કરી દેશી દારૂ આથો તેમજ દેશી દારૂ બનાવવા માટેની ભઠ્ઠીઓના સાધનો અને સંસાધનો સહિત કુલ રૂપિયા ૩,૪૫,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરીને ચાર જેટલા વ્યક્તિઓ સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ભાયાવદર પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.બી. મજીઠીયા તેમજ ભાયાવદર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ભાયાવદરના પોલીસ સ્ટેશન વિસ્તારની અંદર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ઉપલેટા તાલુકાના શહીદ ખારચીયા ગામના પુલ પાસે રોડ પર આવતા બાતમી મળી હતી કે, ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ઉપલેટા તાલુકાના ઝાળ ગામની સીમમાં જીંજુડીયા નેસ, ખોડીયાર માતાજીના મંદિર નજીક આવેલ વોકળા કાંઠે ઉપલેટા તાલુકાના ઢાંક ગામનો ભાવિન ઉર્ફે ભાયો આલાભાઈ બઢ નામનો વ્યક્તિ દેશી દારૂની ભઠ્ઠી ચલાવે છે તેવી બાતમી મળતા બાતમીના આધારે ભાયાવદર પી.આઈ. તેમજ ભાયાવદર પોલીસ સ્ટાફ દ્વારા દેશી દારૂની ભઠ્ઠી ઉપર રેડ કરી હતી જેમાં આ રેડ દરમિયાન ભાયાવદર પોલીસને ૧૦૦૦ લીટર દેશી દારૂ, દારૂ બનાવવા માટેનો ગરમ આથો ૫૦૦ લીટર, દેશી દારૂ બનાવવા માટેનો ઠંડો આથો ૪૪૦૦ લીટર તેમજ દારૂની ભઠ્ઠી ના અલગ-અલગ સાધનો સહિત કુલ રૂપિયા ૩,૪૫,૫૦૦/- નો મુદ્દા માલ મળી આવ્યો ત્યારે આ રેડ દરમિયાન કોઈપણ હાજર ન હોવાનું સામે આવ્યું છે જે બાદ આ તમામ મુદ્દામાલ કબજે કરી ભાયાવદર પોલીસે ઢાંક ગામના ભાવિન ઉર્ફે ભાયો આલાભાઈ બઢ, મોહન ઉર્ફે દુદો બાબુભાઈ બઢ, કમલેશ ઉર્ફે કમો બાબુભાઈ બઢ તેમજ વિશાલ બાબુભાઈ પરમાર નામના વ્યક્તિ સામે પ્રોહિબિશનની કલમ હેઠળ ગુનો નોંધી ચારેય વ્યક્તિઓની શોધખોળ શરૂ કરી છે.

આ સમગ્ર કામગીરીમાં ભાયાવદર પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.બી. મજીઠીયા, એ.એસ.આઈ. પંકજસિંહ જાડેજા, વિરમભાઈ વાવણી, હેડ કોન્સ્ટેબલ પ્રેમજીભાઈ કિહલા, લાલજીભાઈ તલસણીયા, કોન્સ્ટેબલ વિજયભાઈ ભિંભા, નિલેશભાઈ ચૌહાણ તેમજ ડ્રાઈવર કોન્સ્ટેબલ નવદીપભાઈ બાબરીયા સહિતનાઓ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

ભાયાવદર પોલીસે દેશી દારૂની ચાલી રહેલી ભઠ્ઠી ઉપર સપાટો બોલાવતા દેશી દારૂ ચલાવતા વ્યક્તિઓમાં ફફડાટ ફેલાયો હોવાનું પણ સામે આવ્યું છે આ સાથે ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ડુંગરો, નેસ, જંગલ વિસ્તારની અંદર અને આસપાસના વિસ્તારમાં ઊંડાણપૂર્વક અને ઓચિંતી તપાસ અને રેડ કરવામાં આવે તો પોલીસને હજુ પણ ઘણી પ્રવૃત્તિઓ ચાલતી હોય તે મળી શકે છે અને હજુ પણ વધુ ભઠ્ઠીઓ અને દેશી દારૂના હાટડાઓ પકડાઈ શકે તેવી ચર્ચાઓ આસપાસના વિસ્તારના લોકોમાં શરૂ થઈ રહી છે ત્યારે આ રેડ પડતા હાલ થોડા સમય માટે આસપાસના વિસ્તારમાં ચાલતી આ પ્રકારની પ્રવૃત્તિઓ થોડો સમય માટે બંધ રહેશે તેવી પણ ચર્ચાઓ શરૂ થઈ છે.

# જેતપુરમાં અરજદારોના ક્રેડિટ કાર્ડમાંથી નાણાં ખંખેરી લેનાર પૂર્વ બેંક કર્મીની ધરપકડ

## બેંકના ક્રેડિટ કાર્ડ સંબંધિત કામ માટે આવતા અરજદારોના મોબાઈલ મેળવી બેલડી નાણાં ટ્રાન્સફર કરી લેતી'તી

રાજકોટ તા.૨૧: જેતપુરની બેંકમાં ક્રેડિટ કાર્ડનું કામ સંભાળતા કર્મચારીએ અગાઉ દસ લોકો સાથે આર્થિક છેતરપિંડી આચરી લીધાનું સામે આવ્યા બાદ જેતપુર સીટી પોલીસની ટીમે તાત્કાલિક આરોપીની ધરપકડ કરી લીધી છે. જે બાદ આરોપીએ અન્ય એક શખ્સનું નામ આપતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

સમગ્ર મામલાની જો વાત કરવામાં આવે તો ચંદ્રિકાબેન નટવરલાલ ભગવાનજીભાઈ માલવીયા (ઉ.વ.૫૨ રહે. કેનાલ કાંઠે, રૈયારાજ-૨, તા.જેતપુર જી.રાજકોટ )એ જેતપુર સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું મારૂ તથા મારા પતિ નટવરલાલનું આશરે છેલ્લા પંદરેક વર્ષથી બેન્ક ઓફ બરોડા જેતપુર શાખામાં જોઇટ સેવિંગ બેન્ક એકાઉન્ટ છે. મારી પાસે ઘણા સમયથી બેંક ઓફ બરોડાનુ ક્રેડીટ કાર્ડ છે પણ અમે તેનો ઉપયોગ કરતા નથી.


ફરિયાદીએ જણાવ્યું હતું કે, આજથી આશરે ત્રણેક માસ પહેલા મને ફોન આવેલ કે તમારે ક્રેડીટ કાર્ડના બીલના રૂ.૭૦,૦૦૦ ચુકવવાના છે, જેથી હુ બેંકે ગયેલ તો મને જાણવા મળેલ કે, પ્રદિપએ ક્રેડીટ કાર્ડ બંધ કરવાના બહાને મારો મોબાઇલ ફોન લઇ જતા હતા અને મારા મોબાઇલમાંથી ઓ.ટી.પી. લઈને મારા ક્રેડીટ કાર્ડમાંથી પૈસા ઉપાડી લેતા હતા. આ સમયે બેંક ખાતે ચંદુલાલ કાપડીયા, ચદ્રેશભાઇ ભોજવાણી, દિપેનકુમાર હરસુરીયા પણ હાજર હતા અને આ પ્રદીપએ તેમની સાથે પણ આ પ્રકારે છેતરપિંડી આચરી આર્થિક લાભ મેળવી લીધાનું જાણવા મળ્યું હતું. જે બાદ તમામ ભોગ બનનાર પોલીસ મથકે જતાં ત્યાં જાણવા મળેલ કે, મગનભાઈ કરશનભાઈ વીરાડીયાના રૂ.૨૦,૦૦૦, ચન્દ્રકાંતભાઈ પુંજાભાઈ મકવાણાના રૂ. ૧૫,૦૦૦, શારદાબેન ભરતભાઈ કથીરીયાના રૂ.૩૧૦૦૦ ચંદુલાલ ચત્રભુજભાઈ કાપડીયાના રૂ.૪૦,૦૦૦, ચદ્રેશભાઈ ધરમદાસ ભોજવાણીના રૂ.૨૮,૦૦૦, દિપેનકુમાર રામચંદ હરસુરીયાના રૂ.૫૮,૫૦૦, સમીરભાઇ રજાકભાઈ ભટ્ટીના રૂ. ૧૦૮૯૨, ચેતનકુમાર ચુનીલાલ ગઢીયાના રૂ.૫૦,૦૦૦, મંજુબેન પીયુષભાઈ ગુજરાતીના રૂ.૪૧,૭૪૬ની છેતરપિંડી પ્રદીપ વાળાએ આચરી છે. ત્યારબાદ જેતપુર સીટી પોલીસના પીઆઈ એ ડી પરમાર, એસએસઆઉં ભાવેશભાઈ ચાવડા અને રવજીભાઈ હાપલીયા સહીતની ટીમે તાત્કાલિક આરોપી પ્રદીપ વાળાની ધરપકડ કરી હતી. પ્રદીપ વાળા આ પ્રકારે ઠગાઈ આચરતો હોવાનું ધ્યાને આવતા ચારેક માસ પૂર્વે બેંકમાંથી તેને કાઢી મુક્યાનું સામે આવ્યું હતું. પ્રદીપ ક્રેડિટ કાર્ડની અરજીઓ લઈને આવતા અરજદારોનો મોબાઈલ મેળવી ઓટીપી જનરેટ કરી મિત્ર રવિ માનસિંગ વાળાને મોકલી નાણાં ટ્રાન્સફર કરી લેતો હતો. જેથી પોલીસે હવે કચ્છના માંડવીમાં રહેતા રવિ વાળાની શોધખોળ શરૂ કરી છે.

# જેતપુરના દેવકીગાલોલ ગામે યુવાન પર બંધુએ કર્યો હુમલો

## ઘર પાસે ગાળો બોલવાની ના કહેતા માથામાં પાઈપ ઝીંક્યા

રાજકોટ તા.૨૧: જેતપુર તાલુકાના દેવકીગાલોલ ગામે ઘર પાસે ગાળો બોલવાની યુવાને ના કહેતા ,બે ભાઈઓ ઉશ્કેરાય જઈ યુવક પર પાઇપ પડે હુમલો કર્યાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ , દેવકીગાલોલ ગામે રહેતા ડાયાભાઈ રમેશભાઈ જોગોલે હિંમત ઉર્ફે મઢો કાંતિભાઈ બગડા અને તેનો ભાઈ પંકજ ઉર્ફે રાકેશ કાંતિભાઈ બગડા નામના યુવકે માર મારી આ અંગેની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે બંને ભાઈઓ ઘર પાસે ગાળો બોલતા હોય જેથી યુવકની માતાએ ગાળો બોલવાની ના કહેતા બંને ઉશ્કેરાય હતાજેથી , માતાએ પુત્રને ફોન કરતાં પુત્ર ઘરે દોડી આવ્યો હતો. ડાયાભાઈએ બંને ભાઈઓને ગાળો બોલવાની ના કહેતા , હિંમત ઉર્ફે મઢો બગડાએ અને પંકજ ઉર્ફે રાકેશ પાઈપ મારતા બંનેને ઈજા પહોંચતા સારવાર માટે અથે દવાખાને ખસેડવામાં આવ્યા છે.જેતપુર તાલુકા પોલીસે બંને શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી શોધ ખોળ હાથ ધરી છે.

# દ્વારકા જીલ્લાના સાત ટાપુઓ પરથી દબાણ દૂર કરાયું



(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૧ દેવભૂમી દ્વારકા જીલ્લાના સાત ટાપુઓ પરથી ગેરકાયદેસરનુ જમીન દબાણ તંત્ર દ્વારા દુર કરવામાં આવેલુ છે. દ્વારકા જીલ્લામાં કુલ ૨૧ નીર્જન ટાપુઓ છે અને તેમાં પ્રવેશ નીષેધ છે અને આ ટાપુઓ સુરક્ષાની દ્રષ્ટીએ પણ મહત્વના છે. આ ૨૧ ટાપુઓમાંથી સાત ટાપુઓને જમીન દબાણથી મુકત કરવામાં આવ્યા છે. ખારા ચુષ્ણા, મીઠા ચુષ્ણા, ધોરીયો, આશાબા, સામયાણી, ધબધબો અને ભૈદર જેવા ટાપુ પરથી ૩૬ જેટલા ધર્મસ્થાનો અને કોમર્શીયલ દબાણ દૂર કરાયા છે.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે ફેર મતગણતરીનો કરેલો ઠરાવ નામંજુર કરતી હાઇકોર્ટ

## રાજકોટ બારની ચૂંટણીમાં કારોબારી સભ્યમા ૧૦ મતથી પરાજિત ઉમેદવારે કરેલી ફેર મતગણતરીની માગણી રદ કરવાના ચૂંટણી અધિકારીના નિર્ણય સામે બીસીજીએ પુનમતગણતરીની માંગ સ્વીકારતા જીતેલા ઉમેદવારે દાદ માંગી

રાજકોટ તા.૨૧: બાર એસોસિએશનની ચૂંટણીની ગઈ તારીખ ૨૧મી ડિસેમ્બરે યોજાયેલી મતગણતરીમાં કારોબારી સમિતિમાં ૧૦ મતથી પરાજિત ઉમેદવારે કરેલી ફેર મતગણતરીની માગણી રદ કરવાના ચૂંટણી અધિકારીના નિર્ણય સામેની અપીલમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે ફેર મતગણતરીનો કરેલો ઠરાવ હાઇકોર્ટે નામંજુર કરતો આખરી હુકમ કર્યો છે.આ અંગેની હકીકત મુજબ, રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં મતગણતરી બાદ જાહેર થયેલા પરિણામોમાં સમરસ પેનલના કિશનભાઈ બાબુભાઈ વાલ્વાને નવમા ક્રમે ચૂંટાયેલા કાર્યદક્ષ પેનલના હિરેન ડોબરીયા કરતા ૧૦ મત ઓછા મળતા તે પરાજિત થયા હતા. હિરેનભાઈ ડોબરીયાની ૧૦ મતે જીત થઈ હતી. આથી કિશનભાઈ વાલ્વાએ ૨૧૦૦ મતોની ગણતરી ઝડપથી થયાની અને ભૂલ થયાની શંકા વ્યક્ત કરી ચુંટણી અધિકારી સમક્ષ ફેર મતગણતરી માટે તા.૨૧/ ૧૨/ ૨૦૨૪ના રોજ લેખિત અરજી કરી હતી. જે બાબતે ચુંટણી કમિશ્નરે ૧૦ મતનો તફાવત હોઇ તેમાં ફેરફાર થવાની કોઈ શકયતાને અવકાશ નથી અને ૧૦ મત એટલે કોઈ નાનો ડિફરન્સ ગણી શકાય નહિ તેવું જણાવી રિકાઉન્ટિંગની અરજી નામંજુર કરવામાં આવી હતી. આથી અરજદાર કિશનભાઈ વાલ્વાએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં અરજી કરતા ચુંટણી અધિકારીનો ફેર મતગણતરી રદ કરવાનો આદેશ ગેરકાયદેસર અને ગેરબંધારણીય ગણાવી ફેર મતગણતરીનો બીસીજી દ્વારા કરાયો હતો. આથી નવમા ક્રમે વિજેતા ઉમેદવાર હિરેન ડોબરીયાએ હાઇકોર્ટમાં પડકારતા હાઇકોર્ટ દ્વારા ફેર મતગણતરીના બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના હુકમને હાલ સ્ટે કરીને આગળ સુનાવણી રાખી હતી, તેમાં હાઇકોર્ટે અરજદાર ઉમેદવાર કિશન વાલ્વા, બાર એસો., ચૂંટણી અધિકારી, બીસીજી વગેરેને તપાસવામાં આવતા તમામ હકીકતો તથા રજુઆતો લક્ષે લઈ હાઇકોર્ટ દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા તા.૦૫/૦૧/૨૦૨૫ના રોજ મતોની ફેર ગણતરી કરવા ચૂંટણી અધિકારીને આદેશ કરતો ઠરાવ રદ કરતો આખરી હુકમ ફરમાવ્યો છે. આ કામમાં કારોબારી સભ્ય હીરેન ડોબરીયા વતી હાઈકોર્ટમાં એડવોકેટ આશીષ ડગલી રોકાયા હતા.

# રાજકોટ એઈમ્સના ફોરેન્સિક વિભાગ દ્વારા યોજાયેલી રાષ્ટ્રીય કોન્ફરન્સમા ૬ દેશોના તબીબોએ ભાગ લીધો

## ક્લિનિકલ પ્રેક્ટિસમાં વધતા જતા ડોક્ટરો પરના આરોપો અને કોર્ટ કેસ જેવા લીગલ પ્રશ્નો વિષે આ પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામના મહત્વ અને સુસંગતતા પર ભાર મૂક્યો

રાજકોટ તા.૨૧: રાજકોટ એઈમ્સ ફોરેન્સિક મેડિસિન ડિપાર્ટમેન્ટ દ્વારા ૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ક્લિનિકલ પ્રેક્ટિસમાં મેડિકો-લીગલ કેસના મેનેજમેન્ટ વિષય પર નેશનલ સી.એમ.ઇ. નું આયોજન કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક વિભાગના હેડ પ્રો. ડો.સંજય ગુપ્તા (ડીન) અને એસોસિયેટ પ્રોફેસર ડો. ઉત્સવ પારેખ દ્વારા આ નેશનલ ટ્રેનિંગ નું આયોજન કરાયું હતું. આ ટ્રેનિંગ મેળવવા વિવિધ રાજ્યો ઉપરાંત, ઇરાક, મલેશિયા, નેપાળ, શ્રીલંકા, સુદાન, માંથી ૭૭૦+ ડોક્ટર્સે રજિસ્ટ્રેશન્સ કરાવ્યા હતા.રાજકોટના એઈમ્સ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરે સી.એમ.ઇ. નું ઉદઘાટન કર્યું હતું. ક્લિનિકલ પ્રેક્ટિસમાં વધતા જતા ડોક્ટરો પરના આરોપો અને કોર્ટ કેસ જેવા લીગલ પ્રશ્નો વિષે આ પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામના મહત્વ અને સુસંગતતા પર ભાર મૂક્યો હતો. આ ટ્રેનિંગ નો ઉદ્દેશ્ય ક્લિનિકલ પ્રેક્ટિસમાં આવતા વિવિધ કાનૂની મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરો પાડવાનો હતો. તબીબી પ્રેક્ટિશનરો તેમની સંબંધિત વિશેષતા માં નિષ્ણાત હોય છે પરંતુ ક્લિનિકલ પ્રેક્ટિસના કાયદાકીય પાસાઓ વિશે વધુ જાણતા હોતા નથી. તેથી આ જાગૃતિના અભાવે તેમની સામે ખોટા આરોપો અને કોર્ટકેસ વધી રહ્યા છે.

ઓર્ગેનાઈઝિંગ ચેરમેન અને ડીન એકેડમિક પ્રો. ડૉ. સંજય ગુપ્તા દ્વારા સ્વાગત સંબોધનમાં સી.એમ.ઈ ની ખાસ વિશેષતાઓ સાથે ઈવેન્ટની શરૂઆત કરાઈ હતી. ફોરેન્સિક ક્ષેત્રમાં દેશના અગ્રણી અને નેશનલ એસોસિએશનના પ્રેસિડેન્ટ્સ આ સી.એમ.ઈ માં હાજર રહ્યા હતા. ઇન્ડિયન એકેડેમી ઓફ ફોરેન્સિક મેડિસિન, ઇન્ડિયન એકેડેમી ઓફ મેડિકો લીગલ એક્સપર્ટ્સ અને ઈન્ડિયન સોસાયટી ઓફ ટોક્સિકોલોજીના નેશનલ પ્રેસીડન્ટસ ઓએ આવા આયોજન માટેના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રીય સ્તરે આવી ઇવેન્ટનું આયોજન કરવાના મહત્વને આવકાર્યું હતું. તબીબી સમુદાયના હિતમાં આવી પહેલ કરવા બદલ તેઓએ રાજકોટના એઇમ્સ ફોરેન્સિક મેડિસિન વિભાગની પ્રશંસા કરી હતી સી.એમ.ઇ માં ત્રણ અલગ-અલગ એઇમ્સના ફોરેન્સિક વિખ્યાત તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રો. ડૉ. દિનેશ રાવ (એઇમ્સ જમ્મુ) એ 'મેડિકલ નેગ્લિજન્સ' પર સેશન લીધું હતું. પ્રો. ડૉ. કૃષ્ણદત્ત ચાવલી (એઇમ્સ રાયપુર) એ મેડિકો લીગલ કેસોના મેનેજમેન્ટ પર અને પ્રો. ડૉ.જયંતિ યાદવે (એઇમ્સ ભોપાલ) ક્લિનિકલ પ્રેક્ટિસમાં કન્સેન્ટ પર માર્ગદર્શન આપ્યું હતું.એઇમ્સ ફોરેન્સિક વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. ઉત્સવ પારેખ એ સહભાગી ડોક્ટસર્સના વિવિધ જટિલ પ્રશ્નો ઉઠાવ્યા જેનું વિવિધ એઈમ્સના ફોરેન્સિક એક્ષપટ્ર્સ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું આ નેશનલ સી. એમ. ઈ. ને આંતરાષ્ટ્રીય કક્ષાએ ખુબ જ સારો પ્રતિભાવ મળ્યો તથા એઇમ્સ રાજકોટના ફોરેન્સિક ડિપાર્ટમેન્ટે કરેલ આ પહેલ ને બિરદાવવામાં આવી. આ પ્રકારની પ્રવૃતિઓ ભવિષ્યમાં પણ થતી રહે તેવો પ્રતિસાદ જોવા મળેલ હતો અંતે આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# શહેર ભાજપ કમલમ ખાતે આજે પ્રબુદ્ધ નાગરિક સંમેલન

રાજકોટ, તા.૨૧ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ડો.બી.આર.આંબેડકરજીની ૧૨૫ મી જન્મજયંતીના દિવસથી સંવિધાન દિવસની શરૂઆત કરવામાં આવી હતી. આ સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત પ્રદેશની સુચના અનુસાર પ્રબુધ્ધ નાગરિક સંમેલનનુ આયોજન શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ તા.૨૨ જાન્યુ.ના રોજ રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે સાંજે ૫.૩૦ કલાકે રાષ્ટ્રીય કિશાન મોરચાના મહામંત્રી બાબુભાઈ જેબલીયા ઉપસ્થિત રહી ડો.બાબાસાહેબ આંબેડકરજીએ ભારત દેશ માટે આપેલ યોગદાન વિશે વકતવ્ય આપશે. આ પ્રબુધ્ધ નાગરિક સંમેલનને સફળ બનાવવા રાજકોટ મનપાના સંવિધાન ગૌરવ અભિયાનના સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, સહસંયોજક શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચાના પ્રમુખ રતાભાઈ પરમાર અને મહામંત્રી અજય વાઘેલા, સંજય બગડાને જવાબદારી સોંપવામાં આવી છે. તેથી આ પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં રાજકોટ શહેર ભાજપના તમામ કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ અનુરોધ કર્યો છે.

# તારાપુર હાઈવે પર ટ્રક પાછળ આઈસર ઘૂસી જતાં જામનગરના જગામેડીના આઇસર ચાલકનું મૃત્યુ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૧: રાજકોટ અમદાવાદ હાઈવે રોડ પર વટામણ-તારાપુર પાસે રોડની સાઈડમાં એક હોટલ પાસે ઉભેલા બંધ ટ્રક પાછળ ગઈકાલે વહેલી સવારે એક આઈશર ઘૂસી ગયું હતું. જેમાં આઈશરની કેબીન ટ્રક પાછળ ભેગી થઈ જતાં આઇશરના ચાલક જામનગર તાલુકાના જગા મેડી ગામના યુવાનનું ઘટનાસ્થળેજ મોત નિપજ્યું હતું. જ્યારે તેની બાજુમાં બેઠેલા વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.ધોરાજીથી સુરત જવા નીકળેલો ડુંગળી ભરેલો ટ્રક તારાપુર હાઈવે રોડ પર એક હોટલ પાસે ઊભો હતો, જે દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલું આઇસર ટ્રક ની પાછળ ધડાકાભેર અથડાયું હતું, અને આઇસર ની કેબિન નો બુકડો બોલી ગયો હતો. જે અકસ્માતમાં આઈશરના ચાલક જામનગર તાલુકાના જગામેડી ગામમાં રહેતા વલ્લભભાઈ વાજા અને બાજુમાં બેઠેલા અરજણભાઈ શિવાભાઈ પટેલ (રહે. કૃષ્ણનગર, મોટી નાગજળ, કાલાવડ)ને ગંભીર ઇજા થઈ હતી અને બંને આઈશર ની કેબિનમાં ફસાયા હતા તેઓને ભારે જહેમત બાદ બહાર કાઢ્યા હતા.સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, અને આઈશર ચાલક વલ્લભભાઈ વાજાને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત અરજણભાઈને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત ના બનાવ અંગે ડુંગળી ભરેલા ટ્રકના ચાલક ધોરાજી પંથકના ઈમ્તિયાઝ ખોખરની ફરિયાદના આધારે પોલીસે અકસ્માત સર્જનાર અને મૃત્યુ પામનાર આઈશર ના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

# ઢાંક પીએચસીમાં મેડીકલ ઓફીસરની નિમણૂંક કરવા માંગ

(ભુપતગીરી ગોસ્વામી દ્વારા)

ઢાંક, તા.૨૧ ઉપલેટા તાલુકાના ઢાંક બસ સ્ટેશન પાસે આવેલ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં ઘણા સમયથી મેડિકલ ઓફીસરની જગ્યા ખાલી હોય માત્ર ઈન્ચાર્જથી ચાલી રહયુ છે. તેમજ ઓપીડી સંભાળી રહયા છે. તેમજ અનેક કર્મચારીને અન્ય જગ્યાએ ચાર્જ આપવાથી દર્દીઓ પરેશાન થઈ રહયા છે.

ઢાંક પ્રાથમીક આરોગ્ય કેન્દ્રની નીચે કુલ ૧૧ ગામો આવેલ હોય તેની અંદાજે વસ્તી ૨૫ હજાર થવા જઈ રહી છે. જે માનવ વસ્તી રામ ભરોસે છે. અઠવાડીયામાં ૧-૨ દિવસ મેડિકલ ઓફીસર ઢાંક પ્રાથમીક કેન્દ્રમાં ઈન્ચાર્જ તરીકે પોતાની ફરજ બજાવે છે. બાકીના દિવસોમાં સીએચઓ ચાર્જ સંભાળે છે. ઢાંક પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં વહેલી તકે મેડિકલ ઓફીસરની નિમણુંક કરવા લોકોની માંગણી છે.

# સૌરાષ્ટ્ર યુનિ. સીસીડીસી દ્વારા પ્રિલીમ્સ કોચીંગ વર્ગોનું આયોજન

રાજકોટ, તા.૨૧ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી-જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે.

એપ્રિલ-૨૦૨૫ માસમાં યોજાનાર જી.પી.એસ.સી. દ્વારા જુદી જુદી જગ્યાઓ માટે ગુજરાત વહીવટ સેવા વર્ગ-૧ અને ૨ ની ભરતી કરવામાં આવનાર છે. આ ભરતીની જાહેરાતના અનુસંધાને આગામી સમયમાં યોજાનાર પ્રિલીમ્સની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સી.સી.ડી.સી. દ્વાર તા.૨૬/૨ ને ગુરૂવારથી પ્રિલીમ્સના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં જી.પી.એસ.સી. વર્ગ ૧-૨ ની વિવિધ જગ્યાઓ માટેના ફેરફાર કરેલ નવા અભ્યાસક્રમ મુજબ સામાન્ય અભ્યાસના પ્રિલીમ્સના સિલેકટેડ વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોકત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે તા.૩૧ સુધીમાં સી.સી.ડી.સી. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનુ રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, જી.પી.એસ.સી.નું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનુ રહેશે. તેમ એક યાદીમાં જણાવાયુ છે.

# મેટોડા ધો.૧૨ પાસ નકલી તબીબ ઝડપાયો

## પડધરીના નાના સકડીયા ગામનો યુવક બે વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હતો

રાજકોટ તા.૨૧:રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના મેટોડા જીઆઇડીસી વિસ્તારમાં લોકોના આરોગ્ય સાથે છેડા કરતો પડધરી તાલુકાના નાના સગડીયા ગામનો સંજય દિનેશ ટીલાવત ધોરણ ૧૨ પાસ નકલી ડોકટર ને એસોજીએ દબોચી લઇ એલોપેથી દવાઓ મળી રૂપિયા ૪૪ હજારનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા નકલી ડોકટરના ક્લિનિક ઉપર દરોડો પાડવા એસપી હિમકરસિંહએ આપેલી સુચના ને પગલે એસઓજી પીઆઈ એફ એ પારગી સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે પડધરી તાલુકાના નાના સગડીયા ગામનો સંજય દિનેશ ટીલાવત નામનો શખ્સ વગર ડિગ્રીએ મેટોડા જીઆઇડીસી વિસ્તારમાં સર્વોદય ક્લિનિક ચલાવતો હોવાની હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ અગ્રાવત અને શિવરાજભાઈ ખાચરને મળેલી વાત વિના આધારે પીએસઆઇ બીસીબીયાત્રા, પી બી મિશ્રા, એ.એસ.આઇ અમિતભાઈ કનેરિયા, જયવીરસિંહ રાણા, ઇન્દ્રસિંહ જાડેજા અને સંજયભાઈ નિરંજની સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. પોલીસે સંજય ટીલાવત ની અટકાયત કરી ક્લિનિકમાંથી એલોપેથી દવાઓ અને રોકડ મળી રૂપિયા ૪૪ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ઝડપાયેલા સંજય ટીલાવત ધોરણ ૧૨ પાસ અને બે વર્ષથી ક્લિનિક ચલાવતો હતો. અગાઉ ખાનગી દવાખાનામાં કામ કર્યા ને કબુલક આપી હતી. એસો છીએ પાંચ દિવસ પૂર્વે સડક પીપળીયા ને ઢોલરા ગામે બે બોગસ તબીબને ઝડપી પડ્યા બાદ વધુ એક મેટોડામાં મુન્નાભાઈ એમબીબીએસ ને દબોચી લેતા નકલી ડોકટરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

# એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા અદ્યતન કેન્સર સારવાર માટે ‘‘ઉર્જા’’- અત્યાધુનિક લિનેક ટેકનોલોજીનો પ્રારંભ

રાજકોટ તા.૨૧:

એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ ગર્વથી ઉર્જા ના લોન્ચની ઘોષણા કરે છે, જે એક અત્યાધુનિક લિનેક (લિનિયર એકિસલરેટર) છે, જે રાજકોટ અને આસપાસના સૌરાષ્ટ્ર પ્રદેશ, જેમાં જૂનાગઢ, મોરબી, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર અને જામનગરનો સમાવેશ થાય છે. ત્યાંના લોકો માટે અત્યાધુનિક રેડિયેશન થેરાપી અને કોમ્પ્રિહેન્સિવ કેન્સર કેર લાવે છે.



‘‘ઉર્જા’’ અત્યાધુનિક લિનેક ટેકનોલોજી બ્રેસ્ટ, બ્રેઈન, કરોડરજ્જુ, માથા, ગરદન, ફેફસા, સ્ત્રીરોગ, ત્વચા, ગુદામાર્ગ, લીવર અને પ્રોસ્ટેટ કેન્સર સહિત વિવિધ પ્રકારના કેન્સર સામે લડતા દર્દીઓને રેડિયેશન થેરાપી પૂરી પાડશે. લોન્ચિંગ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વોકહાર્ટ હોસ્પિટલ્સ ગ્રુપના મેનેજિંગ ડિરેકટર ઝહાબિયા ખોરાકીવાલાએ જણાવ્યું હતું કે, અત્યાધુનિક લિનેક ‘‘ઉર્જા’’ ની સ્થાપના કોઈ નાની સિદ્ધિ નહોતી. છેલ્લા ૧૧ મહિનામાં, એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટએ દ્વારા પ્રમાણિત, ઉચ્ચતમ ધોરણો સાથે સલામતી અને પાલન સુનિશ્ચિત કરવા માટે એક વિશિષ્ટ બંકર બનાવવામાં નોંધપાત્ર પ્રયાસ કર્યો છે. અત્યાધુનિક રેડિયેશન થેરાપી ટેકનોલોજીમાં અમારા રોકાણ અને નિષ્ણાંતોની ટીમ દ્વારા, ઉચ્ચતમ ધોરણની સંભાળ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. અમારું ધ્યેય નવીન તબીબી પ્રગતિઓને કરૂણાપૂર્ણ, દર્દી-કેન્દ્રિત સંભાળ સાથે જોડવાનું છે, એક એવું વાતાવરણ બનાવવાનું છેજ્યાં દર્દીઓનો વિકાસ થઈ શકે. અમે આ પરિવર્તનશીલ સંભાળને અમારા સમુદાયમાં લાવવા અને કેન્સર સામેની લડાઈમાં નવીનતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતામાં અડગ રહેવા માટે ઉત્સાહિત છીએ.

‘‘ઉર્જા‘‘ નામ ઊર્જા અને જીવનશક્તિનું પ્રતિક છે, જે કેન્સરના દર્દીઓને તેમના સ્વસ્થ થવાના માર્ગ પર જરૂરી શક્તિ અને સ્થિતિ સ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે. આ લોન્ચ ફક્ત નવીન ટેકનોલોજી વિશે જ નહીં પરંતુ કેન્સરનો સામનો કરી રહેલા વ્યક્તિઓના હિંમતનું સન્માન કરવા અને કરૂણાપૂર્ણ સંભાળ, નવીન સારવાર અને વ્યક્તિગત ધ્યાન દ્વારા તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રતિબદ્ધ થવા વિશે પણ છે.

# નયારા એનર્જીએ મોબાઈલ હેલ્થ સર્વિસીઝ દ્વારા જામનગરમાં કમ્યૂનિટી હેલ્થકેર અને ટીબી નાબૂદીમા પ્રગતિ સાધી

(ભરત ભોગાયતા)

જામનગર તા.૨૧:

નયારા એનર્જીએ તેની મોબાઈલ હેલ્થ સર્વિસ લોન્ચ કરીને કમ્યૂનિટી હેલ્થકેરને મજબૂત બનાવવાની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. આ સર્વિસનું નયારા એનર્જીના ચેરમેન શ્રી પ્રસાદ પાનિકર, શ્રી અમર કુમાર (હેડ, રિફાઇનરી) તથા રિફાઇનરી લીડરશિપ ટીમ (આરએલટી)ના સભ્યો દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પહેલ અંતરિયાળ અને સુવિધાઓથી વંચિત સમુદાયોને જરૂરી એવી પ્રાથમિક હેલ્થકેર સેવાઓ પૂરી પાડવા માટે તૈયાર કરવામાં આવી છે જે હેલ્થકેરના મહત્વના અંતરને પૂરે છે અને ગ્રામીણ લોકો માટે મેડિકલ સુવિધાઓની સમાન પહોંચ સુનિશ્ચિત કરે છે. મોબાઈલ હેલ્થ સર્વિસ નયારા એનર્જીના ઓપરેશનલ એરિયામાં અને તેની ફરતે ૫૦,૦૦૦થી વધુ લોકો સુધી પહોંચે તેવી સંભાવના છે જે નિવારાત્મક સંભાળ, આરોગ્યની જાગૃતતા તથા બીમારીના વહેલા નિદાનને મહત્વનો ટેકો પૂરો પાડશે.




આ ઉપરાંત, જામનગરમાં ડિસ્ટ્રીક્ટ ટ્યૂબરક્યુલોસિસ સેન્ટર (ડીટીસી) ખાતે અપગ્રેડ કરવામાં આવેલી કમ્પ્યૂટરાઇઝ્ડ રેડિયોગ્રાફી ફેસિલિટી પણ ખુલ્લી મૂકવામાં આવી હતી જે નિદાનની ક્ષમતાઓને નોંધપાત્ર વધારે છે. આ કાર્યક્રમમાં ટીબી ફિલ્ડ સ્ટાફ માટે પેશન્ટ મોનિટરિંગ અને ડેટા મેનેજમેન્ટને સરળ બનાવવા માટે એક ટ્રુનેટ મશીન, ચાર એલએક્સ ૪૦૦ એલઈડી માઇક્રોસ્કોપ અને ૨૭ એન્ડ્રોઇડ ટેબ્લેટ્સ સહિત આધુનિક ડાયગ્નોસ્ટિક ટૂલ્સ પણ સુપરત કરવામાં આવ્યા હતા.

ટીબીને નાથવા માટે નયારા એનર્જીના પ્રયાસોની સરાહના કરતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ બાબતોના માનનીય પ્રધાન શ્રી ઋષિકેશ પટેલે ૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પ્રશસ્તિપત્ર એનાયત કર્યું હતું. આ સન્માન ૭,૦૦૦થી વધુ ટીબી દર્દીઓને ૧૨,૦૦૦થી વધુ ન્યૂટ્રિશન કિટ્સના વિતરણને દર્શાવે છે જેના પગલે જામનગરમાં ટીબીના કેસોમાં નોંધપાત્ર ૪૦ ટકાનો ઘટાડો થયો છે. ટીબી હસ્તક્ષેપ ઉપરાંત નયારા એનર્જી વ્યાપક હેલ્થકેર જરૂરિયાતો પૂરી પાડવા માટે જામનગરમાં ગુરુ ગોવિંદ સિંહ ગવર્મેન્ટ હોસ્પિટલ અને ખંભાળિયા જનરલ હોસ્પિટલ ખાતે હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કાયાકલ્પને પણ ટેકો આપે છે.

આરોગ્ય અને પોષણ પ્રત્યે તેના સર્વાંગી અભિગમના ભાગરૂપે નયારા એનર્જીએ દેવભૂમિ દ્વારકામાં આઈસીડીએસ સ્ટાફ માટે ટ્રેનિંગ પ્રોગ્રામનો પણ અમલ કર્યો છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ આંગણવાડી કાર્યકરો અને સુપરવાઇઝર્સની ક્ષમતા વધારવાનો, કુપોષણને વધુ સારી રીતે નાથવા માટે તેમને સજ્જ કરવાનો અને સામુદાયિક જોડાણને મજબૂત બનાવવાનો છે. આ પહેલની સફળતાના પગલે નયારા એનર્જી હેલ્થકેરના વિકાસમાં અર્થપૂર્ણ રીતે યોગદાન આપવાનું ચાલુ રાખે છે અને ૨૦૨૫માં મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં તેના અસરકારક મોડલનું અનુસરણ કરવાની યોજના ધરાવે છે.


# વનતારા શોષણકારી લોગિંગ ઇન્ડસ્ટ્રીમાંથી બચાવેલા ૨૦ હાથીઓને બંધન મુક્ત વાતાવરણ પૂરું પાડશે

## હાથીના ભૂતપૂર્વ માલિકો અને મહાવતો વનતારામાં રોજગારની તકો દ્વારા નવી આજીવિકા અપનાવશે

(ભરત ભોગાયતા)

જામનગર તા.૨૧:

દીર્ઘદ્રષ્ટા પરોપકારી અનંત અંબાણીએ સ્થાપેલી અત્યાધુનિક એનિમલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સંસ્થા, વનતારા અરુણાચલ પ્રદેશની શોષણકારી લોગિંગ ઇન્ડસ્ટ્રીમાંથી મુક્ત કરાયેલા ૨૦ હાથીઓ - ૧૦ નર, ૮ માદા, ૧ અલ્પ-પુખ્ત અને એક બાળ હાથીને આવકારવાની તૈયારી કરી રહ્યું છે. આ બચાવ કામગીરી ત્રિપુરા હાઈકોર્ટ દ્વારા રચવામાં આવેલી અને ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા અનુમોદિત હાઇ-પાવર્ડ કમિટીની મંજૂરી સાથે પ્રાણીઓના વર્તમાન માલિકોની સંપૂર્ણ સંમતિ સાથે હાથ ધરવામાં આવી છે. આ હાથીઓને ટૂંક સમયમાં વનતારામાં તેમનું કાયમી ઘર મળશે, જે કુદરતી રીતે તેમના મૂળ નિવાસસ્થાનને પ્રતિબિંબિત કરે છે, જ્યાં તેઓ સાંકળના બંધન વિના જીવશે અને



તેમને ક્યારેય મજૂરી માટે ફરજ પાડવામાં આવશે નહીં.

બચાવી લેવાયેલા હાથીઓમાં એક લક્ષ્મીનો સમાવેશ થાય છે, જે ૧૦ વર્ષની કેદમાં જન્મેલી અલ્પ-પુખ્ત વયની છે અને તે ઊંડા, સારવાર નહીં કરાયેલા ઘાને કારણે તેના પાછળના પગ પર વજન સહન કરવા માટે સંઘર્ષ કરી રહી છે, ઉપરાંત તેના અત્યંત સંવેદનશીલ જમણા કાન પિન્નામાં એક ઇંચના વ્યાસના તાજા ઘાથી પણ પીડાઈ રહી છે. આ બંને ઘા તેના પર માનવ વર્ચસ્વ સ્થાપિત કરવા માટેની ક્રૂર ટેમિંગ પ્રોસેસ દરમિયાન કરવામાં આવ્યા હતા. બે વર્ષની અને કેદમાં જન્મેલી બાળ હાથણી માયાને તેની માતા રોંગમોતી સાથે બચાવી લેવામાં આવી હતી, જેણે લાંબા સમય સુધી લોગીંગનું કામ કરવાથી છાતી અને નિતંબ પર સતત ભારેખમ વજન ઉંચકવાથી થતાં જખમ સહન કર્યા હતા. એક સંપૂર્ણ પુખ્ત હાથી રામુ તેના ૪-૬ મહિનાના આક્રમક થવાના સમયગાળા મુસ્ટ પીરિયડ દરમિયાન તેને નિયંત્રિત કરવા માટે તેના આગળના અને પાછળના પગને સાથે સખત રીતે બાંધી રાખવામાં આવ્યા હતા અને તેના પરિણામે તે સખત શારીરિક અને માનસિક તકલીફમાં રહ્યો હતો. વધુ એક પુખ્ત હાથી બાબુલાલ ભોજન સામગ્રી શોધવા દરમિયાન જંગલી પુખ્ત હાથી સાથેના સંઘર્ષને કારણે ગંભીર રીતે તૂટેલી અને લોહી નીકળતી પૂંછડીની વેદનાથી પીડાય છે. લાંબો સમય કેદમાં રહેવાના કારણે પોતાનો બચાવ કરવા માટેની જરૂરી કુદરતી આવડતો તે ભૂલી ગયો હતો.

# યુટીઆઈ મ્યુ. ફંડ પોરબંદર અને અમરેલી ખાતે નવું ફાઈનાન્સિયલ સેન્ટર શરૂ કરશે

રાજકોટ તા.૨૧:

ભારતની અગ્રણી મ્યુચ્યુઅલ ફંડ કંપની પૈકીની એક યુટીઆઇ એસેટ મેનેજમેન્ટ કંપની ગુજરાતમાં પોરબંદર ખાતે પહેલો માળ, પુરુષાર્થ, અરુણ સ્ટુડિયોની ઉપર, એસબીઆઈ બેંકની સામે, એમજી રોડ, પોરબંદર, ગુજરાત -૩૬૦૫૭૫, અમરેલી ખાતે દુકાન નંબર ૧,૨,૩ પહેલો માળ, જય જલારામ કોમ્પ્લેક્સ, સત્યનારાયણ મંદિરની સામે, અમરેલી, ગુજરાત- ૩૬૫૬૦૧ માં તેનું યુએફસી શરૂ કરવાની જાહેરાત કરે છે.

કંપનીએ વિતરણનું માળખું સુદ્રઢ કરવા અને દેશભરમાં રોકાણકારો સરળતાથી સંપર્ક કરી શકે એ હેતુથી આયોજનપૂર્વક વિસ્તરણના ભાગરૂપે ૨૦મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ૩૩ નવા યુટીઆઇ ફાઇનાન્સિયલ સેન્ટર્સ (શાખાઓ) ખોલવાની જાહેરાત કરી છે. રોકાણકારો સરળતાથી સંપર્ક કરી શકે અને નાણાંકીય નિર્ણયો સમજપૂર્વક લઈ શકે એ હેતુ આ વિસ્તરણનો છે. યુટીઆઇ એએમસી દ્વારા સમગ્ર દેશમાં રોકાણકારો સાથેનો સબંધ ગાઢ બનાવવાના અને અનેક વર્ગો પોતાના નાણાંનું રોકાણ કરે એવા માહોલને પ્રોત્સાહન આપવાના ચાલુ પ્રયાસોમાં કચેરીઓનું આ વિસ્તરણ એક ચાવીરૂપ પગલું છે.

# જામનગર નજીક વેપારી ગેસ રિફિલિંગનું કારસ્તાન ચલાવતાં પકડાયો

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૧:


જામનગર ની એસ.ઓ.જી. શાખા ની ટુકડી એ દરેડ મસિતીયા રોડ પરથી એક વેપારીને રાંધણ ગેસના બાટલામાંથી ગેરકાયદે ગેસ રીફીલીંગનું કારસ્તાન ચલાવતાં પકડી પાડ્યો છે, અને નાના મોટા પાંચ બાટલા કબજે કર્યા છે. જામનગર માં શંકર ટેકરી પાણીના ટાંકા પાસે રહેતો ભગીરથ જગદીશભાઈ ડાંગર નામનો વેપારી દરેડ મસિતીયા રોડ પર એક દુકાનની બહાર રાંધણ ગેસના બાટલામાંથી ગેરકાયદે રીતે નાના બાટલામાં ગેસ ટ્રાન્સફર કરી ગેસ રિફીલિંગ નું કારસ્તાન ચલાવી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમી જામનગરની એસ.ઓ.જી. શાખા ને મળી હતી. આથી ગઈકાલે સાંજે એસ.ઓ.જી.ની ટુકડીએ ઉપરોક્ત સ્થળે દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન વેપારી ભગીરથ ડાંગર મોટા ગેસના બાટલા માંથી નાના બાટલામાં ગેસ રિ-ફીલિંગ કરી ગેરકાયદે રીતે ગેસ રીફિલિંગ નું કારસ્તાન ચલાવતા રંગે હાથ પકડાયો હતો. પોલીસે તેની પાસેથી બે મોટા અને ત્રણ નાના સહિત પાંચ નંગ ગેસના બાટલા ઉપરાંત પ્લાસ્ટિકની પાઇપ, રેગ્યુલેટર વજન કાંટો સહિતની માલમતા કબજે કરી લીધી છે, અને તેની સામે જામનગરના પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં બી. એન. એસ. કલમ ૨૮૭ મુજબ ગુનો નોંધાવ્યો છે.

# લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે બાળકો માટે ખગોળ વિજ્ઞાનનો વર્કશોપ

રાજકોટ તા.૨૧:

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત શ્રી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ધોરણ ૩ થી ૬ ના વિદ્યાર્થીઓ માટે ખગોળવિજ્ઞાન વિષયક, ૧૫ દિવસીય વર્કશોપ શરુ થનાર છે. કેન્દ્ર ખાતે છેલ્લા ૨૨ વર્ષથી કાર્યરત અને ભારતની સૌથી મોટી ખગોળ ક્લબ એવી બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા સંચાલિત તેમજ ભારતના વિખ્યાત ખગોળશાસ્ત્રી એવા ડો. જે. જે. રાવલના સીધા માગ્દર્શન હેઠળ ચાલનાર આ કોર્ષમાં બાળકોને એસ્ટ્રોનોમી મોડેલ મેકિંગ, ટેલિસ્કોપના પ્રકારો, ટેલિસ્કોપના ઉપયોગ, ડે-ટાઈમ એસ્ટ્રોનોમી, નાઈટ સ્કાય ઓબઝર્વેશન વગેરે પ્રવૃતિઓ કરાવવામાં આવશે. વર્કશોપ દરમ્યાન બાળકોને વિજ્ઞાન કેન્દ્રના પ્રાંગણમાં હાલમાંજ સ્થાપિત કરવામાં આવેલ ‘‘નિઓજેન સોલાર એન્ડ સ્ટેલર ઓબ્ઝર્વેટોરી‘‘ ની મુલાકાતે પણ લઇ જવામાં આવશે તેમજ તેનું સંચાલન સમજાવવામાં આવશે. હાલમાં આ વર્કશોપ માત્ર અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે રહેશે જેની નામ નોંધણી બુધવાર અને તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજથી શરુ થનાર છે. નામ નોંધણી માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, નહેરુ ઉદ્યાન, રેસકોર્ષ અંદર, આર્ટ ગેલેરી સામે, રાજકોટનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

# કોડીનારમાં માતા પિતા વિહોણી દીકરીઓનો સમૂહ લગ્ન ઉજવાયો



(દિનેશ જોશી દ્વારા) કોડીનાર તા ૨૧: કોડીનાર હરિૐ સેવા ટ્રસ્ટ અને ધર્મરાજ ફાઉન્ડેશન દ્વારા સમસ્ત કોળી સમાજના માતા પિતા વિહોણી અને ગરીબ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન સંપન્ન કરવામાં આવ્યું હતું આ સમૂહ લગ્નમાં ૨૧ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા આ લગ્ન સમારોહમાં કોળી સમાજના સમસ્ત આગેવાનો તેમજ દરેક સમાજના આગેવાનોએ હાજરી આપી હતી જેમાં દરેક દીકરીઓને સોનાના દાણા ચાંદીની વીંટી સીટી પલંગ થ્રી ડોર કબાટ તેમજ ત્રાંબા પિત્તળ ના ૩૦ વધુ ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી જેમાં દસ હજારથી વધુ લોકોએ એકસાથે ભોજન લીધું હતું અત્રે ઉલ્લેખનીય છે કે કોડીનારના હરિઓમ સેવા ટ્રસ્ટ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે જેમાં બિનવારસી મૃતદેહો ના અંતિમ વિધિ પણ તેઓના દ્વારા કરવામાં આવે છે

# જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે લોકડાયરાનું આયોજન

રાજકોટ તા.૨૧:

લોકસાહિત્યના જાજરમાન જીવ એવા સ્વ. જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે તા. ૦૫, ફેબ્રુઆરીના રોજ, પ્રમુખ સ્વામી ઓડીટરીયમ હોલ, આલાપ ગ્રીનસીટીની સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રનાં નાના એવા ગામ વાંકાનેરમાં સ્વ.હરીસંગભાઈ તથા દોલતબાના કુખે જન્મેલ જીતુદાન ગઢવીનો જન્મ થયેલ, નાનપણથી જ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં રૂચી ધરાવતા, એ જમાનામાં માત્ર ૮ ચોપડીનું ભણતર પૂરું કરીને, ૧૭ વર્ષ જેટલો સમય સૌરાષ્ટ્રના જુદા-જુદા ગામડાઓમાં ગ્રામસેવક તરીકે ફરજ બજાવી પણ તેમનો મુળ જીવ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં પરોવાયેલ હોવાથી આશરે ૫૦ વર્ષ પહેલા લોકડાયરાની શરૂઆત કરી સમગ્ર વિશ્વમાં ચારણી સાહિત્યને ગુંજતુ કર્યું.

# વઢવાણ ખાતે કવિ દલપતરામની ૨૦૫મી જન્મ જયંતીની ઉજવણી

(મહેશ રાવલ દ્વારા)

સુરેન્દ્રનગર તા.૨૧:

વઢવાણ ના પનોતા પુત્ર કવીશ્વર દલપતરામ ના ૨૦૫જન્મજયંતી ની ઉજવણી વઢવાણ અસ્મિતા મન્ચ દ્વારા કરાયી હતી વઢવાણ દલપત બાગ માં સૌ પ્રથમ વાર દલપતરામ ની નવી પ્રતિમા ને ફુલહાર કરાયા હતા આ તકે વઢવાણ માં દલપત રામ ના તમામ સાહિત્ય નું પુસ્તકાલય ઇતિહાસ સ્થળો નું મ્યુઝિમ બનાવી વઢવાણ નેપ્રવાસ પ્રયટક જાહેર કરવાની માંગ કરાયી હતી વઢવાણ માં તા ૨૧જાન્યુઆરી ને ૧૮૨૦માં દલપત રામ નો જન્મ થયો હતો અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રભાતની નેકી પોકારનાર પ્રથમ આવતા કવિ. અર્વાચીન ગુજરાતી કવિતાની એક વિશિષ્ટ પરંપરા દલપતરામથી બંધાઈ. નવીન પરિબળોના સબળ ને લોકપ્રિય માધ્યમ તરીકે કવિતાની પ્રતિષ્ઠા દલપતરામે સ્થાપી આપીહતી વિદ્યાવૃદ્ધિ, સમાજસુધારા તથા ધર્મ, નીતિ, સદાચાર અને વ્યવહારુ ડહાપણનો બોધ તેમનું જીવનકાર્ય હતું. એ જીવનકાર્યના સાધન તરીકે તેમણે કવિતાનો ઉપયોગ જિંદગીભર કર્યો હતો. ગુજરાતી કવિતાને દલપતરામે લોકોની નજીક લાવી મૂકી હતી તેટલી નજીક પછીથી કવિતા બહુ ઓછી વાર આવી શકી છે.ભાષાની ઝડઝમક અને કથનની ચતુરાઈ તેમની કવિતાનાં મહત્ત્વનાં અંગ બની રહ્યાં. નીતિશુદ્ધ () વિચારશ્રેણી એ દલપતકાવ્યનું બીજું લક્ષણ.હતુ અર્વાચીન યુગમાં લાંબામાં લાંબા સમય સુધી દલપતશૈલીની અસર રહી છે. દલપતરામ જેમ સંસ્કારશિક્ષક હતા તેમ કવિતાશિક્ષક પણ હતા.અર્વાચીન ગુજરાતી ગદ્યનું પ્રથમ ખેડાણ કરનાર તરીકે પણ દલપતરામનો નિર્દેશ થાય છે. નિબંધલેખક તરીકે ગદ્યને તેઓ પોતાના વ્યક્તિત્વનો સ્પર્શ નહિ જેવો જ આપી શક્યા છે. આમ, અનેક દિશાઓમાં પહેલ કરીને દલપતરામે અર્વાચીન ગુજરાતી સાહિત્યની પરંપરા બાંધી આપવાનું ઇતિહાસપ્રાપ્ત કર્તવ્ય બજાવ્યું છે.ત્યારે દલપતરામ ની ૨૦૫મી જન્મજયંતીની ઉજવણી વઢવાણ અસ્મિતા મન્ચ અને વર્ધમાન વિકાસ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે કરાયી હતી આ તકે અમિતભાઇ કંસારા અસવાર દશરથસિંહ રાજુદાન ગઢવી દલવાડી ઠાકરશીભાઈ ભગવતીભાઈ અશોકભાઈ સહિત ના ઉપસ્થિત રહયા હતા આ તકે વઢવાણ દલપતરામ બાગ માં સૌ પ્રથમવાર નવી પ્રતિમા ને ફૂલહાર કરાયા હતા આ પ્રંસગે વઢવાણ માં ઇતિહાસિક વારસા માટે મ્યુઝિમ બનાવા ની માંગ કરાયી હતી આ ઉપરાંત દલપતરામ ના તમામ સાહિત્ય ના વાંચન માટે પુસ્તકાલય બાગ માં કરવા લાગણી વ્યક્ત કરાયી હતી જયારે વઢવાણ ને પ્રવાસ અને પ્રયટક નગર તરીકે જાહેર કરવા ની માંગ થઈ હતી

# હરિપરની શ્રી એમ.પી.એચ. શાહ હાઈસ્કૂલને જિલ્લામાં શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ, એક લાખ રૂપિયાનુ ઈનામ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૧:

જામનગર જિલ્લાની હરિપર ગામની શ્રી એમ.પી.એચ. શાહ હાઇસ્કૂલને જિલ્લામાં શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ કરવામાં આવી છે. આ અંગે શાળા પરિવારમાં ખુશીની લહેર ફરી વળી છે. શાળાને આ સિદ્ધિ બદલ એક લાખ રૂપિયાનું ઇનામ આપવામાં આવ્યું છે. આ ઇનામથી શાળાનું ગૌરવ વધ્યું છે અને ગામનું નામ રોશન થયું છે. આ શાળાએ આ સિદ્ધિ મેળવવા માટે સખત મહેનત કરી છે. શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ સંયુક્ત પ્રયાસ કરીને આ સફળતા હાંસલ કરી છે. શાળામાં વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપવામાં આવે છે, અને તેમના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવે છે. શાળામાં વિવિધ પ્રકારની સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓને તેમની પ્રતિભા દર્શાવવાની તક મળે.આ શાળાની સફળતાથી સ્પષ્ટ થાય છે કે ગ્રામીણ વિસ્તારની શાળાઓ પણ શહેરી શાળાઓ કરતાં કંઈ ઓછી નથી. જો શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ સંયુક્ત પ્રયાસ કરે તો ગ્રામીણ વિસ્તારની શાળાઓ પણ શ્રેષ્ઠ પરિણામો આપી શકે છે.શાળાના આચાર્યશ્રીએ આ સફળતા માટે શાળા પરિવારનો આભાર માન્યો છે, અને ભવિષ્યમાં વધુ સારું પ્રદર્શન કરવાનો સંકલ્પ લીધો છે.

# બાબરા મોટાદેવળિયા રોડના ખાડા બુરવા ખાતમુહૂર્ત, તગારા પાવડા ગ્રામજનોએ ઉચક્યા

## સરકારમાં અનેક રજુઆતો બહેરા કાને અથડાતી હોવાથી અપના હાથ જગન્નાથ સૂત્ર ચરિતાર્થ કરાયુંઃ ધારાસભ્ય ચુંટાયા બાદ લોકહિતના કામો માટે ધ્યાન આપતા નહી હોવાનો આક્ષેપ





ચિતરંજન છાટબાર

બાબરા તા.૨૧

બાબરા તાલુકા ના દશ થી વધુ ગામોને જોડતા બાબરા મોટાદેવળિયા રોડની છેલ્લા કેટલાક વર્ષો થી બિસ્માર હાલત હોવાના કારણે રાહદારી માં આક્રોશ સાથે રોડ મરંમત માટે મોટા ભાગના ગ્રામ્ય આગેવાનો દ્વારા તાલુકા પંચાયત જીલ્લા પંચાયત અને ધારાસભ્ય સહિત મુખ્યમંત્રી રજુઆત કરવા છતાં યોગ્ય નિરાકરણ નહી આવતા આજે તાલુકા ના ચમારડી ગામના બુજર્ગ આગેવાન જીવનભાઈ પીઢડીયા ની આગેવાની માં ખાડાબુરવા માટેનું ખાતમુહૂર્ત કરી સરકાર નો નવતર વિરોધ કરાયો હતો બાબરા થી મોટાદેવળિયા સુધી ના ૨૫ કિમી રોડ સાથે તાલુકા ના દશ જેટલા ગામો ને જોડતા રસ્તા માં મસમોટા ખાડા હોવાથી અવાર નવાર નાના મોટા અકસ્માતો ની હારમાળા સર્જાય રહી છે જેમાં માનવ જીવ સહિત જાનમાલ નું નુકશાન થાય છે આવા સમયે છેલ્લા ત્રણ ત્રણ વર્ષ થી રાજ્ય સરકાર સહિત ચુટાયેલા જન પ્રતિનિધિ સુધી રજુઆત કરવા છતાં યોગ્ય નિરાકરણ નહી આવતા ચમારડી,વલારડી,કુંવરગઢ સહિત ના ગ્રામજનો રોડ ઉપર એકઠા બની અને માટી થી ખાડા બુરવા માટે ખાતમુહૂર્ત કરી અને જાતે તગારા પાવડા અને ત્રિકમ ચલાવી રસ્તો રીપેર કરવા કામગીરી હાથધરી છે ઉપસ્થિત આગેવાનો જીવનભાઈ પીઢડીયા જગદીશભાઈ વિરોજા કુંવરગઢ માજી સરપંચ ગોરધનભાઈ વીરોજા વલારડીના જણાવ્યા મુજબ આ વિસ્તાર ના ધારાસભ્ય ચુંટણી બાદ ગ્રામ્ય પ્રશ્ને દુર્લક્ષતા સેવતા હોઈ અને રોડ રસ્તા ના કામો માટે કાગળ ઉપર મસમોટી જાહેરાતો કરવા માં આવે છે પરંતુ સ્થળ પરિસ્થિતિ માં કોઈ ફેરફાર થતો નથી ગ્રામજનો રજુઆતો કરી થાક્યા હોવાથી આજે નવતર વિરોધ સાથે તગારા પાવડા ઉચકી ખાડા બુરવા અપના હાથ જગન્નાથ નું સૂત્ર ચરિતાર્થ કરી આવનારા સમય ની ચુંટણીઓ માં ગુજરાત ભાજપ સરકાર વિરુધ્ધ મતદાન કરવા રણનીતિ ઘડવા હુંકાર કરવા માં આવ્યો હતો

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી

# ૨૬મીએ સંગીતમ્ સંસ્થા દ્વારા શાસ્ત્રીય નૃત્ય સાથેનો બાળ શાસ્ત્રીય સંગીત સમારોહ

## ધારાસભ્ય, મેયર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે

રાજકોટ, તા.૨૧

શહેરમાં શાસ્ત્રીય ગાયન-વાદનનું તજજ્ઞ સંગીતયજ્ઞ દ્વારા માર્ગદર્શન સાથે બ્રહ્મ ગુજરાત સંગીત સમિતિ અમદાવાદ તેમજ અખીલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મિરજ દ્વારા લેવાતી શાસ્ત્રીય ગાયન-વાદનની પરિક્ષા અભ્યાસક્રમની તૈયારીઓ તેમજ શાસ્ત્રીય સંગીતના પ્રચાર-પ્રસારને વરેલી સંસ્થા સંગીતમ્ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી શાસ્ત્રીય નૃત્ય સાથેનો બાળ શાસ્ત્રીય સંગીત મહોત્સવ-૨૦૨૫ નું તા.૨૬ ના સાંજે ૫ કલાકે રાજકોટ એન્જીનિયરીંગ ઓડિટોરીયમ, ભકિતનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શેરી નં.૩, સ્ટેશન સર્કલ પાસે રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટના આંગણે યોજાનાર આ કાર્યક્રમમાં રમેશભાઈ ટીલાળા - ધારાસભ્ય, ડો.દર્શિતાબેન શાહ - ધારાસભ્ય, નયનાબેન પેઢડીયા - મેયર, ડો.નેહલભાઈ શુકલ - કોર્પોરેટર, એચ.વી.દિહોરા - જિલ્લા યુવા વિકાસ અધિકારી, અશોકભાઈ પાંભર - ડાયરેકટર, કર્ણાવતી સ્કૂલ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે. વિવિધ સંસ્થાઓના ૩૦ થી વધુ બાળ પ્રતિભાઓ શાસ્ત્રીય નૃત્ય તેમજ શાસ્ત્રીય ગાયન અને વાદન પ્રસ્તુત કરશે તેમ સંગીતમ્ સંસ્થાની એક યાદીમાં જણાવાયુ છે.

# માણાવદરમાં ભુગર્ભ ગટરના ખુલ્લા મેનહોલના ઢાંકણા ઢાંકવા માંગ

રાજકોટ, તા.૨૧

માણાવદર શહેરમાં પાલિકામાં જનહિતના પ્રશ્નોના ઉકેલ કરવામાં તંત્ર બેદરકાર કેમ? તે પ્રશ્ન વારંવાર પ્રજાજનો ઉઠાવી રહયા છે એક બાજુ મીતડી દરવાજાથી સિનેમા સુધીનો રોડ બબ્બે વખત બનાવ્યો રોડ ઉપર રોડ બનાવ્યા પરંતુ આમ જનતાને આ રોડ ઉપરાંત રીંગ રોડ સારો મળ્યો નથી.



ઠેર-ઠેર ઉચા-નીચા રસ્તા, ઢાળોથી વાહન ચાલકો ત્થા વાહનોને નૂકશાની થઈ છે. તેમા ભૂર્ગભ ગટરના ઠાંકણા વગરના હોલ બાવાવાડી પુલ પાસે મોતના કુવા સમાન અનેક દિવસોથી ખુલ્લા છે.

આ અંગે કિશોર ઝાટકીયાએ આવા ભૂર્ગભ ગટરના ઢાંકણા ઉચા નીચા ત્થા ઢાંકણા વગરના હોલ તાકિદ રીપેર કરવા માંગ કરી છે.

# સૈફ અલી ખાનના પરિવારની ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ સરકારના કબજામાં આવશે

ભોપાલ,તા.૨૧

સરકાર બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનના પરિવારની ૧૫ હજાર કરોડ રૂપિયાની સંપત્તિનો કબજો લઈ શકે છે. સૈફ અલી ખાન અને શર્મિલા ટાગોરના પરિવારની મિલકત કોહેફિઝાથી ભોપાલના ચિકલોડ સુધી ફેલાયેલી છે. પટૌડી પરિવારની લગભગ ૧૦૦ એકર જમીન પર દોઢ લાખ લોકો રહે છે. હકીકતમાં, ભોપાલ રાજયની ઐતિહાસિક મિલકતો પરનો પ્રતિબંધ જે ૨૦૧૫ થી લાગુ હતો તે હવે સમાપ્ત થઈ ગયો છે.

મધ્યપ્રદેશ હાઈકોર્ટે અભિનેતા સૈફ અલી ખાન, તેની માતા શર્મિલા ટાગોર, બહેનો સોહા અને સૈફ અલી ખાન અને પટૌડીની બહેન સબીહા સુલ્તાનને દુશ્મન સંપત્તિ કેસમાં અપીલ અધિકારી સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. હવે અપીલ અધિકારી સમક્ષ કેસ રજૂ કરવા માટે હાઈકોર્ટના આદેશની ૩૦ દિવસની સમયમર્યાદા સમાપ્ત થઈ ગઈ છે. એક મહિનાનો સમયગાળો પૂરો થયા પછી પણ, પટૌડી પરિવારે કોઈ દાવો રજૂ કર્યો નથી. પટૌડી પરિવાર પાસે ડિવિઝન બેન્ચમાં પડકારવાનો વિકલ્પ છે.

ગયા મહિને, હાઈકોર્ટની જબલપુર સ્થિત મુખ્ય બેન્ચે શર્મિલા ટાગોર, તેમના પુત્ર સૈફ અલી ખાન અને સબીહા સુલતાનના દુશ્મન સંપત્તિ કેસમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો. ન્યાયાધીશ વિવેક અગ્રવાલની સિંગલ બેન્ચે પટૌડી પરિવારને એનિમી પ્રોપર્ટી કસ્ટોડિયન એક્ટ કેસમાં દિલ્હી સ્થિત એપેલેટ ઓથોરિટી સમક્ષ અરજી રજૂ કરવાની સ્વતંત્રતા આપી હતી. અરજીનો નિકાલ કરતી વખતે, સિંગલ બેન્ચે તેના આદેશમાં કહ્યું હતું કે અપીલ અધિકારીએ યોગ્યતાના આધારે નિર્ણય લેવો જોઈએ.

પટૌડી પરિવારે ૨૦૧૫ માં એક અરજી દાખલ કરી હતી. તેમણે ૧૯૬૮ના દુશ્મન સંપત્તિ અધિનિયમ હેઠળ ભોપાલના છેલ્લા નવાબની મિલકતોનો નિયંત્રણ લેવાના સરકારના નિર્ણયને પડકાર્યો હતો. ભારતના દુશ્મન સંપત્તિના કસ્ટોડિયન, મુંબઈએ પોતાના આદેશમાં નવાબની મિલકતોને દુશ્મન સંપત્તિ જાહેર કરી હતી કારણ કે તેમની મોટી પુત્રી રાજકુમારી આબિદા સુલતાન ૧૯૫૦ માં પાકિસ્તાન ગઈ હતી. નવાબ જીવતા હતા ત્યારે તે (આબિદા) પાકિસ્તાન ગઈ હતી. નવાબના મૃત્યુ પછી, તેમની બીજી પુત્રી મેહર તાજ સાજીદા સુલતાન બેગમને ભોપાલ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૪૭ મુજબ મિલકતના વારસદાર જાહેર કરવામાં આવ્યા હતા અને અરજદારો તેમના વારસદાર છે.

# પાપારાઝી પર ભડકી કરીના કપૂર કહ્યું- ’બસ કરો હવે, અમને એકલા છોડી દો’

મુંબઈ,તા.૨૧

સૈફ અલી ખાન પર થયેલા હુમલા બાદ હવે જઈને કરીના કપૂરે મીડિયા પર પોતાની નારાજગી વ્યક્ત કરી છે અને તેને પાપારાઝીને આંડે હાથ લીધા છે. કરીનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં પોતાનો ગુસ્સો ઠાલવ્યો જો કે થોડી જ મિનિટોમાં તેને પોસ્ટ ડિલીટ કરી દીધી. કરીના હાલમાં થોડા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે. ત્યારે તેમના બાળકો અંગેની નવી પોસ્ટે તેને પરેશાન કરી મૂકી છેકરીનાની આ પ્રતિક્રિયા બાદ ચાહકોએ પણ તેને સપોર્ટ કર્યો છે. ચાહકોએ કરીનાના પરિવારને પ્રાઈવેસી આપવા તથા આવા સમાચારો બંધ કરવાની અપીલ કરી છે. આ પહેલી વાર નથી જ્યારે કરીનાએ પોતાની વાત રાખી હોય. ઉલ્લેખનીય છે કે ગુરૂવારે મોડી રાત્રે બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર ચાકૂથી હુમલો કરવામાં આવ્યો હતો. બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી, જેમાં ચોરીના ઉદેશથી ઘરમાં ઘૂસેલા શરીફુલે એક્ટર પર હુમલો કર્યો હતો.

## ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા નવો વિવાદ

# ટીમ ઈન્ડિયાની જર્સીથી પાકિસ્તાનનું નામ ગાયબ

નવીદિલ્હી,તા.૨૧

આગામી સમયમાં પાકિસ્તાનના ત્રણ શહેરો રાવલપિંડી, કરાચી, લાહોર અને આ સિવાય દુબઈમાં 'હાઈબ્રિડ મોડેલ' હેઠળ ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની મેચો રમાશે. આ ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. ભારત ચેમ્પિયન્સમાં પોતાની બધી મેચ દુબઈમાં રમશે. જો કે, પાકિસ્તાન આ ટુર્નામેન્ટનું સત્તાવાર યજમાની કરી રહ્યું છે. પરંતુ આ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા જ એક નવો વિવાદ ઊભો થઈ ગયો છે. હકીકતમાં આ ટુર્નામેન્ટના મુખ્ય આયોજક પાકિસ્તાનનું નામ આ વખતે ભારતીય ક્રિકેટ ટીમની જર્સી પર રહેશે નહીં. જેને લઈને ભારતે કથિત રીતે ભારતીય ટીમની જર્સી પર છપાયેલા પાકિસ્તાન (યજમાન દેશનું નામ) શબ્દ સામે વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે PCB ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'BCCI ભારતીય ટીમની જર્સી પર પાકિસ્તાનનું નામ છાપવાને લઈને ક્રિકેટમાં રાજનીતિ કરી રહી છે'. અગાઉ ભારતીય બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફી માટે કેપ્ટનોની બેઠક માટે કેપ્ટન રોહિત શર્માને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. આ સિવાય અગાઉ BCCIએ ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ PCB અને ICCએ હાઈબ્રિડ મોડેલ હેઠળ ટુર્નામેન્ટ યોજવા સંમત થયા હતા. PCBના ઘણાં આગ્રહ છતાં BCCI એ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરવાના પોતાના વલણમાં કોઈ ફેરફાર કર્યો નથી. આખરે પાકિસ્તાન બોર્ડે ભારતની શરતો સ્વીકારવી પડી હતી. જો કે નવા કરાર હેઠળ PCB ભવિષ્યમાં ICC ઈવેન્ટ્સ માટે પાકિસ્તાની ટીમને ભારત મોકલશે નહીં. ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થવામાં હવે લગભગ એક મહિનો બાકી છે અને હવે ફરી એક નવો વિવાદ ઊભો થઈ ગયો છે.

પાકિસ્તાને હજુ સુધી ચેમ્પિયન્સ ટ્રોફી માટે પોતાની ટીમની જાહેરાત કરી નથી. જયારે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે ૧૫ ખેલાડીઓની ભારતીય ટીમઃ રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, યશસ્વી જયસ્વાલ, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, વોશિંગ્ટન સુંદર.

# અદાણી એનર્જી સોલ્યુશન્સે આજ સુધીનો સૌથી મોટો રુ.૨૫ હજાર કરોડનો ભાડલા-ફતેહપુર HVDC પ્રોજેક્ટ જીત્યો

અમદાવાદ તા.૨૧:

ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન કંપની અને વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોના એક અંગ એવી અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. ()એ આજે જણાવ્યું હતું કે તેણે રૂ. ૨૫,૦૦૦ કરોડનો પ્રતિષ્ઠિત ભાડલા (રાજસ્થાન)- ફતેહપુર (ઉત્તર પ્રદેશ) માટેનો (હાઈ વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ) ઓર્ડર જીત્યો છે. ની આજ સુધીના આ સૌથી મોટા ઓર્ડરની જીત છે, જેનાથી કંપનીની અમલીકરણ હેઠળની ઓર્ડર બુકને રૂ.૫૪,૭૬૧ કરોડ અને ટ્રાન્સમિશન નેટવર્કને ૨૫,૭૭૮ સરકીટ કિ.મી. અને ૮૪,૧૮૬ ટ્રાન્સફોર્મેશન ક્ષમતાએ પહોંચાડી છે.

એ ટેરિફ આધારિત સ્પર્ધાત્મક બિડિંગ () મિકેનિઝમ હેઠળ જીત મેળવી હાંસલ કરેલા આ પ્રોજેક્ટની બિડ પ્રક્રિયાની સંકલનકાર પાવર ડેવલપમેન્ટ એન્ડ કન્સલ્ટન્સી લિ. હતી.

ફેઝ- ભાગ ૧ના ત્રીજા તબક્કકા હેઠળ રાજસ્થાનમાં (૨૦ )માંથી પાવર ઇવેક્યુએટ કરવાને ટ્રાન્સમિશન સિસ્ટમ'' કહેવાય છે, આ પ્રોજેકટમાં ૭૫૦૦ ટ્રાન્સમિશન ક્ષમતા. ટી સમેત ભાડલાથી ફતેહપુર (૨૪૦૦ ) વચ્ચે ૬,૦૦૦ (હાઈ વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ) સિસ્ટમની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ ભાડલા-થી આગળ વધી રાજસ્થાનના વિવિધ આરઈઝેડમાંથી ૬ ગીગાવોટ રિન્યુએબલ એનર્જીને ઉત્તર ભારતના માંગની જરુરતના કેન્દ્રો અને રાષ્ટ્રીય ગ્રીડ સુધી પહોંચાડવામાં મદદ કરશે. આ પ્રોજેક્ટ અંતર્ગત સાડા ચાર વર્ષમાં રાષ્ટ્રીય ગ્રીડમાં પહોંચાડશે.

# મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ ૩ ફેબ્રુઆરીએ મહાકુંભમાં શાહી સ્નાન કરશે

ગાંધીનગર,તા.૨૧

પ્રયાગરાજમાં મહાકુંભ મેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ત્યાં દેશ – વિદેશથી લાખો કરોડોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ સ્નાન કરવા અને કલ્પવાસ કરવામાં માટે આવ્યા છે. દેશના નામચીન વ્યક્તિઓની સાથે વિદેશના લોકો પણ શાહી સ્નાન કરવા માટે આવતા હોય છે. ત્યારે ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે પ્રયાગરાજ જશે. મહાકુંભમાં ૩ ફેબ્રુઆરીએ જઈને મુખ્યમંત્રી શાહી સ્નાન કરશે.

બીજી તરફ ગુજરાતમાંથી લાખો ભાવિકો મહાકુંભમાં સહભાગી થવા પ્રયાગરાજ જઈ રહ્યાં છે. ગુજરાતના શ્રદ્ધાળુઓને ત્યાં તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રયાગરાજ ખાતે તા. ૧૩ જાન્યુઆરી થી ૨૬ ફેબ્રુઆરી સુધી ‘ગુજરાત પેવિલિયન’ બનાવવામાં આવ્યું છે. ગુજરાત પેવિલિયનનો મુખ્ય ઉદેશ ભારત સહિત વિશ્વભરના પ્રવાસીઓને ગુજરાતના વૈવિધ્યસભર વારસાથી પરિચિત કરાવી તીર્થયાત્રીઓને શક્ય તમામ પ્રકારની મદદ કરવાનો છે. તેમજ ગુજરાત પ્રવાસન નિગમે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ જાહેર કર્યો છે.

# દીવ : સમુદ્રમાં મધરાતે ફિશીંગ બોટ સાથે શીપ અથડાઈ : પાંચ ટંડેલનો બચાવ



(શકીલ કાશમાણી દ્વારા)

દીવ, તા.૨૧

દીવના સાઉદવાડી, ઢોલાવાડી, લખીબેન લખમભાઈની ગીત ગંગા નામની ફિશિંગ બોટને સમુદ્રમાં રાત્રીના સમયે અચાનક એક શીપે ટક્કર મારતા ફિશિંગ બોટના ટંડેલ અને પાંચ ખલાસીઓ ગભરાઈ ગયા અને પોતાની જાન બચાવવા ધીરે ધીરે ફિશિંગ બોટને વણાંકબારા કિનારે લાવ્યા અને આ દુર્ઘટનાથી બચાવ થતા ટંડેલ દિલિપ લક્ષ્મણ અને પાંચ ખલાસીઓ વિજય અશોક, સંજુબાબા અરગા, શાંતારામ શંકર, જીતેશ રાજેશ અને સુરેશ ધર્માએ ભગવાનનો પાડ માન્યો હતો.

ત્યારબાદ બોટના માલિક આ દૂર્ઘટનાની દીવ પ્રશાસન અને કોસ્ટલ પોલીસમાં ફરિયાદ નોંધાવી અને આ શીપ દ્વારા ટક્કરથી ફિશિંગ બોટને સાતથી સાડા સાત લાખનુ આર્થિક નુકશાન થયેલ હોય જે રકમ પરત અપાવવા પ્રશાસન પ્રયાસો કરશે તેવી ખાતરી આપેલ હતી.

## ફિલ સૉલ્ટ અને બેન ડકેટ કરશે ઓપનિંગ

# કોલકાતા T૨૦ માટે ઈંગ્લેન્ડ ટીમની પ્લેઈંગ ૧૧ જાહેર

કોલકાતા,તા.૨૧

ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે ભારત સામે યોજાનારી T20I મેચ માટે ટીમની જાહેરાત કરી દીધી છે. આ મેચ ૨૦ જાન્યુઆરીએ યોજાશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે ભારત સામે શરૂ થનારી પહેલી T૨૦ મેચ માટે લેક્રેશાયરનો ફિલ સોલ્ટ વિકેટકીપિંગ કરતો જોવા મળશે. જે નોટિંગહામશાયરના બેન ડકેટ સાથે બેટિંગની શરૂઆત કરશે. જ્યારે કેપ્ટન જોસ બટલર ત્રીજા નંબર પર બેટિંગ કરવા માટે આવશે.

આ ઉપરાંત ઝડપી બોલર જોફ્રા આર્ચર અને માર્ક વુડને પણ પ્લેઈંગ ૧૧માં સ્થાન મળ્યુંછે. છેલ્લે ભારતની ધરતી પર જોફ્રા આર્ચરે ૨૦ માર્ચ ૨૦૨૧ના રોજ ઈંગ્લેન્ડની ટીમની કેપ્ટનશીપ કરી હતી. તે ભારતની પીચ પર ૪ વર્ષ પછી બેટિંગ કરવા ઉતરશે. પોતાની ઘાતક ઝડપી બોલિંગને લીધે જાણીતો આર્ચર ભારતીય બેટરો માટે મુશ્કેલી બની શકે છે.

ભારત માટે આ સીરિઝ માટે સૂર્યાકુમાર યાદવ કેપ્ટનશીપ કરશે. જયારે અક્ષર પટેલને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આ સિવાય ઘણાં સમયથી ઈજાગ્રસ્ત મોહમ્મદ શમીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. શમી ભારતીય ટીમથી વર્લ્ડકપ ૨૦૨૩ થી દૂર ચાલી રહ્યો છે. લગભગ ૧૪ મહિના પછી શમીએ ભારતીય ટીમમાં વાપસી કરી છે. ઘૂંટણમાં થયેલી ઈજાને કારણે શમી ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં પણ રમી શક્યો ન હતો.

# રાજકોટ : પામોસ પિત્ઝામાંથી વાસી ખાદ્યપદાર્થનો નાશ કરતુ મનપા



રાજકોટ, તા.૨૧

રાજકોટ મહાપાલિકાની ફૂડ બ્રાન્ચે કાલાવડ રોડ પરના પોમોસ પીઝામાં ચેકિંગ કરતા ૧૪ કિલો વાસી અખાદ્ય પદાર્થો મળ્યા હતા. જેનો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો હતો. તેમજ કોટેચા ચોકમાં આવેલા મીત રેસ્ટોરન્ટમાં ચેકિંગ કરતા ત્યાં આગળ અનહાઈઝનીક કન્ડિશન જોવા મળી હતી. જેથી બંનેને નોટીસ ફટકારવામાં આવી હતી.

વિશેષમાં રાજકોટ મનપાના સિનિયર ડીઝીગ્નેટેડ ફૂડ ઓફિસર ડો.હાર્દિક મેતાએ વિગતો જાહેર કરતા જણાવ્યું હતુ કે તાજેતરમાં ફૂડ બ્રાન્ચ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કે.કે.વી. ચોક પાસે, રાજકોટ મુકામે આવેલ પોમાસ પીઝા (એસ.એન.ફૂડ્સ) પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી મંચુરિયન, નુડલ્સ, પાસ્તા તથા સોસનો કુલ મળી અંદાજીત ૧૪ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ કરવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી.તેમણે ઉમેર્યું હતુ કે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન વાગડ ચોકડી, મવડી-પાળ રોડ, રાજકોટ મુકામે આવેલ રજની ઢોસા પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી મંચુરિયન તથા ભાજીનો કુલ અંદાજીત સાત કિ.ગ્રા. અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ કરવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ મુકામે આવેલ મીત રેસ્ટોરેન્ટમાં તપાસ કરતા પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

## હાલમાં ૨૪ મોબાઈલ મેડિકલ વાન કાર્યરત જ્યારે વધુ નવી ૬ વાન શરૂ કરાશે

# રાજ્યમાં ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓએ મોબાઈલ મેડિકલ વાન યોજનાનો લાભ લીધો

ગાંધીનગર,તા.૨૧

રાજયમાં ‘‘મોબાઈલ મેડિકલ વાન’’ યોજના થકી માસિક સરેરાશ ૨૦૦૦થી વધુ પ્રતિવાન શ્રમયોગીઓની તબીબી તપાસ અને સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોએ આ યોજનાનો લાભ લીધો છે. કોરોના મહામારી દરમિયાન મોબાઈલ મેડિકલ વાન દ્વારા રાજયના તમામ નાગરિકોના હિતાર્થે જરૂરી ટેસ્ટ તેમજ દવાઓનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું, તેમ શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું.

મંત્રી રાજપુતે વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના સંગઠિત ક્ષેત્રના શ્રમયોગી પરિવારોની તબીબી સુરક્ષા માટે ગુજરાત સરકારે ‘‘મોબાઈલ મેડિકલ વાન’’ યોજના શરૂ કરી શ્રમિકોના સ્વાસ્થ્ય માટે નવી કેડી કંડારી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં હાલમાં કાર્યરત ૨૪ મોબાઈલ મેડિકલ વાન દ્વારા વાર્ષિક ૬ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ-સારવાર આપવામાં આવી રહી છે.

જેમાં બ્લડ ટેસ્ટ, પ્રેગ્નન્સી ટેસ્ટ, હિમોગ્લોબીન, લેબોરેટરી તપાસ, ડાયાબીટીસ, બ્લડ કાઉન્ટ જેવી વિવિધ તપાસ-સારવારનો સમાવેશ કરાયો છે. જેમાં તપાસ દરમિયાન વધુ સારવાર લેવાની થાય તો શ્રમયોગી નજીકની સરકારી હોસ્પિટલમાં જઈને સારવાર મેળવી શકે છે.

મંત્રી બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું કે, ગુજરાતના દરેક સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને આરોગ્યનું કવચ પૂરું પાડવું એ રાજ્ય સરકારનો મુખ્ય ધ્યેય છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડના માધ્યમથી રાજયના વધુમાં વધુ શ્રમયોગીઓને ‘‘મોબાઈલ મેડિકલ વાન’’ યોજનાનો લાભ પહોચાડવા માટે આગામી સમયમાં જરૂરિયાત અનુસાર વધુ મોબાઈલ મેડિકલ વાન શરૂ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રમયોગી પરિવારોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ, સારવાર અને જરૂરિયાત મુજબની દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર તરફથી ૧૦૦ ટકા સબસિડી ચૂકવવામાં આવે છે.


આ મોબાઈલ મેડિકલ વાન હાલમાં અમદાવાદ, મહેસાણા, સુરત, હિંમતનગર, ગાંધીનગર, જૂનાગઢ, વાપી, વડોદરા, આણંદ-ખેડા, ગાંધીધામ, ભાવનગર, મોરબી, વલસાડ, વાપી, નવસારી તથા રાજકોટ તેમજ આજુબાજુની જીઆઈડીસીમાં કાર્યરત છે. આ યોજનાની સફળતા જોતા હાલમાં ૨૪ મોબાઈલ મેડિકલ વાન ઉપરાંત વધુ ૬ મેડિકલ વાન થકી વધુમાં વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને યોજનાનો લાભ આપવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાજયના ગ્રામીણ વિસ્તારોમાંથી રોજગારી માટે અનેક શ્રમયોગી પરિવારો શહેરોમાં આવીને વસવાટ કરે છે. શહેરોમાં વસતા ગીચ વસવાટના કારણે આ શ્રમયોગીઓને કેટલીક વખત આરોગ્યલક્ષી પ્રાથમિક સુવિધાઓનો અભાવ રહે છે, જેના કારણે તેઓ અનેક રોગોના ભોગ બનતા હોય છે. જે અંતર્ગત શ્રમયોગીઓ અને તેમના આશ્રિતો તંદુરસ્ત રહીને વધુ કામ કરી શકે એવા શુભ આશય સાથે ગુજરાતમાં વર્ષ ૨૦૧૫-૧૬માં ‘‘મોબાઈલ મેડિકલ વાન યોજના’’ શરૂ કરવામાં આવી હતી.

# રાજકોટ વોર્ડ નં.૧૭ માં ગેરકાયદે ઓરડીઓનું દબાણ દૂર કરતુ મનપા

રાજકોટ, તા.૨૧

મ્યુનિ.કમિશ્નર તુષાર સુમેરાના આદેશ અનુસાર તથા એડી.સીટી એન્જીનીયર, એ.એ.રાવલના માર્ગદર્શન હેઠળ રાજકોટ મનપાના સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૭ માં અનામત પ્લોટ નં.૫૧ માં થયેલ ગેરકાયદેસર પતરા વાળી ઓરડીનું દબાણ દૂર કરવા માટે ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ડિમોલીશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.





વોર્ડ નં.૧૭ માં ૩-પતરા વાળી ઓરડીનુ દબાણ દૂર કરવામાં આવ્યું હતુ. આ ડિમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા સેન્ટ્રલ ઝોનના તમામ સ્ટાફ તથા રોશની શાખા, દબાણ હટાવ શાખા, બાંધકામ શાખા તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના નવનિર્મિત ટર્મિનલનું ૯ ફેબ્રુઆરીએ લોકાર્પણ

## અદ્યતન ટર્મિનલમાં ૨૦ ચેક-ઈન કાઉન્ટર, ૭ બોર્ડિંગ ગેટ, ૫ કન્વેયર બેલ્ટની સુવિધા, એ-૩૨૧ પ્રકારના એરક્રાફ્ટને હેન્ડલ કરવા સક્ષમ, ૪ પાર્કિંગ બેઝને જોડતા એરોબ્રિજ, પીક અવર્સમાં ૨૮૦૦ પ્રવાસીઓને હેન્ડલ કરવાની ક્ષમતા, ઈમીગ્રેશન અને કસ્ટમ્સ કાઉન્ટર તૈયાર



રાજકોટ તા. ૨૧:

રાજકોટના હિરાસર સ્થિત ગ્રીનફિલ્ડ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ખાતમુહૂર્ત બાદ તબક્કાવાર નિર્માણ પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે. જેનું પ્રધાનમંત્રીશ્રીના હસ્તે ગત તા. ૨૭ જુલાઈ, ૨૦૨૩ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

હિરાસર એરપોર્ટ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના એરપોર્ટના સંચાલન માટે જરૂરી સુવિધાઓમાં નિરંતર ઉમેરો કરવામાં આવી રહ્યો છે. જેના અનુસંધાને રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નવું ટર્મિનલ બિલ્ડીંગ તૈયાર થઈ ચૂક્યું છે. જેનું લોકાર્પણ આગામી તા. ૯ મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ કરવામાં આવશે.

આ બિલ્ડીંગ અંગે વિગત આપતા એરપોર્ટ ડાયરેક્ટર શ્રી દિગંત બોરાએ જણાવ્યું છે કે, આ નવું ટર્મિનલ કુલ ૨૩ હજાર ચો.મી.ના વિસ્તારમાં નિર્માણ કરવામાં આવ્યું છે. જે પીક અવર્સ દરમિયાન ૨૮૦૦ મુસાફરોને સેવા આપવા માટે સજ્જ કરાયું છે. અહીં કુલ ૭ બોર્ડીંગ ગેટ છે, જેમાં ૩ ગ્રાઉન્ડ ફ્લોર બોર્ડીંગ ગેટ દૂરથી પાર્ક કરેલા અને નાના એરક્રાફટના મુસાફરોના ઉપયોગ માટે છે. જયારે અન્ય ૪ બોર્ડીંગ ગેટ્સમાં પેસેન્જર બોર્ડીંગ બ્રિજ (એરોબ્રિજ) છે. જે ટર્મિનલને ૪ પાર્કિંગ બેઝ સાથે જોડે છે. જે એ-૩૨૧ પ્રકારના એરક્રાફ્ટને હેન્ડલ કરવા માટે સક્ષમ છે.

અહીં પેસેન્જરની સુવિધાઓમાં ૨૦ ચેક-ઇન કાઉન્ટર (કુલ ૩૬ કાઉન્ટરો માટે જોગવાઈ છે), ૫ કન્વેયર બેલ્ટ અને ફૂડ અને બેવરેજીસ (ખાદ્ય અને પીણા) સહીતની શોપ્સ માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

હાલમાં ટર્મિનલ બિલ્ડીંગમાં ૪૫૦ મુસાફરો માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યારે જરૂર પડે ત્યારે બેઠક ક્ષમતા વધારી શકાય એમ છે. બિલ્ડિંગમાં અરાઇવલ અને ડિપાર્ચર હોલમાં એક-એક એમ કુલ બે વીઆઈપી લાઉન્જ છે. અહીં ૨ બેબી કેર રૂમ અને ૩ સ્મોકિંગ રૂમ છે. એરપોર્ટના શહેરની બાજુનો વિસ્તાર ૩૦૦ કાર અને ૭૫ ટુ-વ્હીલર પાર્ક કરવાની ક્ષમતા સાથે વિકસાવવામાં આવ્યો છે.

નવા સંકલિત ટર્મિનલ બિલ્ડીંગમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ઓપરેશનને હેન્ડલ કરવા માટે જરૂરી તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરાયું છે. ડિપાર્ચર હોલમાં ૧૨ ઈમીગ્રેશન કાઉન્ટર અને અરાઈવલ હોલમાં ૧૬ ઈમીગ્રેશન કાઉન્ટર ઉભા કરાયા છે. ડિપાર્ચર હોલ અને અરાઈવલ હોલમાં એક કસ્ટમ્સ કાઉન્ટર બનાવવામાં આવ્યું છે.

રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય ઉડાન માટે જરૂરી પ્રક્રિયાઓમાં કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની મંજૂરી મેળવવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું એરપોર્ટ ડાયરેક્ટર શ્રી દિગંત બોરાએ માહિતી આપતાં જણાવ્યું છે.

# દુખદ અવસાન – બેસણુંઃ

**રાજકોટ:** મૂળ બગસરા-વડિયાના વતની હાલ રાજકોટ વખારીયા ચંદ્રકાંતભાઈ ગોકળદાસ (ચંદુભાઈ મેતાજી) (ઉ. વ.૭૩), તે હિરેન (રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.) તથા ક્રિષ્ના વત્સલભાઇ જનાણીના પિતાશ્રી તા.૨૧ને મંગળવારે શ્રીજી ચરણ પામેલ છે.સદ્દગતનું બેસણું તા. ૨૩ને ગુરુવારે, સાંજે ૪ થી ૫.૩૦ કલાકે, શ્રી જાગનાથ મહાદેવ મંદિર, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**કોડીનાર:** છારીયા ઉનેવાળ બ્રાહ્મણ હંસાબેન નવલશંકર જાની ઉંમર વર્ષ ૮૧ તે નવલશંકર જાનીના ધર્મ પત્ની, અને ભરતભાઈ જાની (કોડીનાર), ચેતનભાઇ જાની (રાજુલા),આશાબેન ઓઝા (અમદાવાદ) ના માતૃશ્રી તથા વિરેનભાઈ (ભરૂચ), દેવેનભાઈ (અમદાવાદ) તથા આશુતોષભાઈ ના દાદીમા નું તારીખ ૨૦ ના રોજ અવસાન થયું છે તેમનું ઉઠમણુ-મન મંદિર રેસીડેન્સી-૧ છતડીયા રોડ રાજુલા સીટી મહાકાલેશ્વરના મંદિર ખાતે તારીખ ૨૩/૦૧/૨૦૨૫ ને ગુરૂવાર ના રોજ રાખેલ છે અને સાંજે તે જ દિવસે તે જ સ્થળે ૪ થી ૬ બેસણું રાખેલ છે. તેમજ કોડીનાર બ્રહ્મપુરી ખાતે તારીખ ૨૭- ૧ ને સોમવારના રોજ સાંજના ચાર થી છ બેસણું રાખેલ છે.

**જુનાગઢ :** સોનલબેન બકુલભાઈ તૈલી (ઉ.વ.૫૨) તે બકુલભાઈ દ્વારકાદાસભાઈ તૈલીના ધર્મપત્ની તેમજ સ્વ.દ્વારકાદાસ દેવચંદભાઈ તૈલીના પુત્રવધુ જેતપુર નિવાસી હાલ જૂનાગઢ તે ભૂમિત તૈલી અને બંસી તૈલીના મમ્મી તથા હેમાંશી તૈલીના સાસુ બિપીનભાઈ, ગીરીશભાઈના નાનાભાઈના પત્ની, અશ્વિનભાઈ, જીતુભાઈના ભાભી તેમજ કોડીનાર નિવાસી વૃંદાવનદાસ મોહનલાલ જીમુલીયાના દિકરી, સ્વ.વિનોદભાઈ તથા સુધીરભાઈ, મુકેશભાઈના બેનનું તા.૨૦/૧ ના રોજ અવસાન થયુ છે. સદગતની પ્રાર્થના સભા : તા.૨૩ ને ગુરૂવારે સાંજે ૪ થી ૫ ભૂતનાથ મંદિર સત્સંગ હોલ, બહાઉદિન કોલેજ સામે, જુનાગઢ ખાતે રાખેલ છે.

# માંગરોળ:બોલેરોએ સ્કૂટરને અડફેટે લેતા પિતાનું મોત, પુત્રી ગંભીર



જીતુ પરમાર માંગરોળ તા.૨૧: માંગરોળ ના શારદા ગ્રામ પાસે સ્કૂટર અને બોલેરાવચ્ચે અકસ્માતમા વિરપુરના રહેવાસી હાલ માંગરોળ રહેતા સ્કુટર ચાલક સેજાભાઇ દેવાભાઈ કરમટાનુ ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત, માંગરોળ થી સ્કુટર પર પુત્રીને શારદા ગ્રામ શાળામાં મુકવા આવેલ પિતાનુ મોત, જ્યારે પુત્રી દેવલબેન ને વધુ ગંભીર ઈજા થતાં જુનાગઢ રીફર કરાઈ, માંગરોળ શારદા ગ્રામ ગેટ પાસે અવાર નવાર અકસ્માતો સર્જાય છે શાળાએ જતા બાળકોને અવાર નવાર અકસ્માત નો ભોગ બનેછે તો આ ગેટ પાસે વૈકલ્પિક વ્યવસ્થા કરવા લોકોની માંગણી, મુર્તક સેજાભાઇ કરમટાને માંગરોળ સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા ત્યા પી એમ કરવામા આવેલ માંગરોળ પોલીસે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતમાં ફી ન ભરવાના લીધે હેરાન કરાતા ૮મા ધોરણની વિદ્યાર્થીનીની આત્મહત્યા

સુરત,તા.૨૧

સુરતના ગોડાદરા વિસ્તારમાં એક વિદ્યાર્થીનીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. તે ગોડાદરા વિસ્તારમાં રહેતી હતી અને આદર્શ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. ફી ન ભરવાને કારણે, શાળા મેનેજમેન્ટે વિદ્યાર્થીને બે દિવસ સુધી શૌચાલય પાસે ઉભો રાખ્યો. આઠમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિની સાથે અનેક વખત આવા કૃત્યો કર્યા પછી, તેઓ તેના પર દબાણ કરતા રહ્યા. આખરે વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થીની આત્મહત્યા બાદ પરિવારમાં અંધાધૂંધીનો માહોલ છે. હાલમાં ગોડાદરા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

ધોરણ ૮ ની વિદ્યાર્થિની સાથે વારંવાર દુર્વ્યવહાર કરવામાં આવ્યો અને પછી તેના પર દબાણ લાવવામાં આવ્યું. આખરે વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થીની આત્મહત્યાથી પરિવારમાં શોકનો માહોલ છે. હાલમાં ગોડાદરા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. પરિવારનો આરોપ છે કે શાળાના કારણે તેમને તેમની પ્રિય પુત્રી ગુમાવવી પડી.

મૃતક પુત્રીના પિતા રાજુલાલ ખટીકે જણાવ્યું હતું કે મારી પુત્રીને પરીક્ષા પણ આપવા દેવામાં આવી ન હતી. તે રડતી ઘરે આવી. પછી અમે શિક્ષકને ફોન કર્યો. અમે તેને એક મહિનામાં ફી ભરવા કહ્યું. મારી દીકરી શાળાએ પણ જવા માંગતી ન હતી. અમે કામ પર ગયા. દરમિયાન, સાંજે, તેણે આત્મહત્યા કરી લીધી. અમારી એક જ માંગ છે કે કોઈ પણ દીકરી સાથે આવું ન થવું જોઈએ.

# પાટડી : ગુંગળામણથી ૨ સફાઈ કામદારોના મોત

## મોત મામલે બેજવાબદારી બદલ કોન્ટ્રાકટર, ચીફ ઓફીસર સહિત ૩ સામે ગુન્હો નોંધાયો

રાજકોટ, તા.૨૧

પાટડી નગર પાલિકા વિસ્તારમાં આવેલ પમ્પીંગ સ્ટેશન નજીક ગટર સાફ કરવા કોઈપણ પ્રકારના સલામતિના સાધનો વગર ઉતારાયેલ જે બન્નેને ઝેરી ગેસની અસર થતા બન્નેના મોત નિપજેલ છે. આ મામલે પાટડી પોલીસે નાયબ પોલીસ વડા જે.ડી.પુરોહિતના માર્ગદર્શનમાં સફાઈ કોન્ટ્રાકટર, નગરપાલિકાના ચીફ ઓફિસર અને સેનેટરી ઈન્સપેકટર વિરૂધ્ધ ફરજમાં બેદરકારી સબબનો ગુન્હો નોંધવામાં આવેલ છે. પોલીસે સફાઈ કોન્ટ્રાકટરની અટકાયત કરેલ છે. રાજ્ય સરકાર તેમજ રાજ્યની વડી અદાલત દ્વારા સફાઈ કામ અર્થે ભૂગર્ભમાં ઉતરતા કર્મચારીઓને સલામતિના પુરતા સાધનો આપવા આવશ્યક હોવા છતા સલામતિના સાધનો ન અપાયા હોવાથી ૨ યુવાનો મોત પામેલ છે. ભૂતકાળમાં આ પ્રકારની ઘટનાઓ અવાર નવાર સર્જાતી આવેલ છે છતા જવાબદાર તંત્રના અમલદારો દ્વારા કરવામાં આવતા આંખ મીંચામણાના કારણે દુર્ઘટનાઓ અટકતી જ નથી!

સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી ખાતે પાલિકા દ્વારા ગટર સફાઈનો કોન્ટ્રાકટ ખાનગી પેઢીને કરાર મારફત સોંપવામાં આવેલ છે. કોન્ટ્રાકટરને સોંપાયેલ કામગીરીમાં કરારની શરતોનુ પાલન થતુ ન હોય ત્યારે પાલિકાના ચીફ ઓફીસરની તેમજ સેનેટરી અધિકારીની જવાબદારીમાં કોન્ટ્રાકટનુ પાલન કરાવવાની ફરજ હોવા છતા અતિ આવશ્યક બાબતમાં બેદરકાર રહે છે.

કોન્ટ્રાકટર અને તંત્રવાહકોની ઘોર બેદરકારીના કારણે આજે પાટડીમાં બપોરે ૧૨ વાગ્યા આસપાસ ગટર સફાઈ અર્થે ઉતરેલા ૨ કોન્ટ્રાકટરના કર્મચારીના ગુંગળામણની અસરથી મોત પામતા આ ઘટનાની જાણ થતા સ્થાનિક તેમજ જીલ્લાના ઉચ્ચ અમલદારોએ ઘટનાની ગંભીરતાની નોંધ લીધેલ. મૃતક યુવાનોના પરિવારજનોએ સહાયની માંગ ઉપરાંત કેટલીક શરતો પુરી ન થાય તો મૃતદેહ ન સ્વિકારવાની જાહેરાત કરેલ.

આ ઘટનાની જાણ થતા ઉચ્ચ અધિકારીઓએ મોત પામેલા બે શ્રમિક યુવાન જયેશ ભરતભાઈ પાટડીયા (૨૧) તથા ચીરાગ કનુભાઈ પાટડીયા (૧૭)ના પરિવારજનો તેમજ આગેવાનો સાથે વાટાઘાટો કરી ન્યાય અને સહાયની ખાત્રી ઉચ્ચારેલ.

પાટડી શહેરના વાચ્છરાદાદાના મંદિર નજીક આજે બપોરે સર્જાયેલ દુર્ઘટનાએ સફાઈ કામદારોની સલામતિ બાબતોમાં તંત્ર દ્વારા પુરતી કાળજી લેવાતી ન હોવાનુ ખુલ્યું છે! જેમાં રાજ્ય સરકાર તેમજ વડી અદાલતે દર્શાવેલ માર્ગદર્શિકાનું કોન્ટ્રાકટરો કે તંત્ર દ્વારા પાલન ન કરવામાં આવતુ હોવાનુ બહાર આવેલ છે.

## મૃતકના પરિવારજનોની માંગણીઓ અંગે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ન્યાય અને સહાયની ખાત્રી

# સુલતાનપુર ગામે ૧૮ ખેડૂતના કેબલ વાયર અને મોટરની ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

## પોલીસે બાઈક, ત્રણ મોબાઈલ અને બળેલો કેબલ વાયર મળી રૂપિયા ૩૨ હજારનો મુદ્દામાલ કબજે કર્યો

રાજકોટ તા.૨૧:

ગોંડલ તાલુકાના સુલતાનપુર ગામે એક પખવાડિયા પૂર્વે દના કેબલ વાયરને ઈલેક્ટ્રીક મોટર ની ચોરી કરી જનાર ગોંડલ પંથકની ત્રિપુટી ને સ્થાનિક પોલીસ એ ઝડપી લઇ ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે બાઈક મોબાઈલ અને બાળકો પર વાયર નો ભંગાર મળી તો રૂપિયા ૩૨ ૩૦૦ નું મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં વધતા જતા આર્થિક બનાવોને અટકાવવા અને વણ ઉકેલવા ગુનાઓનો ભેદ ઉકેલવા એસપી હિમકરસિંહ એ આપેલી સુચનાને પગલે ગોંડલ ડીવાયએસપી કે જી ઝાલા ના માર્ગદર્શન હેઠળ સુલતાનપુર પોલીસ મથક પ્રો. પીએસઆઇ એ.બી.કાકડીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. ત્યારે સુલતાનપુર ગામે રહેતા મિતેશ ભગવાનભાઈ બોઘા સહિત ૧૮ ખેડૂત ના ઇલેક્ટ્રીક કેબલ વાયર અને બે મોટર ની ચોરીમાં સંડોવાયેલા મૂડ ગોંડલ તાલુકાના સાજડીયારી ગામનો સાગર ભરત વિકાણી દેરડી કુંભાજી નો મહેશ ઉર્ફે બાવલો અતુલ સોલંકી અને શનિ અરવિંદ સોલંકી નામના શખ્સની સંડોવાણી ખૂલતા ઉપરોક્ત ત્રણેય શકશો બાઈક પર આવતા તેને અટકાવી તેના કબજા માંથી બળેલ કોપર વાયર અને ત્રણ મોબાઇલ મળી રૂપિયા ૩૨ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા ત્રિપુટી ની પૂછપરછકતા તેને સુલતાનપુર ગામે આવેલી નદીને કાઠે કેબલ વાયર ની ચોરી કર્યા ની કબુલાત આપી હતી. તે મુદ્દે તપાસનો ધમધમાટ અડ્યો છે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં ચૂકઃ કાફલામાં ઘુસી અજાણી કાર

અમદાવાદ,તા.૨૧

પ્રજાસત્તાક પર્વ એટલે કે ૨૬ જાન્યુઆરી પહેલા મુખ્યપ્રધાનની સુરક્ષામાં ચૂક થઈ હોવાનું સામે આવ્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કાફલામાં અજાણી કાર ઘુસી ગઇ. અમદાવાદમાં બોપલ રિંગરોડ પાસે આ બનાવ બન્યો હોવાનું સામે આવ્યુ છે. બોપલ જાહેર કાર્યક્રમથી પરત ફરતી વખતે ચૂક સામે આવી છે.મુખ્યમંત્રી પસાર થવાના હોય તે પહેલાં બ્લોકેજ પોઈન્ટ સામે સવાલ ઉઠ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના બોપલ ખાતે જાહેર કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા અને કાર્યક્રમમાંથી પરત નિર્ધારિત કાર્યક્રમ તરફ જવા રવાના થઈ રહ્યા હતા. ત્યારે બોપલ પાસેથી પસાર થતા હતા તે દરમિયાન એક અજાણી સફેદ કલરની કાર અચાનક તેમના કોન વેમાં પ્રવેશી ગઇ હતી. જો કે કાર પ્રવેશતાની સાથે જ પાયલોટ અને જે ટ્રેલ કાર હોય તેમને સમયસૂચકતાની સાથે એક્શન લેવા જોઈએ તે પ્રકારે એક્શન લીધા હતા.

મહત્વની વાત એ છે કે જે સ્થળેથી ભૂપેન્દ્ર પટેલનો કાફલો પસાર થઈ રહ્યો હતો, ત્યાં આગળ હાજર એક પોલીસકર્મીએ અચાનક જ એક્શન પણ લીધી અને તે અજાણી સફેદ કારને સાઈડમાં કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે અજાણ્યા કાર ચાલક દ્વારા ખૂબ જ બેદરકારી ભર્યુ વર્તન કરવામાં આવ્યુ તેવુ સ્પષ્ટપણે વીડિયોમાં જોવા મળી રહ્યુ છે.

મહત્વની વાત છે કે આગામી દિવસોમાં જ્યારે પ્રજાસત્તાક પર્વ આવી રહ્યો છે એક તરફ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પણ એક આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે તેનું આયોજન કરવામાં આવ્યું છે. મહાકુંભ પણ દેશમાં યોજાઈ રહ્યો છે એટલે કે દેશમાં ઘણા બધા મોટા મોટા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તે પહેલાં ગુજરાત જેવા રાજ્યના મુખ્યમંત્રી પસાર થતા હોય અને તેમના કોનવેમાં આ પ્રકારે અજાણી કાર ઘુસી જવી તે ખૂબ જ ચિંતાજનક બાબત કહેવાય. એટલે કે ચોક્કસથી કહી શકાય કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જે કોનવે છે તેમાં સુરક્ષા સામે ચૂક સામે આવી છે.

હવે જોવાનું એ રહેશે કે જે અજાણી કાર ભૂપેન્દ્ર પટેલના કાફલામાં પ્રવેશી હતી, તેના સામે જે કોઈ કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ. સાથે જ કયા પ્રકારના એક્શન લેવામાં આવશે તે પણ એક ગંભીર પ્રશ્ન છે. પરંતુ આ પ્રકારે જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પસાર થતા હોય ત્યારે અજાણી કાર તેમના કોનવેમાં પ્રવેશ લે છે તે ખૂબ જ ચિંતાજનક બાબત ગણી શકાય.

### રોજગારીની નવી તકો સર્જાશે

# ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા ૫૮ માર્ગો અપગ્રેડ કરાશે

અમદાવાદ,તા.૨૧

રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિને ગતિશીલ બનાવીને વધુને વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણાના અભિગમ સાથે રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા રાજ્ય અને પંચાયત હસ્તકના કુલ ૫૮ હયાત માર્ગોના અપગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્ધનિંગના કામો માટે ?૨૨૬૮.૯૩ કરોડ મંજૂર કર્યા છે.

આ મહત્વપૂર્ણ નિર્ણયને પગલે ટુરીઝમ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે અને ‘વોકલ ફોર લોકલ’ ધ્યેય અંતર્ગત સ્થાનિક હસ્તકલા કારીગરીના અને ગૃહ ઉત્પાદનોના વેચાણમાં વૃદ્ધિ થવાથી જે તે વિસ્તારના લોકોનું જીવન ધોરણ સુધરશે.

રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓની સર્કિટના વિકાસ દ્વારા આવા પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી અને સુલભતા વધારવાનો અભિગમ પણ રાખ્યો છે. ૫૮ માર્ગોની સુધારણાથી આ અભિગમને વેગ મળવા સાથે પ્રવાસીઓને સારો અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્ક મળશે. જેના લીધે મુસાફરોની સમય અને ખર્ચ ઘટશે. આ સાથે સાથે કનેક્ટિવિટી વધવાથી પ્રવાસન સ્થળોની આસપાસના વિસ્તારના લોકો માટે નવી રોજગારની તકોનું સર્જન થશે અને આર્થિક વિકાસ થશે.

રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોત્તર સંગીન બનાવીને નાગરિકો તથા ઉદ્યોગ-વ્યાપારને ‘ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન’ આપવાના ધ્યેય સાથે રાજ્યમાં ફોરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રક્ચર્સ સાંકડા છે તેને પહોળા કરવાના ૧૧ કામો માટે ?૪૬૭.૫૦ કરોડ ફાળવવાની મંજૂરી આપી છે.

આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા ?૧૮૯.૯૦ કરોડ મંજૂર કર્યા છે.આ નિર્ણયને પરિણામે ક્વોરી મટિરિયલ્સનું પરિવહન સરળ બનશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સલામત માર્ગ સુવિધા મળતી થશે. એટલું જ નહીં, ભવિષ્યમાં ઔદ્યોગિક અને ખાણ ખનીજ ક્ષેત્રને લગતા ભારે વાહન વ્યવહારને સારી સુવિધા મળતાં લોજિસ્ટિક્સ યાતાયાત ઝડપી અને સરળ બનતા આ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસમાં મોટું બળ મળશે

# રાજકોટ નજીવી બાબતે ચાર હુમલાના બનાવમાં પાંચ યુવકો ઘવાયા

## ગાંધીગ્રામ, તાલુકા, આજીડેમ પોલીસમાં હુમલાની ઘટનામાં ૧૦ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો

## તે કેમ મારા દીકરાને માર માર્યો કહી ત્રંબામાં પાનના ધંધાર્થી સહીત બે યુવક પર પિતા-પુત્રોનો હુમલો

રાજકોટ તા.૨૧:

શહેરમાં તદ્દન નજીવી બાબતે હુમલાની ઘટનાઓ દરરોજ સામે આવતી હોય છે. ત્યારે હુમલાની વધુ ચાર ઘટનાઓ સામે આવી છે. જે ઘટનાઓમાં કુલ પાંચ લોકો ઈજાગ્રસ્ત થયાં છે જયારે અલગ અલગ પોલીસ મથકમાં ૧૦ શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધાયો છે.



પ્રથમ બનાવમાં ત્રંબા ગામે ત્રિવેણી ગેટ નજીક રહેતા વિપુલભાઈ નરસિંહભાઈ જેસાણી (ઉ.વ.૩૫) નામના વેપારીએ આજીડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું તથા મારો મિત્ર અજય મોરવાડિયા મારી દુકાનના દરવાજા પાસે ઉભા હતા. ત્યારવા અમારા ગામમાં રહેતા ભુપત ઉર્ફે હકો પરબતભાઈ બાવળીયા અને તેના બે દીકરા સતીષ અને બલદેવ આવેલ હતા. જે બાદ હકાએ મને બેફામ ગાળો આપી હતી અને ગાળો આપવાની ના પાડતા હકાએ લાકડા મણા ધોકા વડે હુમલો કરી શરીરે અનેક ઘા માર્યા હતા. તેના બંને પુત્રોએ બેફામ ગાળો આપી ઢીંકાપાટુનો માર માર્યો હતો. જે બાદ બંનેને સારવાર અર્થે ખસેડવમાં આવ્યા હતા. જે બાદ હકા અને તેના બે પુત્રો વિરુદ્ધ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

બીજા બનાવમાં શહેરના ભગવતીપરા ૩/૧૩માં રહેતા વિજયભાઈ જયંતીભાઈ ગોહિલ(ઉ.વ.૩૫)ને તેના કાકાના દીકરા અમિત મનસુખભાઇ ગોહિલ(ઉ.વ.૩૦)એ છરી વડે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર કૌટુંબિક મામલે અગાઉ બોલાચાલી થયાં બાદ અમિત ગોહિલે વિજયભાઈ ગોહિલ પર છરી વડે હુમલો કરતા ગાલના ભાગે છરીનો ઘા વાગ્યો હતો. છરીનો ઘા ઝીંકી હુમલાખોર નાસી ગયો હતો ને બાદ પરિજનોએ ઈજાગ્રસ્તને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. મામલામાં સિવિલ ચોકીના સ્ટાફે ઘટનાની જાણ બી ડિવિઝન પોલીસને કરતા પોલીસે ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી છે.

# આરંભડાના યુવાનનો આર્થિક ભીંસના કારણે આપઘાત

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૧

દેવભૂમી દ્વારકા જીલ્લાના આરંભડા ગામના એક યુવાને આર્થીક ભીંસના કારણે આપઘાત કર્યાનુ નોંધાયુ છે. મરનાર સ્ક્રેપના ધંધા સાથે સંકળાયેલ હતો. મરનાર જીજ્ઞેશ કનુભાઈએ એસીડ પી લઈને આપઘાત કરતા તેની પત્ની સોનલબેને પોલીસને જાણ કરી હતી. મરનાર પોતાનો ધંધો ભાગીદારીમાં કરતો હતો અને ધંધામાં નુકશાની ગઈ હતી. ઉપરાંત તેનો ભાગીદાર ૪૪.૫૦ લાખ તેની પાસે માંગતો હતો. આ ઉપરાંત તેની દુકાન પણ ડીમોલેશનમાં પાડી નાખતા તેણે આપઘાત કરી લીધો છે.

# રાજકોટમાં પાંચ બાકીદારોની મિલ્કતને મનપાના તાળા

રાજકોટ, તા.૨૧:રાજકોટ મનપાના કમિશ્નરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત ૫ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૦-મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા તથા ૫-યુનિટની નોટીસ સામે રૂા.૨૮.૬૫ લાખની રીકવરી કરવામાં આવી હતી.

આ કામગીરી નાયબ સી.કે.નંદાણી, આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સ્પેકટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરી કામગીરી ચાલુ છે.

# રાજકોટમાં ધો.૧૨ ની છાત્રા પર નરાધમ વિધર્મી-સેફ ઈલ્યાસ મેમણનું અવારનવાર દુષ્કર્મ

## બ્લેક મેઈલિંગ કરી અલગ અલગ હોટલમાં લઈ જઈ તરૂણીનો દેહ ચૂંથ્યો,અંગત પળોના વિડીયો ઉતારી શેર કર્યા!

રાજકોટ.તા.૨૧:

રાજકોટ શહેરમાં નાની સગીરાઓ પર અત્યાચારના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધું એક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. કાલાવડ રોડ વિસ્તારમાં રહેતી અને ધો.૧૨માં અભ્યાસ કરતી છાત્રાને વિધર્મી શખ્સે પ્રેમજાળમાં ફસાવી અનેકવાર દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ સગીરા સાથે ખાનગી વિડીયો ઉતારી આરોપીએ સ્નેપચેટ, ઈન્સ્ટાગ્રામમાં શેર કરી વાયરલ કરવાની ધમકી આપી હતી. છાત્રા વિધર્મી શખ્સ સાથે ફોનમાં ચેટ કરતી હોવાથી પરિવારજનોને શંકા જતા છાત્રાનો ફોન તપાસતા ફાંડો ફુટયો હતો અને મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

બનાવ અંગે કાલાવડ રોડ પર રહેતાં અને મૂળ ઉત્તરપ્રદેશના વતની યુવાને નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ આદિત્ય વિંગમાં રહેતાં સેફ ઇલ્યાસ મેમણનું નામ આપતાં યુની. પોલીસે પોક્સો, દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેની પુત્રી ધો.૧૨માં અભ્યાસ કરે છે. તેમની પુત્રી કાલાવડ રોડ પ્રેમમંદીર પાછળ આવેલા કવાર્ટરમાં રહેતો અને સ્કુલવાન ચલાવતો સેફ ઈલીયાઝ નામના વિધર્મી શખ્સની વાનમાં સ્કુલે જતી હોવાથી મિત્રતા થઈ હતી.

ત્યારે પરિવારને શંકા ઉપજતા છાત્રાનો ફોન લઈ તપાસતા સમગ્ર ઘટનાનો ભાંડો ફુટયો હતો. જે અંગે છાત્રાને પરિવારજનોએ પુછતા તેણીએ સત્ય હકકીત પરિવારજનોને કહેતાં જણાવ્યું હતું કે, તેણીને આરોપી અનેક જગ્યાએ લઈ જઈ તેની સાથે બળજબરી કરી હતી અને ખાનગી પળોના વિડીયો ઉતારી તેમને સ્નેપચેટ અને ઇન્સ્ટાગ્રામમાં મોકલ્યા હતાં. ઉપરાંત તું જો મને અવારનવાર મળવા નહીં આવે તો વિડીયો વાયરલ કરી નાંખવાની ધમકી આપી હતી. દિકરીની વાત સાંભળી પરિવારની નીચેથી જમીન સરકી ગઈ હતી.બાદમાં પરિવારજનો ભોગ બનનાર પુત્રીને લઈને યુનિ.પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને બનાવ અંગેની પોલીસને વાતચીત કરતાં પીઆઈ એચ.એન. પટેલ અને ટીમે સગીરાના પરિવારજનોની ફરિયાદ પરથી વિધર્મી શખ્સ સામે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી શખ્સને સકંજામાં લીધો હતો.કાલાવડ રોડ પર રહેતી ૧૬ વર્ષની દિકરી પર વિધર્મી સેફ ઇલ્યાસ મેમણ નામના શખ્સે દુષ્કર્મની ઘટનામાં ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, ભોગ બનનાર તરૂણીને સ્કૂલમાં રવિવારે રજા હોવાથી આરોપી તેને ઘર બહાર બોલાવી અલગ અલગ હોટલમાં લઈ જતો અને લગ્ન કરવાની લાલચ આપી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતો હતો.દુષ્કર્મના બનાવમાં આરોપી સગીર દિકરીને શહેરની બે હોટલમાં લઈ જતો અને ત્યાં દેહ ચૂંથતો હોવાનું હોવાનું ખુલતાં ડીસીપી જગદીશ બાંગરવાએ બંને હોટલના રજીસ્ટર ચેક કરવાનો હુકમ કર્યો હતો. રજીસ્ટરમાં લીગલી ડોક્યુમેન્ટ લીધેલ નહીં હોય અને સગીરાને ક્યાં આધારે હોટલમાં પ્રવેશ આપ્યો તેનો ખુલાસો નહીં મળે તો હોટલ સંચાલકો સામે પણ કાર્યવાહી કરવામાં આવનાર છે.

રાજકોટમાં ધો.૧૨ની છાત્રા પર વિધર્મી શખ્સે અવાર-નવાર દુષ્કર્મ કરી વિડીયો વાયરલ કરવાની ધમકી આપ્યાના બનાવમાં યુનિ.પોલીસની ટીમે ગણતરીની કલાકોમાં આરોપીને ઝડપી લીધા બાદ જગદીશ બાંગરવાએ માહિતી આપી હતી.

# જોડીયા નજીક કેશિયા ગામ પાસે ટ્રેક્ટર અને કાર વચ્ચેના ગોઝારા અકસ્માતમાં બેના મૃત્યુ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૧:

જામનગર જિલ્લાના જોડિયા નજીક કેસિયા ગામ પાસે ગઈકાલે સાંજે કાર અને ટ્રેક્ટર વચ્ચે ગોજારો અકસ્માત સર્જાયો હતો, અને બે વ્યક્તિના અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા. ટ્રેક્ટર ના વ્હીલના પતરા પર બેઠેલા એક પરપ્રાંતિય શ્રમિક યુવાનનું પાણીની ટાંકી નીચે દબાઈ જવાથી ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું, અને તેનું માથું ધડથી અલગ થઈ ગયું હતું, જેથી બીહામણાં દ્રશ્યો સર્જાયા હતા. ઉપરાંત કાર ના ચાલક જામદુધઈ ગામના વતની અને કેશિયા ગામની હાઈસ્કૂલના સરકારી કર્મચારીનું હેમરેજ થઈ જતાં ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે મૂળ રાજસ્થાન નો વતની રાકેશ દેવારામ ખટાણા કે જે ફાઇબરનું રોડ પરનું કામ પૂરું કરીને પોતાના આર.જે. ૧૪ આર. સી. ૯૧૪૦ નંબરના ટ્રેક્ટરમાં પાણીની ટાંકી ફીટ કરીને મોરબી તરફ જઈ રહ્યો હતો. જેમાં પોતાની સાથે



મૂળ રાજસ્થાનના વતની એવા મનીષ રામાઅવતાર આદિવાસી (ઉંમર વર્ષ ૨૫) ને પોતાની સાથે બેસાડ્યો હતો. જે ટ્રેક્ટરના વ્હીલના પતરા ઉપર બેઠો હતો. જે ટ્રેક્ટર ગઈકાલે સાંજે જોડિયા તાલુકાના કેશીયા ગામ પાસે પહોંચતાં સામેથી એક ટ્રક આવતો હોવાના કારણે ઓચિંતી બ્રેક મારવાથી ટ્રેક્ટર ઉપરનો કાબુ ગુમાવી બેઠો હતો, અને ટ્રેક્ટર માર્ગ ઉપર પલટી મારી ગયું હતું. જે અકસ્માતમાં સૌ પ્રથમ પતરા પર બેઠેલો મનીષ આદિવાસી કે જે ટ્રેક્ટરની પાછળ ફીટ કરેલી પાણીની ટાંકી ની નીચે દબાયો હતો, અને તેનું બનાવના સ્થળે કરુણ મૃત્યુ નીપજ્યું હતું. તેનું માથું ટાંકી નીચે દબાયું હોવાથી માથું ધડથી અલગ થયું હતું. જેના કારણે બિહામણા દ્રશ્યો સર્જાયા હતા. આ ઉપરાંત ઉપરોક્ત સમયે પાછળ પોતાની જી.જે. ૧૦ સી.જી. ૨૯૩૨ નંબરની કાર લઈને કેશિયા ગામથી જામદુધઈ તરફ જઈ રહેલા રાજેશભાઈ ત્રિકુભાઈ ગાંભવા (ઉ.વ.૪૬) કે જેઓ કેશિયા ગામની હાઈસ્કૂલમાં પટાવાળા તરીકે સરકારી ફરજ બજાવે છે, જે ફરજ પૂરી કરીને પોતાના ઘર તરફ ફરી રહ્યા હતા. જે દરમિયાન અકસ્માતે ટ્રેક્ટર પલટી મારીને કાર સાથે ડ્રાઇવરની સાઈડમાં ટકરાઈ ગયું હતું અને રાજેશભાઈને પણ હેડ એન્જરી સહિતની ગંભીર ઈજા થતાં હેમરેજ થવાથી તેઓનું પણ ઘટના સ્થળે કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આમ આ અકસ્માતમાં એકીસાથે બે વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યા હતા.જોકે ટ્રેક્ટર ચાલકનો બચાવ થયો હતો, અને તેને માત્ર સામાન્ય ઇજા થઈ હતી. આ અકસ્માતના બનાવની જાણ થવાથી જોડિયાના પીએસઆઇ આર.એ. રાજપુત તેમજ સ્ટાફના એન. એમ. ભીમાણી વગેરે તાત્કાલિક અસરથી ઘટના સ્થળે દોડી ગયા હતા, અને બંને મૃતદેહો નો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માતના બનાવ અંગે સરકારી કર્મચારી રાજેશભાઈ ગાંભવા ના ભત્રીજા યોગેશભાઈ મનસુખભાઈ એ ટ્રેક્ટરચાલક સામે ફરિયાદ નોંધાવતાં જોડીયા પોલીસે ટ્રેક્ટરના ચાલક રાકેશ દેવારામ ખટાણા સામે ગુનો નોંધ્યો છે, અને ટ્રેક્ટર કબ્જે કર્યું છે. અકસ્માતના બનાવ બાદ માર્ગ પર લોકોના ટોળા એકત્ર થયા હતા, તેમજ થોડો સમય માટે ટ્રાફિક જામની પણ સમસ્યા સર્જાઇ હતી, પરંતુ પોલીસે સમયસર રસ્તો ખુલ્લો કરાવી વાહન વ્યવહારને પૂર્વવત બનાવી દીધો હતો. કેશિયા ગામની શાળાના સરકારી કર્મચારીના મૃત્યુને લઈને તેની બે માસુમ પુત્રીઓએ પિતાનું છત્ર ગુમાવ્યું છે, જેથી પરિવારમાં ભારે આપત્તિ આવી પડી